
ISSN 2454-7697
RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

(ઈ.સ.૧૯૨૯થી)

Prabuddh Jeevan

Vol No.: 8 • Issue:10 • Mumbai • January 2021 • Pages : 44 • Price 30/-
ગુજરાતી–અંગ્રેજી વર્ષ – ૮ (કુલ વર્ષ ૯૨) • અંક–૧૦ • જાન્યુઆરી ૨૦૨૧ • પાનાં – ૪૪ • કિંમત રૂા. ૩૦/–



# 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી


૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકાઃ ૧૯૨૯થી ૧૯૩૨
૨. પ્રબુદ્ધ જૈન : ૧૯૩૨ થી ૧૯૩૩ બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે
૩. તરૂણ જૈન: ૧૯૩૪ થી ૧૯૩૭
૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન ૧૯૩૯થી ૧૯૫૩
૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષક બન્યું 'પ્રબુદ્ધ જીવન': ૧૯૫૩થી.

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી અંગ્રેજીમાં.
- 'પ્રબુદ્ધ જીવન' પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકો પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે, તેમ માનવું નહીં.

વિશેષ નોંધ:

- પ્રબુદ્ધ જીવનમાં પ્રગટ થતાં સર્વ લખાણો, કોપીરાઈટથી સુરક્ષિત છે, પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ, તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનર્મુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે,
- પ્રબુદ્ધ જીવનમાં મોકલાવાતાં લેખો શક્ય હોય તો ઓપન પી.ડી.એફ બન્ને ફાઈલમાં તંત્રીના ઈમેલ એડ્રેસ : sejalshah702@gmail.com પર મોકલવા. જેઓ હસ્તલિખિત લેખ મોકલાવે છે તેમને વિનંતી કે તેઓ જવાબી પોસ્ટકાર્ડ પણ સાથે જોડે. જેથી નિયમિત પ્રત્યુત્તર આપવામાં સરળતા રહેશે. સમગ્ર પત્રવ્યવહાર ઘરના સરનામા પર જ કરવો.


## તંત્રી મહાશયો


| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |
| ડૉ. સેજલ એમ. શાહ | (એપ્રિલ ૨૦૧૬...) |


## રજિસ્ટર્ડ ઑફિસ


શ્રી મુંબઈ જૈન યુવક સંઘ (પ્રબુદ્ધ જીવન)
ફોન : ૨૩૮૨૦૨૯૬
મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
email : shrimjys@gmail.com


# સર્જનસૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૦૧. | જીવંત ચેતનાની વાત | સેજલ શાહ | ૩ |
| ૦૨. | ઈન્દ્રિયોમાં કેદ થઈ ગયું છે આપણું સુખ | કુમારપાળ દેસાઈ | ૫ |
| ૦૩. | 'કોઈ'દી આનંદની હેલી અપાર | નરેશ વેદ | ૧૦ |
| ૦૪. | ડૉ. સાગરમલ જૈનનું વિરાટ વ્યક્તિત્વ અને કૃતિત્વ | રેણુકા પોરવાલ | ૧૨ |
| ૦૫. | ગીતા જયંતીના અવસરે | પ્રવીણ દરજી | ૧૪ |
| ૦૬. | જૈન જીવનનિર્વાહ અને કર્મદાન અતિચાર | બકુલ ગાંધી | ૧૫ |
| ૦૭. | ધર્મ એ આંતરીક શુધ્ધ થઈ સત્યાચરણ | તત્ત્વચિંતક વિ. પટેલ | ૧૯ |
| ૦૮. | 'પુણ્ય પ્રકાશ' સ્તવન – ટીપામાં મહેરામણ | ગુલાબ દેઢિયા | ૨૨ |
| ૦૯. | બે અધ્યાત્મયોગીઓની ગુરુમૂર્તિઓની સહપ્રતિષ્ઠાના ઐતિહાસિક અવસરે | ભારતી દિપક મહેતા | ૨૪ |
| ૧૦. | જિનશાસનમાં નારીનું સ્થાન | મેહુલી કામદાર | ૨૫ |
| ૧૧. | ફરીએ તો વિસ્તરીએ: જ્યાં ખુશી જ મોટી મૂડી | જેલમ હાર્દિક | ૨૭ |
| ૧૨. | ગાંધી મનનયાત્રા: મહાત્મા ગાંધી, ઈસુ અને ખ્રિસ્તી ધર્મ | સોનલ પરીખ | ૨૯ |
| ૧૩. | Bhavna - Anitya Bhavna | Prachi Dhanvant Shah | ૩૧ |
| ૧૪. | Umasvati / Umaswami | Kamini Gogri | ૩૪ |
| ૧૫. | શ્રી ભક્તામરસ્તોત્ર આસ્વાદ | રતનબેન ખીમજી છાડવા | ૩૬ |
| ૧૬. | જ્ઞાન-સંવાદ – ૪ | પાર્વતીબેન નેણશી ખીરાણી | ૪૦ |
| ૧૭. | સર્જન સ્વાગત | સંધ્યા શાહ | ૪૧ |
| ૧૮. | અતીતની બારીએથી | બકુલ ગાંધી | ૪૩ |
| ૧૯. | જો આ મારો અંતિમ પત્ર હોય તો | અસ્મિતા યાજ્ઞિક | ૪૪ |



Design & Type setting : Divyesh Patel • Shreejiart_dtp@yahoo.co.in

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
દ્વારા પ્રકાશિત
# પ્રબુદ્ધ જીવન
(પ્રારંભ ઈ.સ. ૧૯૨૯થી) માનવીય જીવનનો સંવાદ
વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/- વિક્રમ સંવત ૨૦૭૭ • વીર સંવત ૨૫૪૭ • પોષ સુદ ૩
માનદ્ તંત્રી : ડૉ. સેજલ શાહ

તંત્રી સ્થાનેથી...

## જીવંત ચેતનાની વાત

ભારતીય સંસ્કૃતિ અધ્યાત્મપ્રધાન સંસ્કૃતિ રહી છે. ધર્મના સિદ્ધાંત વિશ્વશાંતિ માટે ઉપકારક છે. જૈન ધર્મ નિવૃત્તિપ્રધાન ધર્મ હોવા છતાં સંઘીય સાધનાનો ધર્મ છે. ધર્મના ચાર મુખ્ય સ્તંભ સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા કહેવાય છે, ભગવતી સૂત્રમાં મુનિના આચારનું વિવરણ છે. ઉપાસક દશાંગ સૂત્રમાં શ્રાવકના આચાર વિશે કહેવાયું છે. આગમકાલીન સાહિત્યથી જ શ્રાવિકાઓને મહત્વપૂર્ણ સ્થાન અપાયું છે. ઉપાસક દશાંગમાં કહેવાયું છે,

**भारिया धम्म् सहाइया**

સામાજિક કાર્યમાં સ્ત્રીને સહયોગિ બનાવીને રાખવાની વાત આવી છે. એવા અનેક ઉદાહરણ મળે છે કે શ્રાવિકાએ ધર્મમાર્ગ / સંસ્કૃતિમાર્ગ દર્શાવ્યો હોય. રાજિમતીનું ઉદાહરણ છે, જેને રથનેમિને સંયમનો માર્ગ દેખાડ્યો, તો બીજી તરફ બ્રાહ્મી અને સુંદરી છે જેને બાહુબલિને માર્ગ દર્શાવ્યો. ભગવતીસૂત્રમાં જયંતિ શ્રાવિકાની વાત આવે છે જે પ્રભુ મહાવીરને પ્રશ્ન પૂછે છે, આ પૂછાયેલા પ્રશ્ન તેના જ્ઞાન અને દર્શનનો પરિચય આપે છે.

**આ અંકના સૌજન્યદાતા**
**શ્રીમતિ મુકુલબેન બિપીનચંદ્ર ઝવેરી**

કર્ણાટકની રાણી અબક્કા હસ્તપત્ર કરાવડાવે છે, મહારાજ શ્રેણિકને જૈન ધર્મના અનુયાયી બનાવવાનો શ્રેય મહારાણી ચેલનાને જાય છે. આવા કંઈ કેટલાયે ઉદાહરણ દ્વારા નારી પ્રદાનની વાત કરી શકાય. પરંતુ છતાં સમાજમાં આજે શ્રાવિકાના એ જ્ઞાનમાર્ગને અવગણવામાં આવે છે. બુદ્ધ અને મહાવીરના સમયકાળમાં નારીની સામાજિક ભૂમિકા વિસ્તારવાનો ઘણો જ પ્રયત્ન કરાયો હતો. ધમ્મપદની અષ્ટકથામાં એવી અનેક નારીઓનું વર્ણન આવે છે જે આહારદાન કરતી હોય છે. બુદ્ધે પાંચ વર્ષ બાદ નારીને દિક્ષિત કરી હતી. જ્યારે ભગવાન મહાવીર કૈવલ્ય પછી તરત જ ચંદનાને પણ દિક્ષિત કરે છે. અને તેને શ્રમણી સંઘની પ્રવર્તિની તરીકે સ્થાપિત કરે છે. સૂત્રકૃતાંગમાં નારીની નિંદાના પ્રસંગ મળે છે પરંતુ તે નિંદા લોકદૃષ્ટિથી કરવામાં આવી હતી. અત્યારે આપણે લોકદૃષ્ટિની ચર્ચા કરવી નથી. આજે આપણે વાત કરવી છે, ધર્મના નારી પ્રત્યેના અભિગમ અંગે. સમાજમાં આ અભિગમનું ખૂબ મહત્વ છે. કારણ ધર્મસત્તા લોકજીવનમાં મહત્ત્વનું કાર્ય કરે છે. ધર્મનો આશરો લોકો જીવનના અને સમાજના અનેક નિયમો બનાવવા માટે લેતા હોય છે. જૈન ધર્મે આરંભના એ કાળમાં આવા ભેદભાવ કર્યા હોય તેવા પ્રસંગો મળતા નથી. સામે પક્ષે એવા પ્રસંગો મળે છે જેમાં સ્ત્રીના સહકારના, સહકાર્યના ઉદાહરણ મળે છે. જો આપણે વિશ્વશાંતિની વાત કરતા હોઈએ ત્યારે સર્વ લિંગભેદથી મુક્ત થઈ સમાન અધિકારની વાત કરીએ તો એક પુખ્ત વિચારણાનું પ્રતિબિંબ જોવા મળે છે. લિંગનો સંબંધ, વિચારણાની ઊંચ-નીચતા સાથે નથી, કે લિંગને આધારે આત્માનો ઉત્કર્ષ સધાતો નથી, એ પ્રત્યેક મનુષ્યના કર્મને આધીન છે. આજે આ વાત સાથે મારે ખૂબ જાણીતી 'ચંપા' શ્રાવિકાની કથાની વાત કરવી છે.

• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૯૨૬, પારેખ માર્કેટ, ૩૯, જે.એસ.એસ.રોડ, કેનડી બ્રીજ, ઓપેરા હાઉસ, મુંબઈ - ૦૪ ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
• જુની ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. 0039201 000 20260, બૅન્ક ઑફ ઈન્ડિયા IFSC : BKID0000039
• Website : www. mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com web editor : Hitesh Mayani - 9820347990

'કથા' એ જૈન ધર્મની ઘણી પાયાની બાબત રહી છે 'કથા' દ્વારા ધર્મ પોતાના અનેક પાયાના તત્વોને ઉજાગર કરવાનું કાર્ય કર્યું છે. આગમમાં પણ કથાનું તત્વ સારા પ્રમાણમાં જોવા મળે છે. ધર્મ એક તરફ આચારની ભૂમિકા દર્શાવે છે તો બીજી તરફ ધર્મ મનુષ્યની મર્યાદાને દર્શાવી તેની સુપરશક્તિને અભિમાની થતી રોકે છે. આ જ ધર્મ સ્ત્રીને જ્યારે મહત્ત્વના અંગ તરીકે સ્થાપિત કરે છે ત્યારે તે સ્ત્રીના સમાજમાં સહભાગી કાર્યને સ્વીકારીને સન્માનિત કરે છે. એટલા માટે જ કદાચ અનેક સ્ત્રીપાત્રની વાત આગમ અને અન્ય કથાસાહિત્યમાં સમયાંતરે પ્રગટ થયા કરે છે.

'ચંપા' શ્રાવિકાની કથા, પર્યુષણ પર્વના અષ્ટાનિકા પ્રવચન અંતર્ગત પહેલા દિવસના વ્યાખ્યાન દરમ્યાન સાંભળવા મળે છે. પર્યુષણના પ્રથમ દિવસે જ્યારે શ્રાવકના પાંચ કર્તવ્યોની વાત આવે છે ત્યારે એમાં એક કર્તવ્ય છે, 'અમારિ પ્રવર્તત' અહિંસાભર્યા માર્ગનું સૂચન કરવામાં આવ્યું છે, જે અત્યંત આવશ્યક અને પાયાની બાબત છે. મોગલ સામ્રાજ્યનો સમય દર્શાવ્યો છે અને રાજા અકબરના ચરિત્રનું આલેખન કરવામાં આવ્યું છે. આ ચરિત્ર ચિત્રણ ખૂબજ ક્રોધી, અભિમાની કામાંધ વ્યક્તિ તરીકે આલેખિત કરાયું છે. જે વ્યક્તિ આટલી તીવ્ર રીતે ક્રૂર હોઈ શકે, તેના હૃદયનું પરિવર્તન કઈ રીતે, ક્યા સંજોગોમાં થઈ શકે અને તેમ કરવા માટે આ પરિસ્થિતિનું નિર્માણ થવું કેટલું અઘરું છે. આપણે જાણીએ છીએ કે અકબર રાજાના પૂર્વ જન્મના કર્મ ખૂબ બળવાન હતા પરંતુ આ જન્મના કર્મને કારણે તેમની હિંસાચારનો કોઈ છોઇછ નહોતો. તેવો રાજા પોતાના રાજ્યના કતલખાના બંધ કરાવી શકે છે, તે રાજા અહિંસા માટે માની જાય છે અને તેમ થવાનું જે નિમિત્ત બને છે, તે છે 'ચંપા' શ્રાવિકા. આ ચંપા શ્રાવિકાને છ મહિનાના ઉપવાસનું વ્રત હતું અને તે ખૂબ જ ઠાઠમાઠથી દર્શનાર્થે જતી હતી. ત્યારે અકબરની કુતુહલતા જાગે છે કે આ 'તપ' કઈ રીતે શક્ય છે? અને પરિણામે તે 'ચંપા'ની પરીક્ષા કરે છે. અહીં બે ઘટના મહત્વની છે, એક અકબરની પરીક્ષામાં ચંપા શ્રાવિકાનું ન ડરવું અને બીજી તરફ ચંપા શ્રાવિકા દ્વારા તપની કૃપાનું ફળ 'ગુરુના આશીર્વાદ' ગણાવવા ચંપા શ્રાવિકાની વાત સાંભળી પછી અકબર રાજા હીરસૂરિજી મહારાજ સાહેબને મળે છે અને પછી જે બદલાવ આવે છે તેનાથી આપણે પરિચિત છીએ.

અહીં આ કથાની પરિચિતતાને ફરી પુનરાવર્તીત ન કરતાં આપણે કેટલાંક મહત્વના મુદ્દા જોઈએ તો ચંપા શ્રાવિકા એક નિમિત્ત બની, બદલાવનું, અહિંસાનું, અમારિ પ્રર્વતનનું. બીજું તે 'તપ' કરી શકે તેવી દૃઢ મનોબળ ધરાવનારી સ્ત્રીનું પ્રતીક બની. આજે મનોબળ કે દૃઢતાની વાત આવે ત્યારે સ્ત્રીની તુલનાએ પુરુષ નબળા પડે છે. અને 'તપ' સામાન્ય રીતે મહિલા વર્ગ કરી શકે છે કારણ એક તરફ દૃઢતા અને બીજી તરફ શ્રધ્ધા એમનામાં ભરપૂર હોય છે. ત્રીજું પોતાની ઈન્દ્રિયો પરનો કાબૂ પણ સ્ત્રીમાં વધુ જોવા મળે છે. તે ઈન્દ્રિયો સામે પરવશ નથી થતી, પણ તેના પર કાબૂ મેળવી વિજયી બનતી હોય છે. ચોથું ગુરુભક્તિ અને ગુરુમહિમાનો પ્રભાવ પોતાના કરેલા કાર્યના કર્તુત્વને ગાવા-વગાડવાને બદલે, ગુરુના પ્રભાવનો મહિમા કરવો. ગુરુના આશીર્વાદ પર શ્રધ્ધા રાખી, આટલા તીવ્ર તપને કરવાની તાકાત એનામાં જ હોઈ શકે જેનામાં શ્રધ્ધા ભારોભાર હોય. જેને ગુરુવચનમાં શ્રધ્ધા ન હોય તે ગુરુની પરંપરાનું વહન ન કરી શકે. સ્ત્રી એ સંસ્કૃતિ અને સંસ્કારની વાહક છે અને અહીં 'ચંપા' શ્રાવિકાનું તપ એ જૈન ધર્મનો મહિમા તો કહે છે પણ ગુરુમહિમા પણ કરે છે, તે તીર્થંકર પ્રભુને યાદ કરતાં પૂર્વે, જે ગુરુએ તીર્થંકરનો પરિચય કરાવ્યો તેવા ગુરુને યાદ કરે છે. એ નારીનો શ્રાવિકાનો ભાવ કેવો ઉમદા હશે કે પોતાના ગુરુની ભક્તિ ગુરુની કૃપાનો મહિમા કહે છે. પોતાના 'હું' પણાનો ભાવ ઓગળી નાખવો એ એથી પણ મહત્વનું કે એનું શ્રેય પોતાના ગુરુને આપવું. જૈન મૂલ્યના સ્થાપન માટેની કેવી ઉત્કૃષ્ટ કથા આ કહી શકાય. 'ચંપા' શ્રાવિકા એ કથા નથી, મૂલ્યોનું, વિચારોનું પ્રતીક છે, સંસ્કૃતિના પ્રતિબિંબનું અનોખું પુષ્પ છે, જેને સમયનો કાટ નથી લાગતો. ઘણીવાર આપણે કથારસમાં વિહરી, ખેંચાઈને, મૂળને, તેના હાર્દને ભૂલી જતાં હોઈએ છીએ, ડૉ. બિપીન દોશીએ 'જૈન શ્રાવિકા' પર હાલ એક વિશેષ વેબીનારનું આયોજન કરીને આ વિષયને માત્ર યાદ નથી કર્યો પણ ઈતિહાસના એ પૃષ્ઠો પર જે રજ પડી હતી, તેને ઉડાડી, ફરી એકવાર સમાજને સ્ત્રીન પ્રદાન વિશે વાત કરવા, વિચારવા પ્રેર્યો છે. 'ચંપા' શ્રાવિકાનું આજનું સંપાદકીય પણ એ જ સંદર્ભમાં છે.

છેલ્લે એ કહેવાનું રહે કે 'આત્મ' અને તેનાં કર્મો અત્યંત મહત્વના છે. 'લિંગ' ઔપચારિક ઘટના છે. ઉત્તમ કર્મોનું ફળ ઉત્તમ જ હોય પણ એ મળતાં કદાચ વાર લાગે પણ આજે આપણે એવા સમાજની રહીએ છીએ કે જ્યાં સમાજને લિંગ આધારીત કરી છે.

આજે સમાજને સમાનતા, પરસ્પર સદ્‌ભાવ અને અહિંસક બનાવવો હશે તો પ્રત્યેક વ્યક્તિને, પ્રત્યેક આત્માને સ્વીકારવો પડશે. સમાનતા અને સદ્‌ભાવ સાથે. ભેદભાવ એ સમાજની નબળી બાજુ છે, તેનાથી દૂર થવું પડશે. આપણા માટે તો ગૌરવપ્રદ ઘટના એ છે કે આપણા પૂર્વકાલીન સમયમાં આપણી પાસે સમાનતા હતી જ, જેને આપણે અસમાન કરી મૂકી, હવે ફરી એ જ સમાનતાની ભૂમિકાએ જવાની વાત. સમાજ જ્યારે જાતિ, લિંગથી મુક્ત થશે અને માત્ર 'અલખની, 'પરમ'ની વિભાવના સમજશે ત્યારે, સત્યની, પ્રકાશની વિભાવના સમજશે, ઉત્કર્ષ અને વિકાસની વિભાવના સમજશે, પારદર્શી વ્યવહારનો અર્થ સમજશે, તત્ત્વનું હાર્દ સુધી પહોંચવું મહત્વનું છે. અને એને મેળવવા, પામવા માટે વ્યક્તિની ક્ષમતા મહત્વની છે.

આજે જ્યારે આ શ્રાવિકાની વાત કરું છું, ત્યારે એક ઈતિહાસને માત્ર યાદ નથી રાખવાનો એક કથાને પણ માત્ર યાદ નથી રાખવાની, યાદ રાખવાના છે એ તત્ત્વો, એ તત્ત્વોને ઉજાગર કરનાર નિમિત્ત, એ વાતાવરણ, એમાં પડઘાતા એ ચારિત્રિક અવાજ, એમાંથી ઉપજતાં તત્ત્વો અને મૂલ્ય. જ્યારે એમ થશે ત્યારે ધૂળ નહીં તેજ પ્રાપ્ત થશે અલૌકિક.

❖ ❖ ❖ ❖

– ડૉ. સેજલ શાહ
સંપર્ક : +91 9821533702
sejalshah702@gmail.com
(સંપર્ક સમય બપોરે ૨.૦૦ થી રાતના ૭.૦૦ સુધી)

# ઈન્દ્રિયોમાં કેદ થઈ ગયું છે આપણું સુખ

પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ

શ્રીમદ ભગવદ્ગીતાનો કોઈ શ્લોક હોય, ખ્રિસ્તી ધર્મગ્રંથ 'બાઈબલ'નું કોઈ વાક્ય હોય, પારસીઓના 'જેમ્બ અવેસ્તા' ગ્રંથનું કોઈ પદ્ય હોય, તાઓ ધર્મના લાઓત્સેની કોઈ સૂક્તિ હોય, બૌદ્ધ ધર્મના 'પિટક'નો કોઈ વિચાર હોય, કૉન્ફ્યૂશિયસ ધર્મના કન્ફ્યૂશિયસે કહેલા સિદ્ધાંતો હોય - એ સઘળું અભ્યાસીઓને ઉપલબ્ધ થતું હોય છે. એવી જ રીતે પરમપાવન આગમગ્રંથોમાં ભગવાન મહાવીરની વાણી સચવાયેલી હોય છે. એ પ્રભુની વાણીનો, જિનવાણીનો ઘણો મહિમા કરવામાં આવે છે. માલકૌંસ રાગથી વિભૂષિત એવી એ વાણી શાશ્વત અને સર્વવ્યાપી હતી, એમ પણ કહીએ છીએ, પરંતુ જો કોઈ સવાલ કરે કે પ્રભુની વાણીનું અમને પાન કરાવો. જિનવાણીનો આટલો બધો મહિમા સાંભળ્યો, પરંતુ અમારી સમક્ષ એ જિનવાણીના મર્મોને ઉદ્ઘાટિત કરીને આપો ત્યારે સાધુ-મહાત્માઓ પાસેનું એ જ્ઞાન પ્રજાએ પામવાની જરૂર છે અને એ જિનવાણીને મન, ચિત્ત અને આત્મામાં સ્થિર કરવાની જરૂર છે.

જિનવાણીનો આપણે મહિમા કર્યો, પણ કેટલી જિનવાણી આપણા કંઠમાં છે? કઈ જિનવાણીનું આપણા જીવનમાં રૂપાંતર સાધ્યું છે? આવા પ્રશ્નોનો ઉત્તર મેળવવો ઘણો મુશ્કેલ બની જાય છે. એ હકીકત છે કે જેટલો જિનવાણીનો મહિમા થાય છે એટલો માનવ પર પ્રભાવ જોવા મળતો નથી. આજે માણસજાત જેની પાછળ ઘેલી બની છે, એવા સુખ વિશે જિનવાણીના મર્મને પામવા ચિંતન કરીએ.

આજે સર્વત્ર માનવી, પ્રાપ્તિ માટે દોટ લગાવી રહ્યો છે. કોઈ ધનપ્રાપ્તિ માટે દોડે છે તો કોઈ સત્તાપ્રાપ્તિ માટે વલખાં મારે છે. કોઈ એના જીવનની ક્ષણેક્ષણ યૌવનની પ્રાપ્તિ માટે ગાળે છે, તો કોઈ કીર્તિ કે પ્રસિધ્ધિ રળવા માટે આંધળી સ્પર્ધા ખેલે છે. આજે જગત આખું સુખની પાછળ એવું તો ઘેલું બન્યું છે કે જાણે જીવનમાં આ બાહ્યસુખ એ જીવનનું સર્વોચ્ચ શિખર હોય અને એને પામવા માટે માણસે પરિગ્રહની આંધળી દોડ લગાવી હોય.

એના જીવનમાં જોશ કહો તો જોશ, ઝનૂન કહો તો ઝનૂન અને ઘેલછા કહો તો ઘેલછા - માત્ર એક જ બાબતની છે અને તે પોતે જે ભૌતિકતામાં સુખ માન્યું છે એની પ્રાપ્તિ માટેનો અહર્નિશ પ્રયાસ. આવે સમયે તીર્થંકર પરમાત્મા ભગવાન મહાવીરસ્વામીની એ વાણીનું સ્મરણ કરીએ, જે 'ભક્તપરિજ્ઞા' ગ્રંથની ચોથી ગાથામાં મળે છે.

એ શ્લોક કહે છે,

**'नरविबुहेसरसुक्खं, दुक्खं परमत्थओ तयं बिंति।**
**परिणामदारुणसमासयं च जं ता अलं तेण ।।४।।**

'નરેન્દ્ર કે દેવેન્દ્ર આદિનું સુખ પણ ખરી રીતે વિચારીએ તો દુઃખ જ છે. એ ક્ષણિક છે અને એનું પરિણામ ઘણું દારુણ હોય છે, આથી એનાથી દૂર રહેવું ઉચિત છે.'

આ ગાથામાં સુખની વાત કરતાં એને માટે પ્રયોજાયેલા 'અશાશ્વતમ્' (ક્ષણભંગુર) અને 'પરિણામદારુણમ્' (એટલે કે જેનું પરિણામ દારુણ હોય છે) એ બે શબ્દો ચિત્તમાં બરાબર ધારણ કરીએ. આમાં પહેલી વાત છે નરેન્દ્ર અને દેવેન્દ્ર આદિના સુખની અને અહીં ભગવાન મહાવીરે એક મહાન મર્મ ઉદ્ઘાટીત કર્યો છે અને તે મર્મ એ છે કે નરેન્દ્ર હોય કે સુરેન્દ્ર હોય અર્થાત્ ચક્રવર્તી હોય કે મહારાજ ઈન્દ્ર હોય, પરંતુ એમના સુખનું મૂળ શું છે ? આ સુખની ગંગાની ગંગોત્રી ક્યાં ? વ્યવહારમાં જે મેળવવા માટે આટલો બધો વલોપાત થાય છે એના પાયામાં કઈ વાત છે? સુખની ભવ્ય ઈમારત જોઈએ છીએ, પણ એ ઈમારત કોના પર આધારિત છે? ત્યારે આ વાણી એ મર્મ ઉદ્ઘાટિત કરે છે કે તમે જે કોઈ સુખની વાત કરો છો તે સુખનું મૂળ તો ઈન્દ્રિયોનો આનંદ છે. આ ઈન્દ્રિયજન્ય સુખ છે. સ્વાદિષ્ટ ભોજન મળે અને મન બાગબાગ થઈ જાય. કોઈ કામાતુરને કોઈ વાસનાપ્રેરક દૃશ્ય જોવા મળે અને એની આંખો નાચી ઊઠે, ગમતી વાત કે કૂથલી સાંભળવા મળે અને કાન અપાર કર્ણ-સુખ અનુભવે. ગમતો સ્પર્શ મળે અને એ સમયે પરમ ધન્યતાનો ભાવ અનુભવાય. ધનવૈભવ પ્રાપ્ત થતાં મનમાં મોજ ઊભી થઈ જાય. આમ સુખનો સીધો સંબંધ ઈન્દ્રિય સાથે છે. આ ઈન્દ્રિયો જ માનવીને માટે સુખનો સંદેશ લઈને આવતી હોય છે.

જો સ્પર્શેન્દ્રિય ન હોય તો કામક્રીડાના આનંદો રહે નહીં. જો ચક્ષેન્દ્રિય ન હોય તો ગમતાં દૃશ્યો જોવા માટે અહીં-તહીં ઘૂમતી આંખ જોવા ન મળે. આમ આપણા સુખનો આધાર

ઈન્દ્રિય પર છે અને આ ઈન્દ્રિયો આપણી ઈચ્છા, લાલસા, તૃષ્ણા, એષણા, ઝંખના અને લિપ્સાને કારણે કાર્યરત થાય છે. એને કામવાસના તૃપ્ત કરવી છે, એને ધનવૈભવ મેળવીને ધન-તૃષ્ણા સંતુષ્ટ કરવી છે. પુષ્કળ મિષ્ટાન આરોગીને સ્વાદની લાલસામાં આળોટવું ગમે છે. આમ ઈન્દ્રિયોએ માનવીના જીવનમાં એવો ઉલ્કાપાત જગાવ્યો છે કે માનવી એને સુખ માનીને એની પાછળ દોડે છે. આપણા સુખનું આપણી ઈન્દ્રિયો સાથે અતૂટ જોડાણ થયું છે. એમ કહી શકાય કે આપણા સુખને આપણી ઈન્દ્રિયોએ કેદ કરી રાખી છે.

હવે સવાલ એ છે કે જે કંઈ સુખનો અનુભવ થાય છે, તે બહારથી આવે છે ? સામાન્ય ભાષામાં કહીએ તો 'પર'માંથી સુખની પ્રાપ્તિ થતી હોય છે. બીજી બાબત એ છે કે આપણી ઈન્દ્રિયોનું મુખ બાહ્યજગત તરફ છે, એટલે કે આપણા પોતાના સુખનો આધાર બાહ્ય ઘટનાઓ, અન્ય વ્યક્તિઓ, ભૌતિક ચીજવસ્તુઓ અને જીવનમાં ચોપાસ બનતા પ્રસંગોની પ્રાપ્તિ ઉપર છે. એટલે કે જેને હું પોતાનું સુખ માનું છું, એ સુખ બાહ્ય અર્થાત અન્ય પર આધારિત છે, મારા પર આધારિત નથી.

એક બીજો પ્રશ્ન એ જાગે કે ઈન્દ્રિયો દ્વારા પ્રાપ્ત થયેલું સુખ સ્થાયી હોય છે ખરું? બપોરના ભોજનમાં મળેલાં મિષ્ટાનનો આનંદ કેટલો સમય ટકે છે? એ સમયે જીભને એનો સ્વાદ આવ્યો હતો, એ બપોરના સમયનો અનુભવ તમે સાંજે પુનઃ જાગ્રત કરી શકો છો ખરા? એનો અર્થ એ થયો કે એક વાર જે સુખનો અનુભવ થયો એ સુખ ચાલ્યું જતાં આપણે વિષાદમાં ડૂબી જઈએ છીએ.

પ્રિયા સાથેના મિલનનો આનંદ પૂર્ણ થયા પછી લાંબા કાળના વિરહમાં કેટલી બધી પીડાનો અનુભવ કરવો પડે છે, આથી કવિ નરસિંહરાવ દિવેટિયાએ કહ્યું કે –

'છે એ માનવી જીવનની ઘટમાળ એવી,
દુઃખ પ્રધાન, સુખ અલ્પ થકી ભરેલી.'

આનાથી બે સંકેત પ્રાપ્ત થાય છે. એક તો જે સુખ મળે છે તે મર્યાદિત, અમુક સમય પૂરતું અને અસ્થાયી હોય છે અને એનાથીય વિશેષ એ સુખ પછી આવતું દુઃખ વિશેષ પીડાકારી હોય છે. એક વાર સુખનો અનુભવ થયો પછી એ પ્રાપ્ત ન થાય એટલે સતત દુઃખમાં ડૂબેલા રહીએ છીએ. યુવાનીમાં જે શરીરબળની મસ્તી હોય છે અને દેહની તાકાત હોય છે, એ ચાલી ગયા પછી નિઃસાસા નાખતા ઘણાં વૃદ્ધો તમે જોયાં હશે. આથી તો 'સુખની સંતાકૂકડી' જેવા શબ્દો પ્રયોજાય છે, કારણ એટલું જ કે તમારું સુખ ઈન્દ્રિય આધારિત છે અને આથી એ સુખ ચાલ્યું જાય એટલે પછી માત્ર ને માત્ર દુઃખનો જ અનુભવ કરવાનો રહે.

પરિણામે ઈન્દ્રિયસુખ એક છલના છે, પ્રપંચ અથવા કહો કે તમને ભ્રમમાં ડુબાડી રાખતી માયાવી દુનિયા છે. વળી એ સુખની સ્થિતિ પણ બદલાતી હોય છે. યુવાનોની મોજમસ્તીમાં બુઢાપામાં 'પસ્તી' જેવી બની જાય છે. બીજી વાત એ કે આપણે અવસ્થા સાથે આપણા સુખનું જોડાણ સાધ્યું, એટલે બાળપણની નિર્દોષતા અને યૌવનનો તરવરાટ ચાલ્યો જતાં માણસ એ સુખને યાદ કરીને સતત દુઃખની પીડા અનભવતો હોય છે. આમ જે સુખ પર ઈન્દ્રિયોની મહોર લાગેલી છે, એ સુખ અલ્પજીવી હોય છે.

આથી ભગવાન મહાવીરે દર્શાવ્યું કે ઈન્દ્રિયોના સુખને લેવા જતો માનવી એ પોતાની તરસ છિપાવવા માટે મૃગજળ જોઈને દોડતા મૃગ જેવો છે. એને જળનું સુખ નહીં, પણ તરસની પીડા મળે છે.

જૈન ધર્મના સર્વપ્રથમ આગમ 'શ્રી આચારાંગ સૂત્ર'ના પાંચ શબ્દોમાં એક મહાન સંદેશ પ્રાપ્ત થાય છે. એ સંદેશ (૧ ૨/૪) કહે છે, **'जेण सिया, तेण णो सिया'** અર્થાત્ 'તું જે (ભોગો અથવા વસ્તુઓ)માંથી સુખની આશા રાખે છે, તે હકીકતમાં તો સુખ આપનારી નથી.'

હકીકતમાં જે ક્ષણિક છે અને નશ્વર છે, તે અંતે દુઃખમાં પરિણમતું હોય છે. એનો અનુભવ સ્થાયી નહીં, બલ્કે અસ્થાયી હોય છે. એ થોડા સમય માટે હોય છે અને એક વાર છોડીને જાય છે પછી એ સુખની પુનઃપ્રાપ્તિ માટે માનવ ફરી ઝાંઝવાનાં જળ પીવા દોડે છે. જો એ શાશ્વત હોત તો એક વાર પ્રાપ્ત થયેલું સુખ સદાકાળ ટક્યું હોત, પરંતુ આ અશાશ્વત હોવાથી થોડા સમયમાં ચાલ્યું જાય છે.

વળી જે સુખ પ્રાપ્ત થયું, પણ એની ભીતરમાં જોઈએ તો ખ્યાલ આવશે કે મિષ્ટાનથી હું સુખ પામું છું, એ મિષ્ટાન ખરેખર શું છે? એનાથી મારી જીભને મધુરો રસાસ્વાદ થયો હશે, પરંતુ ડાયાબિટીસના રોગથી ગ્રસ્ત શરીરને કોઈ નુકસાન તો નહીં થયું હોય ને? જે સમયે તમને પ્રાપ્ત થયેલા સુખ વિશે તમે ગંભીરતાથી વિચારવાનું શરૂ કરો છો કે તરત સુખની તમારી અનુભૂતિ ઘણી ઝાંખી થઈ જશે. મિષ્ટાન આરોગતી વખતે તમે વિચાર કરો કે એ કઈ રીતે બનાવવામાં આવ્યું હશે? એમાં કોઈ ભેળસેળવાળા પદાર્થો તો વાપર્યા

નહીં હોય? કે એને સ્વાદિષ્ટ બનાવવા માટે હાનિકારક મરી-મસાલા નાખ્યા નહીં હોય ને? વળી એનાથી ડાયાબિટીસ વધી નહીં જાય ને? અને જો ડાયાબિટીસ વધી જશે તો... તમે આવું વિચારશો કે તત્કાળ તમારો સુખાનુભવ ઘણો ઘટી જશે. જે ઈન્દ્રિય એને પામવા માટે આતુર હતી, એ ઈન્દ્રિયનો આનંદ ઘણો ઓછો થઈ જશે. વાસનાગ્રસ્ત માનવી કોઈને દેહસ્પર્શ કરે અને એ દેહસ્પર્શની સાથેસાથ જો એ એનામાં જાગેલી વાસના વિશે ઊંડાણથી વિચારે તો એની દેહસ્પર્શની તીવ્રતા ઘટી જશે. આવી કામવાસનાનાં અનિષ્ટો વિશે વિચારે, તો એ ચિંતાતુર બની જશે. આનો અર્થ જ એ કે ઈન્દ્રિયનું સુખ એટલું બધું ક્ષણિક હોય છે કે એને વિશે વ્યક્તિ ગંભીરતાથી વિચારે તો એ આપોઆપ ઓગળી જતું હોય છે. આ સુખને 'ભક્તિપરિજ્ઞા' ગ્રંથની ગાથામાં 'પરિણામદારુણમ્' કહેવામાં આવ્યું છે. એનું દારુણ પરિણામ આવે છે.

એનું કારણ એ કે જે સુખ ક્ષણિક છે, એને શાશ્વત માનીને સ્વીકાર્યું હતું અને એને પરિણામે આ ક્ષણિક સુખ એ દારુણ પરિણામ આપનારું હોવાથી આ ગાથામાં સ્પષ્ટ રૂપે કહ્યું છે કે એવા સુખથી 'અલં' એટલે કે દૂર જ રહેવું વધુ ઉચિત છે. આ સંદર્ભમાં 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર' (૧૪/ ૧૩)ની ક્ષણિક સુખની સ્થિતિને હૂબહૂ પ્રગટ કરનારી એક ગાથા જોઈએ.

**'खणमित्तसुक्खा बहुकालदुक्खा, पगामदुक्खा अणिगामसुक्खा।**
**संसारमोक्खस्स विपक्खभूया, खाणी अणत्थाण उ कामोभोगा।।'**

'કામભોગોનું સુખ ક્ષણભંગુર અને દુઃખ દીર્ઘકાળનું છે એમાં સુખ થોડુંક છે અને દુઃખ વધારે છે. કામભોગો સંસારની મુક્તિ મેળવવામાં બાધક છે અને અનર્થોની ખાણ જેવા છે.'

અહીં કામભોગોથી પ્રાપ્ત થતું સુખ તો માછલીને પકડવા માટે કોઈ કાંટાની આગળ લોટ લગાડે અને માછલી એ લોટ જોઈને ખાવા જાય અને એ કાંટામાં ફસાઈ જાય તેના જેવું કહ્યું છે. એક બીજી વાત એ છે કે કામભોગ ક્ષણમાત્ર માટે સુખ આપે છે અને પછી લાંબા સમય સુધી વ્યક્તિ એને કારણે પારાવાર દુઃખ અનુભવે છે. હવે જેમાં અલ્પસુખ અને પુષ્કળ દુઃખ હોય તેને કઈ રીતે સુખદાયી કહી શકાય?

પશ્ચિમના જગતમાં આ ક્ષણિક સુખોનો મહિમા છે. સુખ વિશેની એની સઘળી વિચારધારા ઈન્દ્રિય-આનંદમાં જ સીમિત અને માત્ર બાહ્યજગત સાથે જોડાયેલી છે, આથી ઈન્દ્રિયોનો આનંદ એ જ માનવજીવનનું સર્વોચ્ચ સુખ એવી એની વિચારધારા સામે ભગવાન મહાવીર કહે છે કે, આ કામભોગનું સુખ એ તો વીજળીના ચમકાર જેવું છે. થોડો સમય એનો આનંદ અને એની ચમત્કૃતિનો અહેસાસ થશે, પણ એ લાંબું નહીં ટકે. આવું સુખ એ સંસારવૃદ્ધિ કરનારું અને મોક્ષનું શત્રુ છે અને એથી જ એને સંસાર-મુક્તિનું વિરોધી અને અનર્થની ખાણ કહ્યું છે.

ઈન્દ્રિયો દ્વારા પ્રાપ્ત થતાં ક્ષણિક સુખને જાણ્યા પછી આ વચન સમજવામાં મુશ્કેલી નહીં આવે. વળી પશ્ચિમની સુખ વિશેની વિચારધારા જ્યાં સુધી પહોંચી શકી નથી, ત્યાં ભગવાન મહાવીર દૃષ્ટિ ઠેરવે છે. એ દૃષ્ટિ ઠેરવે છે ઈન્દ્રિયના માધ્યમ વિનાના આનંદ પર. એ દૃષ્ટિ ઠેરવે છે ઈન્દ્રિય વિના પ્રાપ્ત થતા સુખ પર. આપણાં સમસ્ત દુઃખોનું મૂળ વાસના છે અને આપણે માની બેઠા છીએ કે આપણાં સમસ્ત સુખોનો આધાર વાસના છે. હવે વિચારવાનું એ છે કે એક એવું પણ સુખ છે જે ઈન્દ્રિય વિના પ્રાપ્ત થાય છે અને આ ઈન્દ્રિય વિના પ્રાપ્ત થતા સુખને આપણે શાશ્વત સુખ કહી શકીએ.

આજ સુધી બહારની દુનિયામાંથી સુખની ખોજ કરતા હતા અને એ સુખ આપણી સાથે સદાય સંતાકૂકડી રમતું હતું. જે સુખ અધ્રુવ હતું એને જ ધ્રુવ સમજીને બેઠા હતા. એ ઈન્દ્રિસુખને પકડવા જતાં શાશ્વતસુખ આપણા હાથમાંથી છટકી જતું હતું.

સુખની બાબતમાં ભગવાન મહાવીર ક્ષણિક અને શાશ્વતનો ભેદ બતાવે છે અને કહે છે કે આ બંનેનો ભેદ નહીં સમજો, તો તમારા જીવનમાં ક્ષણિક શું છે અને શાશ્વત શું છે એ સમજી નહીં શકો. અરે! એથીય વિશેષ તો ક્ષણિક સુખને શાશ્વત માનીને તમે તમારું જીવન બરબાદ કરી નાખશો. જો સત્ય પ્રાપ્ત કરવું છે અને મોક્ષમાર્ગ તરફ ગતિ કરવી છે તો ક્ષણિક સુખોને સદાને માટે તિલાંજલિ આપીને શાશ્વતની પ્રાપ્તિ માટે પરમાર્થ કરવો જોઈએ. હા, એને માટે ક્ષણિક અને શાશ્વતનો ભેદ સમજવો પડે, કારણ કે જો આપણે ક્ષણિક સુખ છોડીને શાશ્વત સુખમાં નિમગ્ન થવા ઈચ્છતા હોઈશું, તો ક્ષણિક સુખની ઓળખ જરૂરી છે. એ ખ્યાલ આવવો જોઈએ કે આ ક્ષણિક સુખ એ સુખ નથી, પણ માત્ર સુખાભાસ છે અને અંતે દુઃખસર્જક છે. હવે ક્ષણિક સુખમાંથી શાશ્વત સુખ તરફ દૃષ્ટિ ફેરવીએ. આ શાશ્વત સુખ ન તો ઈન્દ્રિયોથી પ્રાપ્ત થાય છે કે ન તો

વાસનાથી લભ્ય બને છે. આ સુખ તો શાશ્વત આત્મામાંથી ઉત્પન્ન થાય છે અને એ પારમાર્થિક સુખ જ શાશ્વત સુખ છે.

ક્ષણિક સુખ તો કર્મબંધ કરીને તૂટી જતાં હોય છે, વિખરાઈ જતાં હોય છે. જ્યારે શાશ્વત સુખ એ ઈન્દ્રિયો દ્વારા મળતું નથી, પરંતુ એ આત્મામાં અનુભવાય છે. આત્માના આનંદરૂપે આપણે ઓળખી શકીએ છીએ અને એ રીતે આ જિનવાણી શાશ્વત સુખની શોધ માટે મુમુક્ષુને પોકારે છે.

અહીં 'અહો!' શબ્દથી ભગવાન મહાવીરસ્વામી કેવું આશ્ચર્ય પ્રગટ કરે છે. કઈ બાબત આશ્ચર્યકારક છે. તો એમને આશ્ચર્ય થાય છે. **कवडगंठी**થી. પ્રાકૃત ભાષાના આ શબ્દનો સંસ્કૃત શબ્દ છે '**कपटग्रंथि**.'અને તેનો અર્થ થાય છે માયાની ગાંઠ.

આ માયાની ગાંઠ કઈ? એ સમજણ હોવા છતાં કે એને જાણતો હોવા છતાં વ્યક્તિ જે અનિષ્ટ બાબતમાં ડૂબેલો રહે છે તે માયાની ગાંઠ. કઈ છે આ માયાની ગાંઠ અને શા માટે ભગવાન મહાવીરે એને અત્યંત મજબૂત એવી ગુપ્ત ગાંઠ કહી છે? તેઓ 'ઉપદેશમાલા' (૨૦૪)માં કહે છે,

**'जाणिज्जइ चिन्तिज्जइ जम्मजरामरणसंभवं दुक्खं।**
**न य विसएसु विरज्जई अहो सुबद्धो कवडगंठी।।'**

'જન્મ, જરા, મરણનાં દુઃખોને જાણવા છતાં, વિચારવા છતાં વિષયોથી વિરક્ત થવાતું નથી. અહો! માયાની આ ગાંઠ કેટલી બધી મજબૂત છે.'

જન્મ સમયની વેદના, વૃદ્ધાવસ્થા સમયનું 'ઉંબરા તો ડુંગરા થયા' જેવી લાચારી અને મૃત્યુનો આઘાત-આ ત્રણેય બાબત વ્યક્તિને માટે દુઃખદાયી હોય છે. માનવી પ્રાણથી પ્રયાણ સુધીની પોતાની દેહની સ્થિતિ જુએ તો તેને ખ્યાલ આવશે કે જે દેહનો જન્મ થયો, તે દેહની ગતિ કેવી છે? ઋષિઓએ કહ્યું છે, '**क्षरति इति शरीरम्**' જે ક્ષીણ થાય છે તેનું નામ શરીર. માનવી પોતાના જન્મ અને મૃત્યુનો વિચાર કરે, તો એને ખ્યાલ આવે કે એની જન્મ - મૃત્યુની સ્થિતિ અને તિથિ સાવ અનિશ્ચિત. વ્યક્તિ ક્યાં જન્મ પામે તે નિશ્ચિત હોતું નથી અને એ જ રીતે માનવી કેટલું આયુષ્ય ભોગવી, કયા કારણે, કયા સ્થળે અને કોની ઉપસ્થિતિમાં મૃત્યુ પામશે, એ ઘડી પણ નિર્ધારિત હોતી નથી. આ સઘળી અનિશ્ચિતતાઓ વ્યક્તિ જાણે છે. એનાં દુઃખોનો પણ એને ખ્યાલ છે. એને વિશે એણે ચિંતન પણ કર્યું છે અને છતાં એ વિષયોથી વિરક્ત થઈ શકતો નથી. આને પરિણામે એ સતત દુઃખ ભોગવતો રહે છે અને એથીય વિશેષ તો એને જન્મ-જરા-મરણનાં સઘળાં દુઃખોનો ખ્યાલ હોવા છતાં એ એનાથી સહેજે વિરક્ત થઈ શકતો નથી.

અહીં પહેલો વિચાર એ કરીએ કે શરીર એ સતત ખંડેર બનતું જતું હોવા છતાં આપણે એને આપણો આલીશાન મહેલ માનીને ભોગવીએ છીએ. મહાન પર્વતારોહક શેરપા તેનસિંગ વિશ્વના સૌથી ઊંચા શિખર એવરેસ્ટને આંબી ગયો હતો, પણ એ જ તેનસિંગને વૃદ્ધાવસ્થાએ દેહની એવી અશક્તિ આવી કે ઘરનો ઉંબરો ઓળંગવો, એ પણ એવરેસ્ટ વિજયથી મુશ્કેલ લાગતો હતો. એવી જ રીતે મૃત્યુને પાછું ઠેલવા માટે શહેનશાહ સિકંદરે અમરફળની શોધ કરવાનો પ્રયત્ન કર્યો, પરંતુ અંતે એને મૃત્યુને ભેટવું પડ્યું.

આમ પહેલી વાત એ છે કે આપણે શરીરની પલટાતી અવસ્થાઓને ઓળખવી જોઈએ. એનાં દુઃખોને પાર જવા માટે સાચી વિચારધારા કેળવવી જોઈએ. દરેક વ્યક્તિ જન્મ પામતી હોય છે અને જન્મતી વેળાની બંધ મુઠ્ઠીમાં પોતાનું મૃત્યુ લઈને આવતી હોય છે. કોઈ વૃદ્ધત્વનાં દુઃખોથી નાસવાનો પ્રયત્ન કરે કે મરણથી ભાગવાનો પ્રયત્ન કરે, પરંતુ બધાને એ જ રસ્તેથી પસાર થવું પડે છે.

અહીં બીજો વિચાર છે વિષયોથી વિરક્તિનો. આ સઘળાં દુઃખો જાણવા છતાં વ્યક્તિ વિષયોથી કેમ વિરક્ત થઈ શકતો નથી, એ આશ્ચર્યજનક બાબત છે.

ક્યારેક નિરાંતે વિચાર કરો કે તમે 'હિપ્નોટાઈઝ્ડ' તો થઈ ગયા નથી ને! સુખ વિશેની તમારી ઈચ્છા, કલ્પના, એષણા કે ઝંખનાઓએ તમારા મનને સમ્મોહિત તો કરી નાખ્યું નથી ને! શક્તિ, સત્તા, સંપત્તિ, સૌંદર્ય વગેરેમાંથી સુખપ્રાપ્તિ પામવાના ખ્યાલોએ જીવનની આપસપાસ કેવો અભેદ્ય કિલ્લો રચી દીધો છે! આ એક એવો કિલ્લો છે કે જેમાં કેદ થયેલી વ્યક્તિની નજર તેની બહાર પડતી નથી, અથવા બહાર પડવા દેવામાં આવતી નથી. વાસનામાં સુખ જોનાર નારીદેહને જુએ અને એના ચિત્તમાં વાસનાનો અગ્નિ પ્રજ્વલિત થઈ ઊઠે છે. એનો વિવેક એવો ઓલવાઈ ગયો હોય કે તે સ્ત્રી કુમારિકા છે, એ પોતાની પરિચિત સ્વજન છે કે એ પછી એ સ્ત્રી સિનેઅભિનેત્રી છે, અથવા તો સુંદર વસ્ત્રો પરિધાન કરીને રસ્તા પર ઘૂમતી નારી છે, એનોય એને ખ્યાલ રહેતો નથી. એની ચકળવકળ આંખોમાં માત્ર વાસનાનાં સાપોલિયાં જ રમતાં હોય છે. એ વાસના વિવેકનો દીવો એવો તો ઠારી દે છે કે આજે પરિવારજનોને હાથે

દુષ્કર્મોનો ભોગ બનતી પીડિતાઓના સમાચાર અખબારમાં વારંવાર પ્રગટ થતા રહે છે અને ત્રણ-ચાર વર્ષની કુમળી બાળાઓ પર થયેલા બળાત્કારની વાત સાંભળીને કમમાટી અનુભવીએ છીએ, પણ આ બધી માયાની ગાંઠમાં જકડાઈ ગયેલા માનવીની પ્રવૃત્તિ છે.

માયારૂપી કિલ્લામાં માણસ કેદ થઈ ગયો છે, તો એવી જ રીતે સત્તાની દોડ દોડતો માનવી રાવણ અને કંસનું રૂપ ધારણ કરે છે. વર્તમાન યુગમાં એ હિટલર કે ઈદી અમીન તરીકે ઓળખાય છે. સત્તાનું સંમોહન એટલું હોય છે કે એ નિર્દોષોની ક્રૂર હત્યા કરતાં પણ અચકાતો નથી અને અંધાધૂંધી સર્જવાથી અટકતો નથી. સંપત્તિની દોડમાં ડૂબેલો માનવી આખું જીવન નફા-તોટાના હિસાબમાં ગાળતો હોય છે, પણ આશ્ચર્યની વાત એ છે કે એને ખબર છે કે આ વિષયો અંતે દુઃખદાયી છે. એવાં દુઃખ અને આપત્તિ લાવનારા વિષયોથી સર્જાયેલાં પરિણામોને પણ એ જાણતો હોય છે. એને વિશે વિચારતો હોય છે. વળી એના મનમાં એવો વિચાર પણ ઊઠતો હોય છે કે મારે આવું દુઃખ પામવું નથી. આવા વિષયોથી ઘેરાઈ જવું નથી. એ પણ હકીકત છે કે કઈ વ્યક્તિ જીવનમાં દુઃખ પામવાની ઈચ્છા રાખે? કોને આવાં ઝાંઝવાનાં નીર પીવાં હોય? પરંતુ અજાયબી કહો તો અજાયબી અને વિલક્ષણતા કહો તો વિલક્ષણતા એ છે કે આ વૃત્તિ, વાસના કે વિષયો અંગે માનવીએ ગહન ચિંતન કર્યું હોય, ઊંડું મનન કર્યું હોય અને છતાં એ વિષયો પામવાની ઈચ્છા રાખે છે અને એ ઈચ્છા જ એના જીવનનો પાયો બની જાય છે.

દુઃખદાયી, ડગમગી જાય એવો પાયો ધરાવનાર વ્યક્તિની જીવન-ઈમારત કઈ રીતે દુઃખવિહોણી રહે? આ માયાની ગુપ્ત ગાંઠ તો એવી છે કે એ માનવીના મન પર એક પછી એક ગાંઠ લગાવતી જાય છે. આને માટે આગમગ્રંથ 'ઉપદેશમાલા'ની મહાવીરવાણીમાં '**सुबद्धो**' શબ્દ પ્રયોજાયો છે. એટલે કે ખૂબ મજબૂત. એનું એક બીજ એવું છે કે જે બાવળના અનેક કાંટા સર્જી દેતું હોય છે અને પછી એ આખું જગત પોતાની વાસનાને આધારે જુએ છે. આવી ગુપ્ત ગાંઠ માનવીના મનને સંમોહિત કરીને ઘેરી વળે છે.

આ વિષયો એક પ્રકારની ધારણાનું સુખ તમારા મનમાં સર્જે છે. એ વિષયોની ધારણાઓ મનમાં થતી રહે છે અને મનની એ લાલસા વધુ ને વધુ ઉદ્દિપ્ત બનતી રહે છે. કોઈ નારીનાં અંગો કે પુરુષના દેહને જોઈને સુખની ધારણા રચે છે. ધારણા એ સુખ આપતી નથી, પરંતુ સુખની લાલસા સતત જગાવે છે, આથી તમે જેમાં સુખની ધારણા રાખી છે, જેમાં સુખ હોવાનું કલ્પ્યું છે અથવા જેમાં સુખ હોવાનું માનો છો, તેને વિવેકપૂર્વક? વિચારવામાં આવે તો એ ધારણા કેટલી ખોટી છે તેનો અહેસાસ થશે. ધારણાઓની ગતિ, વર્તમાન જીવનની ક્ષણભંગુરતા અને જગતની જીર્ણતા એ ત્રણેયના ઉદાહરણરૂપ મળતી મુનિરાજ કપિલ કેવળીની કથા કેટલી બધી હૃદયસ્પર્શી છે!

કૌશાંબી નગરીના રાજ્યશાસ્ત્રી કાશ્યપનો પુત્ર કપિલ લાડકોડમાં ઊછરવાને લીધે કશું ભણ્યો નહીં. કાશ્યપને સ્થાને આવેલા રાજ્યશાસ્ત્રીજની પાલખી ઘરની નજીકથી પસાર થતી જોઈને કપિલની માતા શ્રીદેવીની આંખમાંથી આંસુ સરી પડ્યાં. માતાની આંખનાં આંસુએ કપિલને વિદ્યાભ્યાસ માટે પ્રેરિત કર્યો, કિંતુ શ્રાવસ્તી નગરીમાં વિદ્યાભ્યાસ માટે ગયેલો કપિલ શાલિભદ્રના ઘરની દાસીના મોહમાં ડૂબી ગયો. વિદ્યાભ્યાસ તો અભરાઈએ ચડી ગયો, કિંતુ સંસાર મંડાતાં આજીવિકાનો આકરો પ્રશ્ન ઊભો થયો. એમાંય દાસીને પ્રસૂતિકાળ સમીપ આવતાં ધનની ખૂબ જરૂર પડી.

આ નગરીનો રાજવી વહેલી સવારે એને ત્યાં સૌપ્રથમ આવીને આશીર્વાદ આપનારને બે માસા સુવર્ણ આપતો હતો. આ રીતે એક સવારે સહુથી વહેલા પહોંચવા મધરાતે કપિલ ઘેરથી નીકળ્યો, પણ રસ્તામાં કોટવાળે ચોર માનીને પકડી લીધા. બીજે દિવસે રાજસભામાં કપિલે પોતાની જીવનકથા વર્ણવતાં પ્રસન્ન થયેલા રાજાએ કહ્યું કે, ''તારે જે જોઈએ તે માગ. તને જરૂર આપીશ.''

ખોબો ભરીને માગવા જનારને સાગર આપવાની વાત થાય તો કેવું બને! આથી કપિલે બીજે દિવસે પૂર્ણ વિચાર કરીને પોતાની ઈચ્છા પ્રગટ કરવાનું રાખ્યું. અશોકવાટિકામાં એક શિલા પર બેસીને વિચારતા કપિલે બે માસા સોનામહોરમાંથી એકસો સોનામહોર માગવાનું વિચાર્યું. એમાંથી વળી કરોડ સોનામહોર માગવાના વિચાર જાગ્યા. આ સમયે અચાનક વૃક્ષ પરથી ખરતાં જીર્ણ પાંદડાંને જોઈને કપિલે વિચાર્યું કે સંસાર તો જીર્ણ અને વિનાશશીલ છે. મારે જરૂર તો બે માસા સુવર્ણની હતી, એમાંથી છેક કરોડ સોનામહોરો સુધી પહોંચી ગયો! કપિલ મુનિનો હળુકર્મી જીવ ઊંડો વિચાર કરવા લાગ્યો. જે રાજા એને કંઈક આપવા માગે છે તેનું રાજ પ્રલોભનવશ એ છીનવી લેવા માગે છે.

કૃતજ્ઞતાને બદલે કેવી કૃતઘ્નતા! મદદ માટે હાથ લાંબો કરનારનો હાથ કાપી નાખવાનો વિચાર કર્યો ગણાય. વળી વિચારે છે કે અડધા રાજ્યની પણ મારે શી જરૂર? હજારનો પણ મારે શો ઉપયોગ? મારે તો માત્ર બે જ માસાની જરૂર છે.

વળી, વિચારે છે કે આ રીતે બે માસા લઈને શું કરું? મારી પાસે જે છે એનાથી મારે સંતોષ માનવો જોઈએ. સંતોષ એ જ સાચું સુખ છે. લાલચ તો લપસણી છે. મન લાલચના દોર પર ચાલે છે. મનનો શ્વાસ અતૃપ્તિ છે. મનનો નિઃશ્વાસ અજંપો છે. યાચના કરનારના મોહને અક્કલ હોતી નથી. યાચનાનો કોઈ અંત કે છેડો હોતો નથી.

જીર્ણ પાંદડાંએ કપિલને વર્તમાન જીવન અને જગતની જીર્ણતા અને ક્ષણભંગુરતાનો સંકેત આપ્યો. આ સમયે ગહન વિચારમાં નિમગ્ન કપિલને જાતિસ્મરણજ્ઞાન ઉત્પન્ન થયું. મુનિવેષ ધારણ કરીને રાજાની પાસે ગયેલા કપિલ રાજાએ કેટકેલાંય પ્રલોભનો આપ્યાં, પણ તેઓ મેરુ પર્વતની જેમ અડગ રહ્યા. એક વાર મુનિ કપિલ શ્રાવસ્તી નગરીની પાસે આવેલી ચોરપલ્લીમાં વિહાર કરતા હતા, ત્યારે ચોરોના સરદાર બલભદ્રે એમને ગીત ગાવાનું કહ્યું. કપિલ મુનિએ 'શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર'ના આઠમા અધ્યાયની ગાથાઓને દ્રુપદ રાગમાં એવી હૃદયસ્પર્શિતાથી ગાઈ કે પાંચસો ચોરના હૃદયમાંથી મલિનતા ઓગળી ગઈ અને એમનામાં વૈરાગ્ય જાગ્યો. એમણે કપિલ કેવલી પાસે દીક્ષા ગ્રહણ કરી. આવા મુનિરાજ કપિલ કેવલીને નિર્વાણ પ્રાપ્ત થયું હતું. આવા મુનિ કપિલ કેવલીના હાથે કચ્છના સુપ્રસિદ્ધ ભદ્રેશ્વર તીર્થની આદ્યપ્રતિષ્ઠ થઈ હોવાની અનુશ્રુતિ પણ સાંપડે છે.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 079-26602675 / 09824019925

---

## અર્વાચીન ભક્તિ કાવ્યોનો આસ્વાદ – ૨

# 'કોઈ'દી આનંદની હેલી અપાર

**ડૉ. નરેશ વેદ**

કોઈ'દી આનંદની હેલી અપાર
કોઈ'દી આંસુડાંની ધાર
સુખ પછી દુઃખ, દુઃખ પછી સુખ
ગોઠવતો કિરતાર... બધું ગોઠવતો કિરતાર...કોઈ'દી આનંદની..
ઉપરવાળો અલખ ધણી, ધરમ કરમ તોલે
એ જ બારણાં બંધ કરે ને એ જ બારી કોઈ ખોલે
નોખો એનો વહેવાર ભાઈ! અજબ એનો કારોબાર રે
ગોઠવતો કિરતાર... બધું ગોઠવતો કિરતાર... કોઈ'દી આનંદની..
ફૂલડાં વાવી જળ સિંચો ભાઈ! તોયે ત્યાં કાંટા મળે
કપરી કેડી ધરમની લાગે ઉંચનો મારગ મળે
તાણાવાણા છે અપાર ભાઈ ! અજબ એનો કારોબાર રે
ગોઠવતો કિરતાર...બધું ગોઠવતો કિરતાર.. કોઈ'દી આનંદની..
શ્રદ્ધા હોડી લઈ હાલો ભાઈ! હેતનું હલેસું હાથે
હરિ નામ લઈ હાલે રાખો, કોઈ આવે ન આવે સાથે
ભેદ ન પામ્યો સંસાર ભાઈ ! અજબ એનો કારોબાર રે
ગોઠવતો કિરતાર... બધું ગોઠવતો કિરતાર... કોઈ'દી આનંદની...

**– સુખદેવ પંડ્યા**

આપણાં જીવનમાં આપણે સુખ અને દુઃખનો, જય અને પરાજયનો, આશા અને નિરાશાનો અનુભવ કરતા હોઈએ છીએ. ત્યારે ક્યારેક આપણા મનમાં પ્રશ્ન ઊઠે છે કે આ જગત, આ જીવન, આ સંસાર, આ માનવસૃષ્ટિ, એનાં સુખદુઃખ, એની ચડતી પડતી એવી બધી બાબતોનો કર્તા કોણ હશે? આટલી વિશાળ માનવજાતિ, એની જાતભાતની સમસ્યાઓ, એના સંબંધો-વ્યવહારોનો કારોબાર - આ બધું સાંભળનાર કોણ હશે? આ માનવજીવનની પાછળ એને દોરતું અને પ્રેરતું કોઈ હશે? એ કોણ હશે?

સુખદેવ પંડ્યાનું ભક્તિકાવ્ય એનો ઉત્તર આપે છે. આપણો અનુભવ છે કે, ક્યારેક આપણા જીવનમાં હર્ષ અને ઉલ્લાસના એવા અને એટલા પ્રસંગો આવે કે આપણને લાગે કે આપણું જીવન કેવળ આનંદપર્વ છે. જીવનમાં આનંદની જાણે કે વર્ષાની હેલી હોય એવી અપાર હેલી વરસતી લાગે છે; તો ક્યારેક જીવનમાં અણગમતા, આકરાં અને આઘાતજનક એવા પ્રસંગો આવે કે જીવન દોઝખ જેવું લાગવા માંડે. આધિ, વ્યાધિ અને ઉપાધિઓ, આપત્તિઓ અને વિપત્તિઓનું ગણિત એવું છે કે જ્યારે એ કોઈના જીવનમાં આવે ત્યારે એકલ-દોકલ ઘટનાના રૂપમાં ન આવે; એનું લાવલશ્કર લઈને આવે. ત્યારે હતાશા જીવનનો સ્થાયીભાવ બની જાય અને જીવન જાણે કે આંસુની ધાર જેવું બની જાય. જીવન દોરંગી છે. કોઈ માણસના જીવનમાં કેવળ સુખ કે કેવળ દુઃખ જ હોતાં નથી, સુખદુઃખના વારાફેરા આવ્યા કરે છે. સુખ પછી દુઃખ કે દુઃખ પછી સુખની આ ઘટમાળ બીજું કોઈ નહીં, પણ એ ગોઠવનારો કિરતાર છે. એ બધું એ જ ગોઠવે છે. જીવનની ઘટમાળ એની ઈચ્છા મુજબ જ ચાલે છે.

કોઈના મનમાં ક્યારેક પ્રશ્ન જાગે કે ઈશ્વર આ બધી વાતમાં શા માટે પડતો હશે? એને આ બધી ભાંજગડમાં પડવાની શી જરૂર? તો કવિનો ઉત્તર છે, મનુષ્યના સુત્કૃત્યો અને દુષ્કૃત્યોનાં લેખાંજોખાં લેનારો તે એ જ ને ? આપણી અંદર અને આજુબાજુ સર્વત્ર વસતાં એ સૌનાં ધરમકરમને તોળતો રહે છે. ધર્મે જય અને પાપે ક્ષયના નિયમ અનુસાર મનુષ્યને એનાં કર્મોનાં ફળ આપવા અર્થે ક્યારેક એ જ માણસના સૌભાગ્યનાં બારણા બંધ કરે અને વળી એ જ જ્યારે જરૂરી અને ઉચિત હોય ત્યારે આપત્તિવિપત્તિમાં ઘેરાયેલા મનુષ્યની નસીબની બારી ખોલી આપે. ભગવાનનો ડર રાખીને સીધે સેરડે ચાલતા પાપભીરુ સજ્જન પરેશાન થતા દેખાય અને દુરિતદુર્જન ફાલતાં હરખાતાં દેખાય ત્યારે આપણી સ્થૂળ બુદ્ધિથી આપણને એનો ખરો ખ્યાલ આવતો નથી. આપણને ઈશ્વર પણ એવા પ્રસંગે અંધ કે બધિર ભાસે છે, એનું વિધિવિધાન દેર-અંધેરવાળું લાગે છે. પણ આ બધું અલ્પ મતિને કારણે છે. ટૂંકી સમજબુદ્ધિવાળા મનુષ્યને એના નોખા વહેવાર અને અજબ કારોબારીની ગતાગમ શી પડે? એને તો ન્યાયધર્મની તુલા પર મનુષ્યજીવનને જોખવવાના હોય છે તેથી આપણને જેની ખબર સુદ્ધાં ન હોય, એવી મનુષ્યની નાની-મોટી બધી કર્મપ્રવૃત્તિને લક્ષ કરીને એ જે તે મનુષ્યજીવનનો ન્યાય તોળે. એનું કોઈ કદમ, એનું કોઈ કાર્ય નિષ્કારણ, નિષ્પ્રયોજન કે વણવિચાર્યું નથી હોતું. એ જે કાંઈ કરે છે તે સમજી વિચારીને ગોઠવીને ન્યાયપરસ્પર કરે છે. એની રીત પદ્ધતિ આપણાથી જુદી હોવાને કારણે આપણને એનો વહેવાર આપણા જેવો નહિ પણ અનોખો અને એનો કારોબાર અજાયબ લાગે છે.

એના આવા અજાયબ કારોબારનું એક ઉદાહરણ આ વાત સમજાવવા માટે હવે કવિ આપે છે. કાંટા તો વાવવા-ઉછેરવા કોને ગમે? મનુષ્યને તો સુંદર કોમળ પુષ્પો અને સ્વાદિષ્ટ ફળો આપતાં છોડ કે વૃક્ષો વાવવા અને ઉછેરવા ગમે. આપણે ધરુ કે છોડ વાવી એને ઉછેરવા પ્રેમપૂર્વક સીંચીએ છીએ, ત્યારે કેવળ ફૂલડાં જ ક્યાં મળે છે; સાથે કાંટા અને કસ્તર પણ મળે છે. એવું જ ધરમ-કરમનું છે. યથાયોગ્ય ધરમની કે કરમની કેડી આપણને કપરી કે આકરી લાગે છે. પણ તત્ત્વઃ એના વડે જ આપણા ઊર્ધ્વીકરણનો માર્ગ પ્રશસ્ત થાય છે. તારે તે તીર્થ અને ધારણ કરે તે ધર્મ આપણાં કર્મો અને ફરજોરૂપી લૌકિક ધર્મો આપણે યથાયોગ્ય રૂપે બજાવીએ તો ન્યાયધર્મ આપણને ધારણ કરે છે. ધરમ-કરમનો આ માર્ગ કઠિન જણાય છે, પણ એ જ તો આપણને પરમ સમીપે પહોંચાડે છે. આ સમસ્ત બ્રહ્માંડમાં કાર્ય અને કારણના, બીજ અને ફળના, દેશ અને કાળના, સત અને ઋતના તાણાવાણા એવા ગૂંથાયેલા છે કે આપણે એનો પાર પામી શકતા નથી. જન્મ અને મૃત્યુના, પુનર્જન્મ અને મોક્ષના, કર્મ અને પ્રારબ્ધના પીડા અને પ્રસન્નતાના

તાણાવાણા એવા સૂક્ષ્મ રીતે ગૂંથાયેલા હોય છે કે એની આપણને ગતાગમ પડતી નથી.

જીવન એનું વ્યાકરણ જો આવાં ગૂઢ અને ગુહ્ય, અકળ અને અજ્ઞેય હોય તો આપણે જીવવું કેવી રીતે? કોના સંગાથે અને ભરોસે આ ભવસાગર પાર કરવો એવો વિચાર મનમાં ઊઠે જ. તો કવિ તરત જ એની સમજ આપતાં જણાવે છે કે તમારા જીવનમાં કોઈ સાથે ભરોસો આપીને સાથે આવે કે ન આવે, શ્રદ્ધાની હોડી અને હેતનું હલેસું લઈ હરિનામ પર ભરોસો રાખી આપણે આપણી જીવનનૈયા ધપાવ્યે રાખવાની. સંબંધો તો સૂતરના તાંતણા કે કાચના વાસણ જેવા હોય છે. ક્યારે તૂટી કે ફૂટી જાય એનું કાંઈ કહી શકાય નહીં. જીવનની ખેપ તો આપણે એકલપંડે જ ખેડવાની હોય છે. આવી ખેપમાં હરિનો હાથ અને સાથ, જીવન પરત્વે સ્નેહ અને પરમ પરત્વે આસ્થાનું ભાથું લઈને આપણે જ ભવવૈતરણી પાર કરવાની હોય છે.

કિરતાર જ કર્તૃમ્, અન્યથા કર્તૃમ્ અને સર્વથા કર્તૃમ્ છે. એનો વહેવાર આપણાથી અનોખો અને એનો કારોબાર પણ આપણાથી પમાય કે મપાય કે કળાય એવો નથી. આપણાં પૂર્વભવનાં કર્મો અનુસાર એ આપણો ન્યાય તોળીને આ જગતમાં ચોક્કસ સ્થળે, ચોક્કસ સમયે, ચોક્કસ વંશકુળમાં આપણને જીવાત્મા તરીકે મોકલે. એ જ આપણાં કર્મો અને પાપપુણ્ય અનુસાર સુખદુઃખના, ચડતીપડતી, તડકી છાંયડીના વારાફેરા ગોઠવે.

એ જ આપણા પ્રારબ્ધ અનુસાર આપણાં ભાગ્ય-સૌભાગ્યનાં બારણાં બંધ કરે તો વળી એ જ ક્યારેક આપણાં વિકાસ-ઉન્નતિ-ઉત્થાનની બારી ખોલે. આપણા જીવનની સઘળી બાજી એ ગોઠવતો રહે. એ જ આપણા જીવનનું જાળું ગૂંચવે અને એ જ પાછો એ ઉકેલે. આ નશ્વર અને પરિવર્તનશીલ, પ્રપંચી અને મિથ્યા સંસારમાં જીવતો પામર મનુષ્ય એ શુદ્ધ, બુદ્ધ, નિત્ય અને કૂટસ્થ પરમાત્માની લીલાનો ભેદ શું જાણે?

ત્રણ કડીની આ નાનકડી ભક્તિરચનામાં કવિએ પામર મનુષ્ય અને પરમ કિરતારને લગોલગ મૂકીને અકળ મનુષ્યજીવનનો મૂળગામી મર્મ સમજાવવાનો પ્રયત્ન કર્યો છે.

કાવ્યની આકર્ષતા એના લયઢાળમાં તો છે જ, ઉપરાંત એની સંરચનામાં બે પરસ્પર વિરોધી વસ્તુની સહોપસ્થિતિમાં પણ છે. આનંદની હેલી અને આંસુડાંની ધાર, કોઈ બારણાં બંધ કરે અને કોઈ બારી ખોલે, ફૂલડાંનો ઉછેર કરતાં કાંટા પણ સાથે જ મળે, ધરમની કેડી કપરી પણ એનાથી જ ઉચ્ચનો મારગ મળે, સ્વજનસગાંમિત્રો સાથે રહેતા હોઈએ છતાં ભવસાગર ખેડવાનો અને પાર કરવાનો તો હોય છે એકલપંડે જ! નાનું પણ ગણગણવું અને મમળાવવું ગમે તેવું આ ભક્તિગીત આપણા સહિત્યજગત અને ઈતિહાસમાં જાણીતા નથી એવા સુખદેવ પંડ્યા નામક એક અજાણ્યા કવિએ રચ્યું છે એ વાત પણ લક્ષમાં રાખવા જેવી છે.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 9825100033

---

# ડૉ. સાગરમલ જૈનનું વિરાટ વ્યક્તિત્વ અને કૃતિત્વ

ડૉ. રેણુકા પોરવાલ

જૈન ધર્મના વિશ્વવિખ્યાત વિદ્વાન ડૉ. સાગરમલ જૈનનો ૨ ડિસેમ્બર, ૨૦૨૦ના રોજ સંથારામાં સાંજે ૬.૩૦ કલાકે પ્રતિક્રમણ કરતે સમયે દેહત્યાગ થયો. આ સાથે જ એક જ્ઞાનસૂર્ય અસ્ત થયો. જૈનધર્મના સિદ્ધાંતોને વિશ્વભરમાં પ્રચાર-પ્રસાર કરવામાં તેમનું મહત્તમ યોગદાન રહ્યું. તેમણે વૈદિક, બૌદ્ધ અને જૈન ધર્મના તુલનાત્મક અભ્યાસ દર્શાવતા ગ્રંથો ઉપરાંત આગમ સાહિત્ય અને તત્ત્વવિષયક અનેક ગ્રંથોનું સર્જન કર્યું. તેમનો કોઈપણ લેખ હોય તેમાં અનેકવિધ મૂળભુત પ્રમાણો તો હોય જ. વળી તેમાં સત્યશોધક દૃષ્ટિ વડે તેનું મૂલ્યાંકન કરી તેના પર એમના પહેલા ક્યા વિદ્વાનોએ ક્યારે ક્યું કાર્ય કરેલ છે એની નોંધ પણ જોવા મળે. એ લેખોમાં જો કોઈ શંકા કે નિષ્કર્ષ બાકી હોય તો તે પણ તેઓ ખુલ્લા દિલથી જણાવે અને એ પછી જ તે લેખને પ્રસિદ્ધ કરાવે. પૂર્વગ્રહ વિનાના તેમના બિનસંપ્રદાયિક ગ્રંથો અને લેખોને સર્વત્ર ખૂબ આવકાર મળતા. ડૉ. સાગરમલ જૈને તેમના સંપૂર્ણ જીવનમાં જૈન શાસનની અદ્‌ભૂત સેવા બજાવી. તેમણે હિંદી, અંગ્રેજી અને પ્રાકૃત ભાષામાં ૬૭ જેટલા ગ્રંથો રચ્યા. ૧૧૧ જેટલા ગ્રંથોનું સંપાદન કર્યું. ઉપરાંત ૩૦૦થી વધુ શોધનિબંધો, વિવિધ સેમિનાર અને સામયિકોમાં પ્રસ્તુત કર્યા. લગભગ ૨૦૦ જેટલા ગુરુજનો તેમની પાસે આગમ સાહિત્યનો અભ્યાસ કર્યો અને ૫૯ સાધુ-સાધ્વી, ભગવંતો અને વિદ્યાર્થીઓને પીએચ.ડી. કરાવ્યા. તેમણે શાજાપુરમાં ૧૯૯૭માં

પ્રાચ્ય વિદ્યાપીઠની સ્થાપના કરી. અહીં અધ્યયન અને અધ્યાપન બંને કાર્યો થતાં. સવારે ગુરુમહારાજો વર્ગ લે અને બપોરે સાગરમલજી સાહેબ અધ્યયન કરાવે. સાધુ-સાધ્વી માટે ગોચરી, પાણી અને રહેવાની અલાયદી સગવડ અને ધર્મશાસ્ત્રોથી સુસજ્જ વિશાળ ગ્રંથભંડાર હોવાથી અહીં તેઓ ચાતુર્માસ કરવાના પસંદ કરતા. અહીં સ્થાનકવાસી તથા તપાગચ્છ અને ખરતરગચ્છના ઘણાં સાધુ અને સાધ્વી ભગવંતોએ એમના જ્ઞાનનો લાભ લીધો. આમ સાગરમલજીએ સ્થાપેલ વિદ્યાપીઠ થકી બનારસ સુધી અધ્યયન કરવા નહીં જઈ શકતા ગુજરાત, મધ્યપ્રદેશ અને રાજસ્થાનના ગુરુમહારાજો અને અન્ય વિદ્યાર્થીઓ આ નવી બનેલ સંસ્થામાં અભ્યાસ કરતા. તેમને જૈન વિદ્યા શીખવા માટેની બધી સગવડ અહીં જ મળતી થઈ.

તેમનો જન્મ મધ્યપ્રદેશમાં શાજાપુર ગામે સ્થાનકવાસી ઓસવાલ જ્ઞાતિમાં તા. ૨૨-૦૨-૧૯૩૨ના રોજ થયો હતો. પિતાનું નામ રાજમલજી અને માતાનું નામ ગંગાબાઈ હતું. તેમના પિતાની માસી પાનબાઈએ ૭૫ વર્ષની ઉંમરે દીક્ષા લઈ જીવનનો અંતિમ તબક્કો શાજાપુર મુકામે ગાળ્યો હતો. તેમણે બાળક સાગરમલજીના જીવનમાં ધાર્મિક સંસ્કારોનાં બીજ રોપ્યાં હતાં. જ્ઞાનપિપાસુ બાળકે એ સંસ્કાર ઝીલી લઈ સત્ય, નીડરતા આદિ ગુણોની વધુ ખિલવણી કરી પોતાના વ્યક્તિત્વનો ખૂબ વિકાસ કર્યો. કિશોરવયે ઘર અને દુકાનની જવાબદારી વહન કરીને પણ અભ્યાસ કરતા. તેઓ શાજાપુરમાં વધુ અભ્યાસની સગવડ ન હોવાથી ઈંદોર, ભોપાલ વગેરે શહેરોમાં જઈ વિદ્યા પ્રાપ્ત કરી પીએચ.ડી.ની ડીગ્રી મેળવી. તેમનો વિષય હતો જૈન, બૌદ્ધ ઔર ગીતા કે આચાર દર્શનો કા તુલનાત્મક અધ્યયન. તેઓ પાર્શ્વનાથ શોધ સંસ્થાન બનારસમાં ઘણા વર્ષ ડાયરેક્ટર રહ્યા. સંસ્થાનું સામયિક 'શ્રમણ'નું સંપાદન, પ્રકાશન, પ્રૂફરીડીંગ વગેરે બધી જ જવાબદારી તેઓ સંભાળતા.

ડૉ. જૈનસાહેબે જૈન સમાજની ઘણી સેવા કરી, જેમાં એક અગત્યનું પીછું તે ચારે સંપ્રદાયોને માન્ય ગ્રંથ 'સમણસુત્તં'ની ગાથાઓના મૂળ સ્તોત્રો અર્થાત ગાથાનો સંખ્યાક્રમાંક તેના પુસ્તક અને પાઠનું નામ શોધવાનું કામ. આ કાર્યમાં તેમને લગભગ ચાર વર્ષ લાગ્યાં હતાં એમ તેઓ કહેતા.

તેમનું બીજું કાર્ય તે જૈનોના એક વિસ્મૃત સંપ્રદાયને પ્રકાશમાં લાવવાનું. તેમણે શિલાલેખના આધારે શોધ ચલાવીને 'જૈન ધર્મ કા યાપનીય સંપ્રદાય' નામનો ગ્રંથ તૈયાર કરાવ્યો. આ સંપ્રદાય લગભગ ચૌદમી સદીમાં દિગંબર આમ્નાયમાં ભળી ગયો. તેમની શોધ મુજબ આ સંપ્રદાયનો પ્રથમ લેખ કદંબ વંશનો રાજા મૃગેશવર્મનનો છે, જેનો સમય ઈ.સ. ૪૭૫-૪૯૦નો છે. અન્ય પણ ઘણા લેખો તેમણે ઉપરોક્ત ગ્રંથમાં આપ્યા છે. આ સંપ્રદાયનો અંતિમ અભિલખ ઈ.સ. ૧૩૯૪નો છે જે બેલગામ જિલ્લામાંથી મળી આવેલ છે. આ સંપ્રદાય સંઘની સાથે મૂળ શબ્દ વાપરતા, જેમકે પુન્નાગવૃક્ષ, મૂલગણ, શ્રીમૂલમૂલગણ વગેરે. ડૉ. જૈનનું આ સંશાધન જૈન ઈતિહાસની દૃષ્ટિએ મહત્ત્વનું ગણાય.

જૈનોની ઈ લાયબ્રેરી તેમના નિર્દેશનમાં પ્રારંભ થઈ. તેઓ પંડિત સુખલાલજી અને પં. દલસુખભાઈ માલવણિયાને પોતાના ગુરુ માનતા. તેમની પૌત્રી ડૉ. તૃપ્તિ જૈન, તેમના સંસ્કાર વારસાને દીપાવી સંસ્થાની ડાયરેક્ટર બની છે.

તેમને પ્રાપ્ત થયેલ એવૉર્ડો–

જૈનોના ચારે સંપ્રદાયોએ તેમને આપેલ સન્માનપત્રોની સંખ્યા ઘણી જ વિશાળ છે.

પ્રદીપકુમાર રામપુરિયા ઈ.સ. ૧૯૮૬ અને ઈ.સ. ૧૯૯૮.

સ્વામી પ્રણવાનંદ એવૉર્ડ – ઈ.સ. ૧૯૮૭

આચાર્ય હસ્તિમલ સ્મૃતિ સન્માન – ઈ.સ. ૧૯૯૪

ઉત્તર પ્રદેશ શાસન એવૉર્ડ,

આચાર્ય તુલસી પ્રાકૃત પુરસ્કાર – ઈ.સ. ૨૦૦૯,

શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો એવૉર્ડ 'જૈનરત્ન' વર્ષ ૨૦૧૭

જૈન સાહિત્યમાં ઉત્કૃષ્ટ યોગદાન બદલ તેમને વર્ષ ૨૦૧૮નો રાષ્ટ્રપતિ એવૉર્ડ ઉપરાષ્ટ્રપતિ વૈંકિયા નાયડૂના હસ્તે વર્ષ ૨૦૧૯માં દિલ્હીમાં રૂપિયા પાંચ લાખના ચેક સાથે અર્પણ કરવામાં આવ્યો.

તેમને જીવનમાં અંતિમ સમયનું જ્ઞાન થતા સંથારો-સંલેખના વ્રત લેવાનું વિચાર્યું અને ત્રીસમી નવેમ્બરે પચ્ચક્ખાણ લઈ અન્નજળનો ત્યાગ કર્યો. ત્યારબાદ બે દિવસ પછી ૨ ડિસેમ્બરે ૨૦૨૦ના શુભ દિને સંથારામાં જ દેહત્યાગ કર્યો. ડૉ. સાગરમલજી જૈનના અવસાનથી જૈન સમાજને ન પુરાય એવી મોટી ખોટ પડી.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 98218 77327



**અભિનંદન ડૉ. મહેબૂબભાઈ દેસાઈને**

**ડૉ. મહેબૂબ દેસાઈની કુમાર માસિકમાં પ્રસિદ્ધ થયેલી**

**'ગાંધીજીને અપાયેલા માનપત્રો' લેખમાળાને**

**૨૦૧૯નો કુમારચંદ્રક પ્રદાન**



# ગીતા જયંતીના અવસરે

ડૉ. પ્રવીણ દરજી

આ લખી રહ્યો છું ત્યારે માગશર માસ ચાલી રહ્યો છે. આગળ વધીને કહું છું કે માગશર અને માગશર સુદ અગિયારસનો આ દિવસ છે. કહો કે મોક્ષદા એકાદશીનો દિવસ છે. માગશર કૃષ્ણનો પસંદગીનો મહિનો છે જ પણ સાથે મારી ચાહનાય આ માગશર માસ માટે વિશેષરૂપે રહી છે. તેનું સ્ફૂર્તિલું રૂપ તો ખરું જ, તેની મુક્ત હવા પણ મને સદા ન્યારી લાગી છે. મોક્ષદા એટલે મુક્તિદા તેવો અર્થ પણ તેથી સૂઝે અને એક બીજો સંદર્ભ પણ-બળવાન સંદર્ભ, તે ગીતાજયંતીનો છે. કુરુક્ષેત્રના મેદાન પર કૃષ્ણ અર્જુનને સંબોધીને જે જ્ઞાનગીતા રેલાવે છે તેનું અવતરણ આજે જ ગીતા વિશે ગ્રંથ કરવાનું બન્યું, એ દિવસો મને સતત ભિન્ન ભિન્ન રીતે સ્મરણમાં આવ્યા કરે છે. ગીતા કર્મ અને ધર્મને જ નહીં, ઈહ અને પરને જ નહીં - ગીતા બાહ્યાન્તર સંચલનોનો પૂર્ણ નકશો છે. તે સઘળાને તાગે છે. ગીતાના કોઈપણ શ્લોક પાસે અટકો તમને ત્યાં કૃષ્ણનો હૃદયસંવાદ તમારી સાથે થતો લાગશે. દરેક વેળા એ સંવાદ નૂતન છટાઓ ઉમેરતો જણાશે. કારણ કે ગીતા સમયાતીત છે. શાશ્વત તેનો ખીલો છે. બધું ત્યાં તમે શોધી શકો.

આજે તો અહીં નાની સરખી દૃષ્ટાંતકથા થકી, ગીતા સંવાદના એક અંશ પર, એક સત્ય પર આંગળી રાખીને વાત કરવાનું મનમાં છે.

જુઓ, દુકાનદાર પોતાની દુકાનમાં એક ગ્રાહક તરીકે પ્રવેશતા પિતા-પુત્રને નિહાળી રહ્યો છે. પિતાની ઉંમર કંઈ ઝાઝી નથી અને પુત્ર પણ માંડ ત્રણેક વર્ષનો છે. દુકાનદાર બંનેને ધ્યાનથી જુએ છે. પિતા જે વસ્તુ ખરીદવા ઈચ્છતા હતા તે તરફ વળી બધું જુએ છે. બીજી વસ્તુઓ પણ ઘરવપરાશ માટેની તે ધ્યાનમાં લે છે. થોડી વારમાં તો બાળક અકળાયો, ચીસો પાડવા લાગ્યો, બૂમાબૂમ કરવા માંડ્યો, પિતાએ તેને સહજ રીતે જ લાડથી સંભાળી લેતા કહ્યું, બેટા રામ, બસ થોડીક વાર છે હવે. નીકળીએ જ છીએ આપણે' પિતા પછી બીજી વસ્તુ જોવામાં પરોવાયા, ખરીદી પણ કરવા માંડી. એટલામાં વળી બાળકે રાડારાડ કરવા માંડી, ત્યાંથી નીકળી જવા માટે ધમપછાડા શરૂ કર્યા. પિતાએ ફરીથી શાંતિભર્યા અવાજે કહ્યું, 'બસ બેટા, રામ, હવે થોડીક જ વાર છે, કામ પૂરું થવા જ આવ્યું છે, સહેજ થોભી જા, થોડી પળો જ' અને પિતા બાળકને તેડીને બીજી વસ્તુઓ જોવા-ખરીદવામાં પરોવાય છે. બધું જોઈ-તપાસી, બિલ લેવાનું હતું ત્યાં તો બાળકે ફરી ઘમસાણ મચાવ્યું. ઊંચે અવાજે બરાડા વધારી ઘેર જવાની હઠ પકડી. પિતાએ ફરી એક વાર ધીરજ-શાંતિથી, થોડું હસીને ત્રણ વર્ષના પુત્રને સંભાળી લેતાં કહ્યુંઃ 'બસ, રામ બેટા, બધું કામ પૂરું થયું છે. ખરીદી થઈ ગઈ છે. આ બિલ લઈને આપણે તરત જ બહાર નીકળી જઈએ છીએ, હવે તો લગીરે વાર નથી. આ પૈસા આપી દઈએ એટલે વાત પતી જાય છે.' બાળક શાંત થઈ જાય છે. પિતા અને પુત્ર દુકાનમાંથી નીકળી જ્યાં ગાડી પાર્ક કરી હતી ત્યાં વસ્તુઓ સાથે બેસવા જાય છે. આ બધું તે દરમ્યાન ધ્યાનથી જોઈ રહેલો દુકાનદાર પણ પેલા પિતા-પુત્રની પાછળ પાછળ જાય છે અને ગાડીની નજીક આવીને દુકાનદાર પેલા પિતાને કહે છેઃ 'સાહેબ, હું તો તમારાથી ખૂબ પ્રભાવિત થઈ ગયો છું. તમે બાળક સાથે જે શાંતિથી , ધીરજથી, સહેજ પણ અકળાયા વિના તેને પ્રેમપૂર્વક શાંત રાખતા હતા તે જોઈ દંગ થઈ ગયો. બાકી બીજો કોઈ પિતા હોય તો તે પણ પેલા પુત્રની જેમ જ સામે બૂમબરાડા પાડે, ધમકાવે, ગુસ્સે થાય અને ધોલધપાટ પણ કરે. તમે જે સહિષ્ણુતા દાખવી એ જોઈ મને તો તાજુબી થઈ. તમારો પુત્ર રામ, ખરેખર આવા પિતા મેળવ્યા છે તેથી તે ભાગ્યશાળી કહેવાય.' પિતા આ સાંભળીને, દુકાનદાર તરફ વળી, નજીક જઈને કહેવા લાગ્યો કે'આદરણીય વડીલ! ખરું તો એ છે કે મારું નામ જ રામ છે, હું તેનો પિતા છું અને મારા પુત્રનું નામ તો શ્યામ છે. બાળક જ્યારે રાડો પાડતું હતું, તોફાન કરશે તેવું જણાતું હતું ત્યારે ખરેખર તો મારે જાતે, એ સ્મરણમાં રાખવાનું હતું કે મારે ગુસ્સે થવાનું નથી, મારે શાંતિ રાખવાની છે, મારે સહિષ્ણુ બનવાનું છે કે ધીરજ ધરવાની કસોટીમાંથી પસાર થવાનું છે. કારણકે હું તેનો પિતા હતો. સાથે ઉંમરમાં પણ પરિપક્વ કહી શકું તેવો હતો. એટલે શાંતિ તો મારે જ ધારણ કરવાની હોય. મારી તેમ જવાબદારી પણ વધી જાય છે, મારે જ મારી જાતનું નિયંત્રણ કરવાનું હોય. છેવટે તે તો નિર્દોષ બાળક હતો, હું તેનો જવાબદાર પિતા હતો. મારે જ મારી જાતને, ખુદને તેથી સાચવી લેવાની હોય. બાળકની ક્રિયા-પ્રતિક્રિયા સહજ જ હતી.

ભગવદ્ગીતા પણ આ વાત તરફ જ આપણને સૌને સતર્ક કરે છે. કૃષ્ણ કહે છેઃ 'આપણા જીવનમાં મનને આવું સહિષ્ણુ બનાવવું રહે. ખાસ તો મનમાં આવો ગુસ્સો આવે, કાબૂ જતો રહે તેવી અવસ્થા આવે તો તેને સાચવી લેવાનાં છે. માણસે તેના મૃત્યુની ક્ષણ સુધી આવી સમજ આ પ્રકારની સહિષ્ણુતા કેળવવી જોઈએ. કદાચ એટલે તો પ્રભુની આશીર્વચન વર્ષા સતત એવી વ્યક્તિ માટે થતી રહે છે. આવું સ્વનિયંત્રણ ઈશ્વરની નજરમાં ગુણવિશેષ બની રહે છે. જીવન છે એટલે તેમાં વિવિધ તબક્કે, જુદી જુદી, નહીં ગમતી સ્થિતિમાં ઉશ્કેરાટ જરૂર આવે, ગુસ્સો પણ આવે, આઘાતજનક પણ ઘણું ઊમટી પડે પણ છેવટે તો તે બધામાંથી હેમખેમ પાર ઉતારે છે, તે તો આપણી પરિપક્વ મનોદશા જ, સહિષ્ણુતા, ધીરજ કે આપણી શાંતિ જ, જાતનું નિમંત્રણ જ; પેલો ઉશ્કેરાટ, ગુસ્સો તો માણસને હરાવીને જ રહે, દુઃખી દુઃખી કરી મૂકે.'

ભગવાન કૃષ્ણની એ મૂળ વાણી સાંભળો –

શકનોતી હૈવ યઃ સોઢું પ્રાક્ શરીરવિમોક્ષણાત્ ।
કામક્રોધોદ્રવં વેગં સ યુક્તઃ સ સુખી નરઃ।।

અધ્યાય, ૫, શ્લોક.૨૩

પરમતત્ત્વ સાથે એકતાર થઈ રહેવા માટે પણ મનની આવી સદાની અનાકુલ સ્થિતિ જ કારણભૂત બનતી હોય છે. પછીના તરતના ચોવીસમાં શ્લોકમાં પણ આ વાત એ રીતે ભગવાન કૃષ્ણએ કરી છે જ.

ગીતાનું અવતરણ ગંગાવતરણ જેવું છે. એ જ્ઞાનગંગામાં જે સ્નાન કરે છે, પોતાની સમજનું જે મંજન કરતો રહે છે, તેને માટે આવું મનોનિયંત્રણ એક પ્રકૃતિ બની રહે છે. દુકાનદારનાં હૃદયદ્વાર પણ તત્ક્ષણે જ પેલા પિતાનાં મૃદુ વચનોથી ખૂલી જાય છે.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 9825356551

---

# જૈન જીવનનિર્વાહ અને કર્મદાન અતિચાર

બકુલ ગાંધી

ચતુર્ગતિરૂપ આ સંસારમાં પરિભ્રમણ કરતાં જીવ પૂર્વમાં બાંધેલા કર્મ ભોગવીને નિવૃત્ત થતો જાય છે, પરંતુ આ કર્મ ભોગવતી વખતે વિભાવ ભાવો કરી નવાં કર્મો બાંધતો જાય છે. આમ બંધનની નિવૃત્તિ, નિવૃત્તિમાં બંધન, એ બંધનની નિવૃત્તિ અને વળી નવાં બંધનો એવો સૃષ્ટિક્રમ ચાલ્યા જ કરે છે. આવું પરિભ્રમણ કરતાં જીવ મુખ્યતાએ આઠ પ્રકારની કર્મપ્રકૃત્તિનું બંધન, વેદન અને નિર્જરન કરતો રહે છે. ચાર ગતિમાંથી મનુષ્યગતિ કે જેમાં ધર્મ-તપ, ત્યાગ, વૈરાગ્ય, જ્ઞાન, ધ્યાન, સંયમની આરાધના કરી પરિભ્રમણમાંથી મુક્તિ પામી મોક્ષ મંગલમાર્ગે આગળ વધી શકાય તેથી તે અમૂલ્ય મનાય છે.

જીવથી થતી સર્વ ક્રિયાઓમાં સૌથી વધુ કષ્ટ આપનાર કોઈપણ ક્રિયા હોય તો તે તેનાથી થતી હિંસાને જૈન ધર્મમાં અગ્રસ્થાન અપાયું છે. જૈન ધર્મનો પાયાનો મૂળભૂત અને મહત્ત્વનો સિદ્ધાંત અહિંસાનો છે. અન્ય સિદ્ધાંતોની પ્રરૂપણા અહિંસાની આસપાસ થયેલ છે. પ્રત્યેક જીવ સુખપૂર્વક જીવવા ઈચ્છે છે. જૈન ધર્મ શ્રાવકોને કોઈ પણ જીવને કષ્ટ ન થાય તેવી ક્રિયાઓ સાથે જીવન જીવવાની કળા બતાવે છે. કોઈનો પણ જીવ હણાય નહીં એવી નિષેધાત્મક અહિંસા અને દરેક પ્રત્યે દયા, કરુણા, અનુકંપા, પ્રેમ, મૈત્રી એવી વિધેયાત્મક અહિંસા સાથે જીવન જીવવાની કળા બતાવે છે.

આપણા જીવનનિર્વાહ માટે, આપણાં સાધુ-સાધ્વીઓના જીવનનિર્વાહ માટે, આપણા શાસ્ત્રો-ધર્મ, ગ્રંથો-ગ્રંથાલયો, જિનાલયો અને ઉપાશ્રયોના સંરક્ષણ માટે અત્યંત આવશ્યક અને મર્યાદિત પ્રમાણમાં પૃથ્વી અર્થાત માટી, રેતી, ચૂનો, પથ્થર, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિકાય વગેરે એકેન્દ્રિય જીવોની હિંસા શ્રાવક-શ્રાવિકાઓને અનુમતિ બક્ષવામાં આવી છે. ગૃહસ્થ શ્રાવકોને બાર વ્રતોમાં સ્થાવર જીવોની હિંસાની મર્યાદા કરીને અને ત્રસજીવોની હિંસાનો ત્યાગના પ્રત્યાખ્યાન છે.

આજીવિકા માટે કરવામાં આવતી મહાહિંસા અને મહાપરિગ્રહવાળો વ્યવસાય કે ઉદ્યોગ જેમાંથી કર્મો બંધાય છે તે કર્મદાન વિશે જાણવું જોઈએ. કર્મદાનના એક/વધારે કે સંપૂર્ણ ૧૫ બોલ સબંધી સ્વયંની ઈચ્છા, અનુકૂળતા, સંજોગ પ્રમાણે, મર્યાદા પ્રમાણે સેવન-આચરણ નહીં કરવા પ્રત્યાખ્યાન કરી શકાય છે. શ્વેતાંબર પરંપરાના દેરાવાસી, સ્થાનકવાસી અને તેરાપંથી સંપ્રદાયોમાં પંદર કર્મદાનો વિશે આગમોમાં જાણકારી મળે છે. ઉત્કૃષ્ટ રીતે એનું જીવનમાં

આચરણ કરવું જોઈએ નહીં.

શ્રી ભગવતીસૂત્ર શતક ૮-ઉદ્દેશક ૫ :- આજીવિકોપાસકોને આ પ્રકારના ત્યાગ વ્રત ઈષ્ટ છે, તે કર્મદાન આ પ્રમાણે છે-

કમ્મઓણં સમણોવાસએણ પન્નરસ કમ્માદાણાઈ જણિયવ્વા ન સામાયરિવ્વા, તે જહા આલોઉં:ઈંગાલકમ્મે, વણકમ્મે, સાડીકમ્મે, ભાડીકમ્મે, ફોડીકમ્મે, દતવાણીજ્જે, લક્ખવાણિજ્જે, કેસવાણિજ્જે, રસવાણિજ્જે, વિસવાણિજ્જે, જંત પિલણ કમ્મે, નિલ્લંછણકમ્મે, દવગ્ગિદાવણિયા, સર દહ તલાગ પરિસોસણયા, અસઈ જણ પોસણયા એવા આતમા વ્રતને વિષે... પંદર કર્માદાન સંબંધી કોઈ પણ પાપદોષ લાગ્યો હોય તો; અરિહંત અનંતા સિદ્ધ કેવળી ભગવાનની સાક્ષીએ તસ્સ મિચ્છામિ દુક્કડં.

કર્મ એટલે વ્યાપાર સંબંધી શ્રમણોપાસક-શ્રાવકને પંદર કર્માદાન (જે કામો તથા વેપાર કરવાથી ગાઢાં પાપકર્મ બંધાય છે તે). **અંગાર કર્મ**-લુહાર, ભાડભૂંજા, ઈંટ કે ચૂનાની ભટ્ટી, સિમેન્ટના કારખાનાં વગેરેના ધંધા કે - જે કાર્યમાં અગ્નિકાયના જીવોની ઘોર હિંસા થાય છે; **વન કર્મ**- વનનાં ઝાડો કાપવાનો વેપાર કરવો; ગાડું, તેના લાકડાનો, લીલી વનસ્પિતનું છેદન-ભેદન; **શકટ કર્મ** - શકટ એટલે વાહન-ગાડી-રેલગાડી, મોટર, સ્કૂટર, સાયકલ, ટ્રક, ટ્રેક્ટર, રથ, જહાજ, આદિ બનાવી વેચવાનો વેપાર કરવો; **ભાડી કર્મ** - ગાડાં, ઘોડા, બળદ, ઊંટ, ભેંસ, ગધેડા, મકાન, રીક્ષા, ટેક્સી આદિ વાહન ચલાવી-રાખી ભાડાખાવનો વેપાર કરવો; **સ્ફોટન કર્મ** - પૃથ્વીના પેટ ફોડવાના ધંધા કર્યા હોય (કૂવા, વાવ, તળાવ, ખાણ અદિ ખોદવાના ધંધા); **દંત વાણિજ્ય** - દાંત, હાડકાં, શિંગડા, રેશમ, કસ્તૂરી, શંખ, ઊન વગેરેનો વેપાર કર્યો હોય; **લાક્ષા વાણિજ્ય** - લાખ, રંગ, મીણ, જે વસ્તુના વ્યાપારમાં ત્રસ જીવોની હિંસા થાય અથવા જેમાં સડો કરવો પડે તેવા કેમિકલ્સ, સોડા, મીઠું, ખાર, રંગ આદિનો વેપાર કર્યો હોય; **રસ વાણિજ્ય** - દારૂ, માંસ, મધ, માખણ, ચરબી આદિ રસનો વેપાર કર્યો હોય; **વિષ વાણિજ્ય** - ઝેર, અફીણ, સોમલ, જંતુ મારવાની દવા આદિનો વેપાર કર્યો હોય. ઉપરાંત હિંસક હથિયારો - તલવાર, છરા, બંદૂક, ધનુષ્ય બાણ પણ વિષ વાણિજ્યમાં આવી જાય છે; **કેશ વાણિજ્ય** - અહીં વપરાયેલો ''કેશ'' શબ્દ લાક્ષણિક છે જેનો અર્થ દાસ-દાસી, ગાય, ભેંસ, બકરી, ઊંટ, ઘોડા વગેરે જીવિત પ્રાણીઓના ક્રય-વિક્રયનો વેપાર. ચમરી ગાય આદિના કેશનો વેપાર કર્યો હોય; **યંત્ર પીડન કર્મ** - તલ, શેરડી, મગફળી, કપાસ, બિયાં વગેરે ઘાણી, ચરખાદિ સંચાઓ વડે પીલવાનો વેપાર કર્યો હોય; **નિલંછણ કર્મ** - અંગોપાંગ છેદવાં, સ્ત્રી, પુરુષ, આખલા, ઘોડા આદિને ખસી કર્યા હોય, ડામ દીધા હોય; **દાવાગ્નિ દાપન** - જંગલ, ખેતર, પર્વત આદિને આગ લગાડવાનો વેપાર કર્યો હોય; **સરદહ તડાગ શોષણ** - સરોવર, કૂવા, તળાવ વગેરે ઉલેચવાનો વેપાર કર્યો હોય; **અસતીજપણ પોષણ** - હિંસક પશુ, ગુલામ, દુરાચારી મનુષ્યો, વેશ્યા, વગેરેનું આજીવિકા અર્થે પાલનપોષણ કર્યું હોય;

શ્રી ગુરુપ્રાણ આગમ બત્રીસીમાં શ્રી ભગવતી સૂત્ર -૩ શતક ૮: ઉદ્દેશક-૫ પાનાં ૧૨૮થી ૧૪૨માં, પાના ૧૪૧-૧૪૨ ઉપરના વિવરણમાં લખેલ છે કે, આ રીતે ઉક્ત વિશેષ પાપકારી વ્યવસાયના ત્યાગી તે શ્રમણોપાસક પવિત્ર, પરમ પવિત્ર થઈને, મૃત્યુના સમયે મૃત્યુ પ્રાપ્ત કરીને કોઈ દેવરૂપે ઉત્પન્ન થાય છે.

ભગવાન મહાવીરના શ્રાવકો કે શ્રમણોપાસક કહેવાય છે તે શ્રાવકવ્રતના ૪૯ ભંગ-વિકલ્પોમાંથી કોઈપણ ભંગ દ્વારા વ્રત, નિયમ, સંવર, ત્યાગ, પ્રત્યાખ્યાનનો સ્વીકાર કરે છે. તેમનું જીવન, જીવનવ્યવહાર તથા આજીવિકાના વ્યવસાય પણ અનારંભી કે અલ્પારંભી હોય છે. તેનું અંતિમ લક્ષ્ય સંપૂર્ણ અહિંસક બનવાનું જ હોય છે. જ્યાં સુધી સંપૂર્ણ અહિંસક ન બની શકે ત્યાં સુધી જીવનવ્યવહારમાં અનર્થકારી હિંસાનો તેમજ મહારંભજન્ય પંદર પ્રકારના વ્યાપારો-વ્યવસાયોનો ત્યાગ કરે છે. આગમ દૃષ્ટિએ તે શ્રમણોપાસકોનું પાંચમું ગુણસ્થાન હોય છે. તેથી તેઓની ગતિ માત્ર વૈમાનિક દેવોની જ થાય છે. તેઓ બાર દેવલોક અને નવ લોકાંતિક દેવોમાંથી કોઈ પણ પ્રકારના દેવલોકમાં ઉત્પન્ન થાય છે. અન્ય કોઈ યોનિમાં નારકી, તિર્યંચ કે મનુષ્યમાં ઉત્પન્ન થતા નથી.''

જૈન શ્રાવકાચારમાં પંદર કર્મદાનની સમીક્ષા ઉપરના સંશોધન પેપરમાં ડૉ. કૌમુદી સુનીલ બલદોતા જણાવે છે કે, ''તત્વાર્થભાષ્યના સમયમાં (લગભગ પાંચમી સદીમાં) પંદર કર્માદાનની કલ્પના દ્રઢમૂળ નહોતી. પરંતુ સિદ્ધસેનગણિના સમયમાં (લગભગ આઠમી-નવમી સદી) પંદર કર્માદાનની ધારણા ઉપદેશ અને પ્રવચન દ્વારા દઢ થતી આવી હશે. ભગવાન મહાવીરના સમયમાં સમાજના સામાન્ય સ્તરના ઘણાં લોકો એમના સંપર્કમાં આવ્યા. સુથાર, કુંભાર, સોની વગેરેનો ઉલ્લેખ આગમોમાં જોવા મળે છે. (ઉપાસકદશા-સાતમું

અધ્યયન) આચારંગમાં સ્પષ્ટ નિર્દેશ છે કે આવા લોકોના નિવાસસ્થાને કે એમની નજીક ભગવાન મહાવીરનો ઉતારો રહેતો. (આચારંગ સૂત્ર ૨.૨.૩૬) આમાંના ઘણાંએ શ્રાવકદીક્ષા પણ ગ્રહણ કરેલ હતી. આમાંથી ભગવાન મહાવીરે નિષિદ્ધ વ્યાપાર ત્યજવાનો નિર્દેશ ક્યારેય કર્યો નહોતો. આવા આગમિક પ્રમાણોથી એમ મનાય છે કે ભગવાન મહાવીરના જીવનકાળ દરમ્યાન આ પંદર કર્માદાનની માન્યતા પ્રચલિત નહીં હોય.

દિગમ્બર શ્રાવકાચારમાં અહિંસા અણુવ્રતના પાલન માટે હિંસા-અહિંસાનો વિચાર આરંભી હિંસા, ઉદ્યોગી હિંસા, સંકલ્પી હિંસા અને વિરોધી હિંસા આજીવિકા માટે ગૃહસ્થે ઉદ્યોગ અને વ્યાપાર અપનાવવો પડે છે. ખેતી, દુકાન, મકાન આદિમાં હિંસા તો છે જ, પરંતુ જીવનઆવશ્યક હિંસાને છોડી વગર કારણની હિંસાનો ત્યાગ ગૃહસ્થ માટે આવશ્યક માનવામાં આવ્યો છે.

પ્રાચીનતમ જૈન આગમોમાં ગૃહસ્થો માટે જે ષટકર્મનો ઉલ્લેખ કરેલ છે તે અસિ, મસિ, કૃષિ, વિદ્યા, વાણિજ્ય અને શિલ્પ. સમવાયંગ સૂત્રમાં ૭૨ કળાઓના નામ આપ્યા છે. જો આ પ્રચલિત હોય તો ૧૫ કર્મદાનનો કેમ નથી? પંદર કર્મદાનમાંથી દંતવાણિજ્જે, લકખવાણિજ્જે, કેસવાણિજ્જે, રસવાણિજ્જે અને વિસવાણિજ્જે એ પાંચના વ્યાપારનો ઉલ્લેખ છે અને બાકીમાં કમ્મે-કર્મનો ઉલ્લેખ છે એ એમ સૂચવે છે કે નિષેધરૂપે આ પાંચ જ પ્રમુખતાથી અપેક્ષિત છે.''

દિગંબર મત અનેકાંત દૃષ્ટિએ વિધેયાત્મક છે. એ પણ સ્વીકારવું જોઈએ કે એકાકી સુથારી, લુહારી કે સોનીકામ મહાઆરંભ સમારંભ નથી ને વળી સજીવ ખેતી અને સદયા પશુપાલન મહાઆરંભમાં પરિણામ પામતું નથી. અહીં નિર્દોષ અને ન્યાયસંપન્ન આજીવિકા સ્વીકાર્ય બને છે.

ઉપરના બન્ને દૃષ્ટિકોણમાં આવશ્યક કે અનાવશ્યક અહિંસાના અર્થઘટનના ધોરણમાં અતિસૂક્ષ્મ અંતર જણાય છે, પરંતુ સાંપ્રત સમયની જીવનશૈલીને લક્ષ્યમાં રાખવી રહી. મહાવીર પ્રભુના સમય પહેલાં અને પછી ખેતીપદ્ધતિ સજીવ ખેતીની હતી. આજે રાસાયણિક ખાતર, જંતુનાશક દવાનો ઉપયોગને ખેતીમાં પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. સુથાર, કુંભાર, લુહારના ધંધામાં સાધનોનો ઉપયોગ તેના ઉત્પાદનના સ્તરમાં એ જ રીતે વધારો થયો છે.

જે ધંધા અને કાર્યોમાં જ્ઞાનાવરણીય આદિ કર્મોનો વિશેષ બંધ થાય છે તેને અથવા કર્મોના હેતોને કર્માદાન કહે છે. પરિગ્રહ પાપનું મૂળ છે. ''ઈચ્છા હુ આગાસસમાં અણંતિયા'' ઈચ્છા આકાશની જેમ અનંત છે. જેમ જેમ લાભ થાય છે તેમ તેમ લોભ વધતો જાય છે. બધા જીવોને માટે પરિગ્રહથી મોટું કોઈ બંધન નથી. તે મહાઅશાંતિનું કારણ છે, તેનાથી કલહ, હિંસા, બેઈમાની વગેરેની પ્રાદુર્ભાવ (દુષ્ટભાવ) થાય છે. અપરિગ્રહવ્રતના પાલનથી ઈચ્છાજનક સંકલ્પ, વિકલ્પથી મુક્તિ મળે છે. વર્તમાનમાં પ્રાપ્ત હોય તે ધન આદિમાં આસક્તિ મદ બને છે. તેના અભાવમાં પણ સંતોષ મળે છે.

પ્રત્યેક જીવ જીવવા-સુખપૂર્વક જીવવા ઈચ્છે છે. જૈન ધર્મ શ્રાવક-શ્રાવિકઓને દયા, કરુણા, અનુકંપા, પ્રેમ, મૈત્રી સાથેની જીવનપદ્ધતિ અપનાવવાનો ઉપદેશે છે. આપણે કર્માદાનમાં દોષિત જણાવાયેલ ધંધા નહીં કરવાનો જ વિચાર કે સંકલ્પ નથી કરવાનો. કર્માદાનમાં જણાવાયેલ વ્યાપારો સિવાયના ધંધા નૈતિકતા સાથે કરવાના છે. ત્રીજું અણુવ્રત સ્થૂલ, અદત્ત, ત્યાગ, વ્રત અને પાંચમું અણુવ્રત - નવ પ્રકારના પરિગ્રહ મર્યાદા વ્રતનું પણ પાલન કરવાનું રહે. બીજાના હક્ક છીનવીને કે કાયદાઓનું ઉલ્લંઘન કરીને લાંચ-રૂશ્વતથી વ્યાપાર કરવો તે પણ એક પ્રકારની હિંસા છે. સંગ્રહખોરી, તોલ-માપમાં અથવા માલની ગુણવત્તામાં હેરાફેરી કરવી, દરેક મનુષ્યને જીવવાનો હક છે અને તેથી પોતાનું પોષણ કરવાનાં સાધનો અને આવાસ અને વસ્ત્ર મેળવવાનો હક છે ત્યારે સસ્તામાં સસ્તું ખરીદી મોંઘામાં મોઘું વેચવું એ એક પ્રકારની હિંસા છે.

કેટલાક વાસ્તવિક ઉદાહરણો છે જે વધુ સારી રીતે સમજવામાં મદદ કરશે. અમારા આદરણીય વિદ્વાન સંપાદક સ્વ. ડૉ. ધનવંત શાહનો એડહેસિવ ગુંદર બનાવવાનો વ્યવસાય હતો. જે રહેઠાણ કે ઑફિસની જમીન ઉપર લાકડાંની ફ્લોર ટાઈલ્સ લગાડવામાં ઉપયોગમાં આવે છે. વિવિધ ઉત્પાદનોમાં આ સૌથી નફાકારક વસ્તુ હતી. તેમના માટે તે સૌથી અને માત્ર નફાકારક ઉત્પાદન હતું. તેની મોટાભાગની માગ દક્ષિણ ભારતની હતી. ફક્ત દક્ષિણમાં જ કેમ આટલી માંગ છે અને તે ભારતમાં અન્ય સ્થળોએ વધુ માંગ કેવી રીતે ઊભી કરી શકાય તે સમજવા માટે ધનવંતભાઈ જાતે દક્ષિણમાં જ્યાં મોટી માત્રમાં ખરીદી કરાતી હતી તે દરિયા કિનારેના છેવાડાના નાના ગામ પહોંચ્યા. તેમને જાણવા મળ્યું કે તેમનું આ ગુંદરનું ઉત્પાદન લાકડાની ફ્લોર ટાઈલ્સ બેસાડવા નહીં, પરંતુ માછલા પકડવાની જાળની સાંધાની ગાંઠો મજબુત કરવા ઉપયોગમાં લેવામાં આવતો હતો જેથી વધારે ને વધારે માછલીઓ જાળમાં ફસાય જાય. શ્રી

ધનવંતભાઈએ કદી કલ્પના પણ નહોતી કરી કે તેમનું ઉત્પાદન આવી હિંસક પ્રવૃત્તિ માટે ઉપયોગી થઈ શકે. મનોમન શ્રી ધનવંતભાઈએ ત્યાં ને ત્યાં જ નિર્ણય કર્યો કે આવા ગુંદરની પેદાશ ત્વરિત બંધ કરવી, આને પરિણામે ફેક્ટરી ખોટમાં ધકેલાઈ ગઈ. માથે બૅંકનું દેવું પણ હતું. સ્ટાફના વરિષ્ઠ સભ્યોએ ધનવંતભાઈને સમજાવવાનો પ્રયત્ન કર્યો કે જ્યાં સુધી વિકલ્પો નહીં મળે ત્યાં સુધી તેનું ઉત્પાદન શરૂ કરી દે.

સાચા જૈન તરીકે અહિંસાના સિદ્ધાંતનો દઢપાલન કરનારા ધનવંતભાઈએ પ્રત્યક્ષ આડકતરી રીતે મારવા અથવા ઈજા પહોંચાડવાની પ્રવૃત્તિમાં સામેલ થવા માંગતા ન હતા. સ્ટાફના અધિકારીઓની એમને આ ફૅક્ટરી ચલાવવા આપવાની વિનંતીને પણ નકારી અને ઑફિસની જગ્યા વેચી બૅંકનું કરજ ચૂકવી શાંતિનો શ્વાસ લીધો. આવા આર્થિક નુકસાનીથી બહાર નીકળી આધ્યાત્મિક માર્ગ ઉપર પ્રયાણ થતાં નવા શિખરો સર કર્યા. આ આદરણીય ગુણવંતભાઈ શાહે તેમના પ્રવચન ''દુકાનમાં - દેરાસર''માં આ દૃષ્ટાંત વર્ણવેલ હતો. બીજું ઉદાહરણ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ આદરણીય વિદ્વાન શ્રી ગુણવંતભાઈ બરવાળિયાનું છે. તેમના ગ્રાહકોના ટેક્સની જટિલ બાબતો માટે, ગ્રાહકોના હિત માટે તેમણે કર અધિકારીઓ સાથે કેટલીક વાર લંચ/ડિનર, મિટિંગ્સ આયોજવી પડતી હતી. તેઓ પોતે કડક શાકાહારી છે, પરંતુ અન્ય લોકો વાઈન અને નોન-વેજ આહાર આરોગતા તેમનું બિલ ચુકવવું પડતું હતું. એક તરફ ઘણાં ઊંચા કરદરો, ભ્રષ્ટ અધિકારીઓ, અસીલોના નાણાકીય હિત માટે અનિચ્છાએ માંસાહાર અને મદિરાનું અનુમોદન કરી રહ્યા છે એવી પાપદોષની લાગણી અને એના સિવાય પોતાના અસીલોનું નાણાંકીય હિતના પ્રશ્નોમાં સહાયરૂપ ન બની શકવાની દ્વિધાથી મુક્ત થવા, પોતાના ધાર્મિક આચરણતા વિશેના દઢસંકલ્પની અથડામણને કારણે તેમણે ટેક્ષ પ્રેક્ટિસને તિલાંજલી આપી. આ પ્રથમ દૃષ્ટિએ એક વિશાળ આર્થિક નુકસાન કરાવશે તેવા નિર્ણયમાં ન્યાયસંપન્ન વૈભવ અને સાધનશુદ્ધિ માટેની દઢતા અને શ્રદ્ધા સફળ રહી. આજે શ્રી ગુણવંતભાઈ એક જૈન ધર્મના ઊંડા અભ્યાસી, સામયિકોના સંપાદક અનેક જ્ઞાનસત્રના આયોજક, સાહિત્યિક અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓના પ્રેરકબળ અનેક નામી ધાર્મિક, શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓમાં માનદ્ ટ્રસ્ટી-મંત્રી વગેરે હોદ્દાઓ સંભાળતા સક્રિયપણે યોગદાન-સેવા આપી રહ્યા, આધ્યાત્મિક શાંતિ-સુખ અનુભવી રહ્યા છે.

શરૂઆતનાં વર્ષોમાં સંઘર્ષમય સમયે જૂજ અસીલો સાથેની ટેક્સ અને કાયદા સલાહકાર તરીકેની વ્યક્તિગત કારકિર્દીમાં મારે પણ આવી દ્વિધા અનુભવવી પડી હતી. કૌટુંબિક જવાબદારીઓ સાથે આવકના સ્તોત્રને વ્યાપક બનાવવાની આવશ્યકતા હતી. આ સમયે ટેક્ષ, ફૉરેન એક્ષચેંજ રિઝર્વ બૅંક અને કંપની કાયદાના પાલન માટે સલાહકાર આકર્ષક માસિક રિટેઈનર ફી સાથેનું એસાઈનમેન્ટ મળ્યું, પરંતુ થોડા સમયમાં જ આ એસાઈમેન્મેન્ટ છોડવાનો નિર્ણય લીધો, કારણ કે આ અસીલનો વેપાર કતલખાનાનો હતો. મિત્રો સાથે આ દ્વિધાની વાત કરતાં એક દલીલ આવી કે મારે તો કાયદાના પાલનની સલાહ જ આપવાની છે. વધુમાં તર્ક આપ્યો કે દાક્તરના પ્રોફેશનમાં કોઈ કસાઈ દર્દી તરીકે આવે તો શું દાક્તર તબીબી સારવાર નહીં આપે? જરૂરિયાત કે લોભને કારણે એક કાયદાકીય સલાહકારને હાવી ન થવા દેતા અસીલને નમ્રતાથી છૂટા થવાનો નિર્ણય જણાવ્યો. કાયદાનું પાલન કરવાની સલાહ આપનાર પહેલાં ધર્મનું આચરણ કરવાની સમજણ કેવી રીતે અવગણી શકે? મારી પ્રવૃત્તિ કન્સલટન્સી હતી જે અનુમતિશીલ પ્રવૃત્તિ છે પરંતુ મારી આવકની રસીદનો સ્રોત ક્લાયંટની વ્યવસાય પ્રવૃત્તિમાંથી છે જે સંપૂર્ણપણે પ્રતિબંધિત છે.

આમ ઉપરોક્ત ત્રણેય કેસોમાં - લાકડાના ફ્લોર માટે ઉત્પાદનનો ગુંદર, સીએ અથવા ટેક્સ અને કાયદાની બાબતો તરીકેની પ્રેક્ટિસ સંપૂર્ણપણે જૈન ધર્મની અનુમતિ હેઠળ છે, પરંતુ આવા અનુમતિવાળા વ્યાપારમાં પરોક્ષ રીતે પ્રતિબંધિત સંજોગો આવે તો તેનાથી વેગળા થવું કે રહેવું એવી સમજણનું પાલન કરવું હિતકારી છે. આવી જ ધારણા અનુસાર કર્માદાનના પ્રતિબંધિત વ્યાપારો સાથે સંકળાયેલ કંપનીઓના શેરોમાં રોકાણ વર્જ્ય સમજવું આત્માના શ્રેયાર્થે છે.

નીતિથી કમાવવું, રીતિથી વાપરવું અને પ્રીતિથી આપવું.....

જીવનનિર્વાહ - આજીવિકાનાં સાધનોના ઉપયોગમાં જાગ્રતતા કેળવવા ઉપરનું વિવરણ માર્ગદર્શક રહે તેવી અભ્યર્થના સાથે...

શાસ્ત્ર કે એના અર્થઘટન-સમજણ વિરુદ્ધ કશું લખાયું હોય તો ક્ષમા પ્રાર્થું છું.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 9819372908

# ધર્મ એ આંતરીક શુધ્ધ થઈ સત્યાચરણ

**તત્વચિંતક વિ. પટેલ**

ધર્મ એ જીભ પર રાખવાની કે બહાર ટીલાં ટપકાં કે ડોકમાં પહેરવાની ચીજ નથી, પણ આંતરિક રીતે શુધ્ધ થઈ હૃદયમાં વસાવી, આત્મામાં પરોવી, સમગ્ર જીવનને સત્યાચારમા સ્થિર કરી, સત્ય સ્વરૂપ થઈ, સમગ્ર રીતે અને સંપૂર્ણ પણે પોતાના જ આધ્યાત્મિક ઉત્કર્ષ દ્વારા આંતરિક પરિવર્તિત થવું. અને તે દ્વારા પોતાની બર્હિરમૂખતા છોડી અંર્તરમૂખ થઈ પોતાના જીવનમાંથી, આત્મસ્થ અને હૃદયસ્થ થઈ વાસના, કામના આસક્તિ, મોહ, મમતા, લોભ, અહંકાર, રાગદ્વેષ અને પદાર્થની પકડથી મુક્ત થઈ, સમ, સમતા, ધારણ કરી સમ્યકદર્શન, સમ્યક જ્ઞાન, સમ્યક ચારિત્ર અને સમ્યક પુરુષાર્થ દ્વારા પોતાની જ પરમ ચેતનામાં સ્થિર થઈ, પોતાની પરમ જાગૃતતાપૂર્વક, પોતાના સ્વ-સ્વરૂપને અંદર ઉતરી જાણી, સ્વ સ્વરૂપમાં સ્થિર થઈને, આત્મિક સત્ય, અહિંસા, અપરિગ્રહ જેવા આધ્યાત્મિક સદગુણો સમગ્ર જીવનમાં ધારણ કરી, સત્યાચરણમાં સ્થિર થવું તેનું નામ ધર્મ છે.

આમ ખ્રિસ્તી ધર્મનો હૃદયસ્થ થઈને પ્રેમ, સેવા અને શાંતિ ભાવમાં સ્થિર થઈ. નિસ્વાર્થ સેવા એ ધર્મ છે. બૌદ્ધ ધર્મનો બે અતિ વચ્ચેનો ''સમ'' થવું તે ધર્મ છે, આમ તૃષ્ણાથી મુક્તિ અને પ્રજ્ઞાની પ્રાપ્તિ એ જ ધર્મ છે.

જૈન ધર્મ આત્મા સો પરમાત્મા, પદાર્થના સ્વભાવને જાણો, સ્વ સ્વરૂપને જાણી તેમાં સ્થિર થાવ તથા રાગ અને દ્વેષથી મુક્ત થઈ વીતરાગતા પ્રાપ્ત કરી સત્ય, અહિંસા અને અપરિગ્રહમાં સ્થિર થવું તે જ ધર્મ છે,,

તાઓ એટલે સહજ ભાવથી આત્મામાં, આત્માને જાણો અને આત્મામાં સ્થિર થાવ તેનું નામ ધર્મ છે,

પારસી ધર્મ એટલે પરમાત્મા પર અંતરથી વિશ્વાસ રાખી સત્યનું સદાય જીવનમાં સમર્થન કરવું અને સત્યાચારી બનવું તે જ ધર્મ છે,

શીખ ધર્મ પરમતત્ત્વ એક છે, તે ૐકાર છે, જેનું નામ સત્ય છે, જે કર્તા છે. સમગ્ર સૃષ્ટિના રચઈતા છે, જે સમર્થ છે, નિર્ભય છે, નિરવેર છે, કાલાતીત છે, જેમનો જન્મ નથી, જેઓ સ્વયંભૂ છે, જેઓ સાચા ગુરુ છે, તેને આત્મસ્થ અને હૃદયસ્થ થઈને સત્યાચરણમાં સ્થિર થઈને જપો તે ધર્મ છે.

ઈસ્લામ ધર્મ અલ્લાહ એક છે, તેના પર વિશ્વાસ અને શ્રદ્ધા રાખો તમારી વાજબી જરૂરિયાતો પૂરી કરે જ છે, વિશ્વાસ અને ભરોસો રાખો, પણ તમારી તૃષ્ણાઓ પૂરી કરવા બંધાયેલ નથી, એટલે તૃષ્ણાથી મુક્ત થાવ અને જીવન જીવો અને પ્રાર્થો.

વૈષ્ણવ ધર્મમાં પ્રેમ ભાવ એ સઘળા ભાવો ઉચ્ચ અને શ્રેષ્ઠ જ ગણાય છે, પણ જો માણસ આત્મિક સત્યમાં થઈને ધર્મ આચરે તો જ ધર્મ છે.

અધ્યાત્મની ભાવના એ આપણી સંસ્કૃતિનું મૂળ છે, જયારે ધર્મ એ તો પાછળથી આવેલ છે, તેના દ્વારા માણસને જ્ઞાનની ઉપલબ્ધિ થતી નથી, તે પણ એટલી જ સત્ય હકીકત છે જ્ઞાન માટે તો માણસે અધ્યાત્મનો માર્ગ જ પસંદ કરવાનો રહે છે, તેમાં સાત્વિક્તા છે અને સાત્વિક છે, માટે જ વિશુધ્ધ પણ છે.

સામાન્ય રીતે માણસ માત્ર અશુધ્ધ જ છે, તેનામાં રાગ દ્વેષ, અને રજોગુણ પ્રબળતા અને તમોગુણની વિપુલતા જ આ અશુધ્ધિને પુષ્ટ કરે છે અને વધારે છે.

માણસના મનમાં બે પ્રકારની અશુધ્ધિ રહેલી છે, એક એક છે મનની જડતા એટલે કે અપ્રવૃત્તિમાંથી નિષ્ક્રિયતામાંથી પ્રગટ થતી અશુધ્ધિ એ તમો ગુણમાંથી જન્મે છે.

માણસમાં બીજી છે જીવનમાં ઉત્તેજના એટલે કે માણસની કુપ્રવૃત્તિમાંથી પ્રગટ થતી અશુધ્ધિઓ રજો ગુણમાંથી જન્મે છે.

માણસમાં તમો ગુણના લક્ષણ છે, અજ્ઞાનમાંથી જન્મતો મોહ, બુદ્ધિની જડતા, વિચારની અસંબધ્ધતા, આળસ અતિનિંદ્રાને આળસને લીધે કર્મ પ્રત્યે પ્રગટ થતો વૈરાગ્ય, નિરાશા, વિષાદ, ભય, ભ્રમ, ભ્રમજાળ વગેરે. આમ નિષ્ક્રિયતાને પોષનારી સાધેલી વસ્તુઓ, જડતા અને નિષ્ક્રિયતા અજ્ઞાનનું પરિણામ છે. માનવ જીવનમાં ઉત્તેજના અને કુપ્રવૃત્તિ ભૂલભરેલા જ્ઞાનનું પરિણામ છે. જો માણસે તમોગુણની અશુધ્ધિ દૂર કરવી હશે તો તે રજોગુણનો ઉત્કર્ષ સાધીને જ થઈ શકશે, કારણકે પ્રવૃત્તિનો

જન્મદાતા રજોગુણ જ છે અને પ્રવૃત્તિ પોતે જ નિવૃત્તિનું પ્રથમ સોપાન છે.

માણસમાં રહેલી જડતા એ નિવૃત્તિ નથી, કારણ કે જડતા પોતે જ્ઞાનશૂન્ય હોય છે અને નિવૃતિનો માર્ગ તો જ્ઞાન જ છે,

માણસ પોતાની કામનાઓને, વાસનાઓને, ઈચ્છાઓને, અહંકારને, રાગદ્વેષને અને પદાર્થની પકડ વગેરેને શૂન્ય કરીને કર્મમાં કર્તૃત્વ રહિત થઈને પ્રવૃત રહે છે, ખરેખર તેવો માણસ નિવૃત છે. માત્ર કર્મનો ત્યાગ કરનાર માણસ નિવૃત નથી.

આપણે ત્યાં કર્મને જ ત્યાગ કરનારા ત્યાગીઓને ઘોર તામસિક અવસ્થામાં પડેલા જોઈને, સ્વામી વિવેકાનંદનું દિલ ઉકળી ઉઠ્યું ને કહ્યું આપણે ત્યાં તો રજોગુણની જરૂર છે. દેશમાં કર્મવીરોની જરૂર છે, આવા માત્ર કર્મના ત્યાગીઓની કોઈ જ જરૂર નથી, તમો બધા જ પ્રવૃત્તિનો પ્રચંડ પ્રવાહ વહેતો કરી દો, કરી મૂકો અને કર્મના ત્યાગને ગોળી મારો અને નિષ્કામ કર્મ ફળની આશા અપેક્ષા તૃષ્ણા છોડીને નિષ્કામ ભાવમાં સ્થિર થઈને કર્મ કરવા જ માંડો એજ સત્યધર્મ છે, આવા કર્મના ત્યાગના રવાડે ક્યાં ચડ્યા છો? તે ધર્મનું અનુસરણ નથી, આ પ્રકારનો ત્યાગ એ ત્યાગ પણ નથી, એટલું જાણો.

આવા બેહૂદા ત્યાગમાંથી બહાર નીકળતા કદાચ અનિષ્ટ પરિણામ આવે તો પણ ભલે આવે, તેની ચિંતા કરતાં જ નહીં. પણ આવો ત્યાગ છોડો ને પ્રવૃત્તિશીલ નિષ્કામ કર્મ કરવા માંડો આવી તામસિક નિષ્ક્રિયતા કરતાં જો અનિષ્ટ થાય તો તે ઉત્તમ છે, પણ કર્મત્યાગ એ અધર્મ જ છે, માટે કતૃત્વ રહિત થઈ કર્મ કરવા માંડો એ જ ઉત્તમ છે, હજાર દરજ્જે સારું છે, એમ એમણે કહ્યું છે, પણ તેની અસર થઈ જ નહીં.

આજે આવા સમાજને છેતરનારા ત્યાગીઓએ ખરેખર ત્યાગ નથી કર્યો ને સમાજને આંખે પાટા બાંધવાની ક્રિયા કરે છે. આવી ક્રિયાથી કદી પણ શાંતિ મળે જ નહીં તે તો સ્પષ્ટ છે, પરંતુ આજના ત્યાગીઓએ સ્વામી વિવેકાનંદનું સૂચન સ્વીકારેલ નથી અને આ જ વાત કૃષ્ણએ પણ ગીતામાં કહી છે.

આજે પણ આવા હજારોની સંખ્યામાં કર્મના ત્યાગીઓના ટોળા જોવા જ મળે છે હિન્દુ ધર્મ એટલે જ આવા કર્મ ત્યાગઓનો મહામેળો છે, કર્મ છોડયું છે, પણ મનથી પદાર્થની પકડ, લાભ, લોભ, અહંકાર, વાસના, કામના, તૃષ્ણા મોહ, મમતા, વગેરેથી ચિત્ત ભરેલ છે.

જે ખરેખર છોડવાનું છે, તે છોડતા જ નથી, આમ આ ખરેખર ત્યાગ નથી, માત્ર વેશ બદલવાથી ત્યાગ ફલિત થતો જ નથી, મન બદલવાથી જ ત્યાગ ફલિત થઈ શકે છે.

સાચે જ આપણે આજે તમોગુણમાં જ ડૂબેલા છીએ તો પણ આપણે સત્વગુણી હોવાનો આડમ્બર કરીએ છીએ, ધાર્મિક સ્થળે આંટા મારતા ઘણા લોકો એમ માનવા લાગે છે, કે આપણે સાત્ત્વિક છીએ, સત્વગુણી છીએ તે તેની મહાભૂલ છે.

જીવનમાં સત્વગુણનું પરિણામ છે, બ્રહ્મતેજ અને બ્રહ્મ તેજ જ સત્વગુણનો પાયો છે. પરમ શાંતિ એ તેમનું શસ્ત્ર છે અને આત્મજ્ઞાન તે તેનો માર્ગ છે.

જયાં જીવનમાં પરમશાંતિ નથી, આત્મજ્ઞાન નથી, અનાસક્તિ નથી, અહંકાર રહિતતા નથી, પદાર્થની પકડથી મુક્તિ નથી ત્યાં સત્વગુણ હોય શકે જ નહીં, સત્યગુણ એ મનની શુધ્ધિ અને શૂન્યતાનો ગુણ છે.

માનવજીવનમાં સત્વગુણની વૃધ્ધી આત્મિક સત્યાચરણમાંથી જ થાય છે. આજે તેની જ ખામી છે, જ્યારે માણસ પોતાની સ્વાર્થવૃત્તિનો ત્યાગ કરી, પોતાની સર્વ શક્તિ બીજાને માટે અર્પણ કરે છે અને કતૃત્વ રહિત થાય છે, અનાસક્તિનો અંતરથી સ્વીકાર કરે છે અને મોહ, મમતા અને વાસનાથી મુક્ત થઈ પરમપિતા પરમાત્માને આત્મસમર્પણ કરી, સમર્પિત થઈ સમસ્ત જીવનને એક મહાન અને પવિત્ર યજ્ઞરૂપે એટલે કે (લાકડા બાળવા નહીં) આત્મસ્થ અને હૃદયસ્થ્ર થઈને સત્યાચરણ એ છે સત્ય ધર્મનું રહસ્ય અને એ જ સત્વગુણની વૃદ્ધિ અને પ્રાપ્તિ.

ગીતામાં કૃષ્ણ ભગવાને કહ્યું છે, સત્વ અને રજસ બંને મળીને જ તમસનો નાશ કરે છે. એકલો સત્વગુણ કદી પણ તમસનો નાશ કરી શકતો નથી. આમ જ્યારે સત્વ ગુણ અને રજસગુણને જાગ્રત થાય છે. ત્યારે જ તત્ત્વોને વશમાં લેવાનું શક્ય બનશે.

આમ નિયંત્રણમાં લાવવાનું કાર્ય કોઈ બાહ્યશક્તિ દ્વારા શક્ય જ નથી તે માટે તો અંતરમાં રહેલા આત્મામાં રહેલા બ્રહ્મતેજ દ્વારા જ, સત્વગુણ દ્વારા જ થઈ શકશે કેવલને કેવળ સત્ય આધારિત ધાર્મિક ભાવનાને વ્યાપક કરીને વિશાળ કરીને અનાસક્ત કરીને જ આપણે બ્રહ્મતેજ અને

સત્વગુણની વૃદ્ધિ કરી શકીએ છીએ, આ સિવાય શક્ય જ નથી.

હું આગળ કહી જ ગયો છું કે, સત્વગુણની વૃધ્ધિ કરવાનો એક માત્ર આધ્યાત્મિકમાર્ગ એ છે કે બીજાને માટે નિસ્વાર્થ થઈ કતૃત્વ રહિત ભાવમાં સ્થિર થઈને ફળની આશા-અપેક્ષા કે તૃષ્ણા રાખ્યા વિના કર્મ બીજાના માટે શક્તિ અનુસાર કર્મ કર્યા જ કરવા તે સત્વગુણની વૃદ્ધિ કરવાનો ઉત્તમ માર્ગ છે એનું નામ છે નિસ્વાર્થ ભાવે ફળની આશા છોડી પરમાર્થ કરવો તે સત્વગુણ વધારવાનો માર્ગ છે પરંતુ આ સહેલો માર્ગ નથી.

આજના ધર્મના અશુધ્ધ વ્યવહાર અને આચરણ અને ભયંકર સ્વાર્થ યુક્ત વાતાવરણમાં વ્યક્તિ માટે એ કઠિન છે, કારણ કે પરમાર્થ પ્રવૃત્તિમાં આપણને ખબર ન પડે તેવી રીતે સ્વાર્થ આસક્તિ મોહ અહંકાર વગેરે તત્ત્વો ઘુસી જ જતાં હોય છે.

જો આપણી બુદ્ધિ વિશુદ્ધ નથી હોતી, તો આપણે પરામર્થના બહાના નીચે કેવળ સ્વાર્થની જ સાધના કરવા લાગી જઈએ છીએ, (આજનો ધર્મ આજ કરે છે) અને આપણે ભ્રમમાં જ પડીએ છીએ, આ વાત આપણને કદી પણ સમજાતી નથી, તે હકીકત છે (આજના ધર્મને ક્યાં સમજે છે) એટલે જ હિતને બદલે અહિત થઈ જવાનો સંભવ રહેલો જ છે. આ જ સત્વગુણનું બંધન છે. સત્વનો અહંકાર પણ છે.

માણસને જેમ પાપબંધનમાં નાખે છે, તેમ આવું પુણ્ય પણ બંધનમાં નાખે છે. જો માણસ સંપૂર્ણપણે વાસના અને કામના શૂન્ય થઈને પરમાત્માને આત્મસમર્પણ ન કરી શકે તો તે પૂર્ણ સ્વાધીનતા જીવનમાં પ્રાપ્ત કરી શકે નહીં અને પરમ આનંદ શાંતિ આપવા માટે પ્રાપ્ત કરવી અશક્ય છે.

માનવજીવનમાં બે અનિષ્ટો છે, એક વાસના અને બીજું અહંકાર આ બંનેનો ત્યાગ કરવા માટે પ્રથમ તો વિશુદ્ધ બુધ્ધિની આવશયક્તા છે. આ અબુધ્ધિને વિશુદ્ધ કરવાની દિશામાં પહેલું પગલું છે. દેહાત્મક બુધ્ધિ દેહભાવમાંથી નીકળી જાય, માનસિક સ્વાધીનતા પ્રાપ્ત કરે અને મન પૂર્ણ રૂપે સ્વાધીન બનતા જ પ્રાણને વશ કરી શકે છે. તે પછી મનનો જય કરીને બુદ્ધીમાં સ્થાન લઈ તેની સહાયથી જ સ્વાર્થના આક્રમણ સામે માણસ પોતાનું અનેક રીતે રક્ષણ કરી શકે છે. જોકે, આ અવસ્થામાં પણ સ્વાર્થવૃત્તિ આપણામાંથી પૂરેપૂરી નિર્મૂળ થઈ જતી જ નથી.

માણસનો અંતિમ સ્વાર્થ તો છે મુમુક્ષા, બીજાનાં દુઃખો ભૂલી જઈને કેવળ પોતાના આનંદમાં લીન થઈ જવાની ઈચ્છા અને વૃત્તિ, એનો આપણે સંપૂર્ણ ત્યાગ કરવાનો છે.

જ્યારે આપણો આત્મા જ સાક્ષી રૂપ બનીને ગુણત્રય એટલે કે પરમાત્માની ત્રૈગુણ્યમયી શક્તિને જ એક માત્ર કર્તા તરીકે માણસ જુએ છે, અને આ ગુણત્રયથી ઉપર રહેલા એ શક્તિના પ્રેરક પરમાત્માને જાણી શકે છે, અનુભૂતિ કરી શકે છે ત્યારે જ તે પરમાત્મા સાથે સાધમ્ર્ય પ્રાપ્ત કરે છે. ત્યારે દેહમાં રહેલો આત્મા દેહમાં ઉતપન્ન થતાં તમામ સ્થૂળ અને સૂક્ષ્મ એવા દ્વિતીય ગુણત્રયનો અતિ કર્મ કરીને માણસ જન્મ અને જરાના દુઃખોથી વિમુક્ત થઈ અમરત્વનો આનંદ માણે છે.

આમ સત્વમાંથી જનમતનું જ્ઞાન રાજસમાંથી જનમતી પ્રવૃત્તિ અથવા તો તમસમાંથી જન્મતી નિંદ્રા નિષ્ક્રિયતા, ભ્રમભય અને ભ્રમ જાળયુક્ત મોહ તેની પાસે આવે તો પણ વિરક્ત થતો જ નથી અને પોતાની વીતરાગતા છોડતો નથી.

આ ત્રણે ગુણોના આગમન અને નિર્ગમન પ્રત્યે સમાન ભાવ રાખીને ઉદાસીન પેઠે તે સ્થિર થઈ રહે છે, તેને આ ગુણ વિચલીત કરી જ શકતા નથી. આ બધી ગુણોની સ્વાભાવિક પ્રવૃત્તિ છે એમ માનીને જે દૃઢ રહે છે, સ્થિર રહે છે, વિચલિત થતો જ નથી જેને સુખ અને દુઃખ, પ્રિય અને અપ્રિય, નિંદા અને સ્તુતિ, લાભ અને નુકસાન જેવા દ્વંદ્વ સમાન છે, સમ છે, જેને મન સુવર્ણ અને પથ્થર બંને માટી જેવા છે. જે ધીર અને સ્થિર છે, પોતાની અંદર સુદ્રઢ છે જેને માન અને અપમાન એક સરખા છે, મિત્ર અને શત્રુ જેને સરખા પ્રિયા છે.

જે પોતાની મેળા એ કોઈ કાર્યનો આરંભ કરતો નથી, પણ સઘળા કર્મ અને ફળ પરમાત્માને અર્પણ કરી પ્રસાદ રૂપે સ્વીકારી ઉપયોગ કરે છે, ઉપભોગ કરતો નથી અને પરમાત્માની પ્રેરણાથી એટલે કે કતૃત્વ રહિત અસંગ બનીને પરમાત્માની અંતરની પ્રેરણાથી જ કર્મ કરે છે, તે જ સાચો ગુણાતીત છે અને કહેવાય છે.

પરમાત્મા સ્વરૂપ થઈને કૃષ્ણ ભગવાન, બુદ્ધ ભગવાન, મહાવીર ભગવાન, ઈશુ ભવગાન, તાઓ ભગવાન, જરથુસ્ત, ભગવાન, મહમદ પૈગમ્બર વગેરે સ્પષ્ટ કહે છે કે જે માણસ ટોટલી નિર્દોષ ભાવથી આસક્તિ રહિત થઈ અસંગ બની કતૃત્વ રહિત થઈ અંતરના આત્મિક અહંકાર

રહિત થઈ નિર્દોષ ભક્તિ યોગ દ્વારા અંતરથી સેવે છે, તે માણસ ત્રણ ગુણોને ઓળંગી જઈ બ્રહ્મપ્રાપ્તિને માટે અધિકારી બને છે.

આવી ત્રિગુણાતિત અવસ્થા પ્રાપ્ત કરવી સૌ કોઈને માટે કદાચ શક્ય ન બને તો પણ દરેક માણસે પોતાનામાં રહેલો અહંકાર, વાસના અને પદાર્થની પકડથી મુક્ત થઈને કર્તૃત્વ રહિત અસંગ બની આવો જ્ઞાનપૂર્વક સાત્વિક કર્તા કર્તૃત્વનો ત્યાગ કરીને પરમાત્માને સંપૂર્ણપણે આત્મ સમર્પણપૂર્વક બધા જ કર્મો કરતાં રહેવા અને ફળની આશા, અપેક્ષા, તૃષ્ણા વગેરેને ત્યાગ કરીને રાગ દ્વેષ અને અહંકારથી મુક્ત થઈને જીવન જીવવું એ જ પરમાત્માને પામવાનો સત્ય સ્વરૂપ માર્ગ છે.

❖ ❖ ❖ ❖

સંપર્ક : sarujivan39@gmail.com

# 'પુણ્ય પ્રકાશ' સ્તવન – ટીપામાં મહેરામણ

ડૉ. ગુલાબ દેઢિયા

ઉપાધ્યાય શ્રી વિનયવિજયજી મહારાજે 'પુણ્ય પ્રકાશ' સ્તવનની રચના રાંદેર મુકામે ચાતુર્માસમાં વિજયાદશમીના દિવસે ઈ.સ. ૧૬૭૩ વિ.સં. ૧૭૨૯ના કરી હતી. તે વખતે તેઓ ૬૯ વર્ષની ઉંમરના હતા.

જૈન ધર્મની સારરૂપ વાતો, પાયાના નિયમો, શાસ્ત્રની અઘરી વાતો બધાને સંક્ષિપ્તમાં સમજાવી દીધી છે. એક મોટા ગ્રંથને જાણે પેન ડ્રાઈવમાં સમાવી લીધો છે.

પ.પૂ. પ્રદ્યુમ્નસૂરિ મ.સા. લખે છે : 'પુણ્યપ્રકાશ સ્તવનમાં વિકાસસૂત્રની સામગ્રી છે. આ સૂત્રોના પાઠથી દુર્ગુણો ઘટે અને આત્માના ગુણો પ્રગટે; દુઃખ દૂર થાય અને સુખ સન્મુખ આવે. પાપ પાતળું પડે અને પુણ્ય પ્રકાશિત થાય. સરવાળે આત્માનો વિકાસ થાય. આત્માના ઊર્ધ્વીકરણ માટે આ પાપોને નિંદવાની, જગતનાં તમામ ઉત્તમ કાર્યોની પ્રશંસા કરવાની અને વિશ્વના ઉત્તમ સાર સ્વરૂપ તત્ત્વોના શરણે જવાની પ્રક્રિયા શ્રેષ્ઠ ઉપકારક ઉપાય છે. તેના નિત્ય પાઠથી હળવાશનો અનુભવ થશે. ઉજાશ જણાશે.'

પુણ્ય પ્રકાશ સ્તવન રોજના પાઠ માટે છે. રૅડી રેફરન્સ કે રૅડી રૅકનર છે. કવિએ દસ અધિકારની વાત કરી છે. મુક્તિ માર્ગની આરાધના માટે આ દસ અધિકાર છે.

૧) અતિચાર આલોઈએ

૨) ગુરુની સાક્ષીએ વ્રત ધારણ કરીએ

૩) ૮૪ લાખ જીવ યોનિને ખમાવીએ

૪) ૧૮ પાપસ્થાનકને વિધિપૂર્વક વોસિરાવીએ

૫) ચાર શરણ ભાવનાને નિત્ય અનુસરીએ

૬) દુરિત આચારની નિંદા કરીએ

૭) શુભ કરણીની અનુમોદના કરીએ

૮) મનમાં શુભ ભાવના ભાવીએ

૯) અવસર આવ્યે અણસર વ્રત આદરીએ

૧૦) નવપદ – નમસ્કાર મહામંત્રનો જાપ કરીએ

વ્યક્તિની અંતિમ વેળાએ સ્વજનો આ સ્તવન સંભળાવે છે. તે વખતે શુભભાવ જાગે, મનમાં દુષ્કૃત્યોની ક્ષમા ઉદ્ભવે અને નવકારનું સ્મરણ થાય તો ભવ સુધરી જાય. ખરેખર તો પ્રતિદિન આ સૂત્રોનું સ્તવન કરવા જેવું છે. અહીં હળવાશ છે અને મૃત્યુ તો ક્યારેય પણ આવી શકે એમ છે. તેથી આ સ્તવન હાથવગું અને હૈયાવગું રાખવા જેવું છે. આ સ્તવનની ભાષા વિશે કહેવું હોય તો, એનો શણગાર એની સાદગી જી રે.'

પ્રથમ અધિકારમાં ઘણી વાતો વિસ્તારથી કહી છે. જ્ઞાન, દર્શન, ચારિત્ર્ય, તપ અને વિરજ (પવિત્રતા) આ પાંચ આચારની આ ભવે કે પરભવે જે અતિચાર લાગ્યા હોય તેની આલોચના કરવાની છે.

ગુરુનો વિનય ન કર્યો હોય, જ્ઞાનના ઉપકરણોની આશાતના કરી હોય, જિનવચનમાં શંકા કરી હોય, સાધુની નિંદા કરી હોય, સાધુના ધર્મમાં પ્રમાદ કર્યો હોય, શ્રાવકના ધર્મમાં સામાયિક, પૌષધ કે આઠ પ્રવચનમાળામાં જયણા ન પાળી હોય, બાર ભેદે તપ ન કર્યા હોય,

ત્યાર બાદ એકેન્દ્રીયથી પંચેન્દ્રિય સુધીની હિંસા કરી હોય તે માટે ક્ષમા માગવાની વાત છે. સમયસુંદર રચિત 'પદ્માવતીની આરાધના સ્તવનની અહીં યાદ આવે છે. જીવહિંસાથી બચવા અહીં વિગતવાર યાદી આપી છે.

બીજા અધિકારમાં પાંચ મહાવ્રત અથવા શ્રાવકજીવનમાં બાર વ્રત આદરવાની યાદી આપી છે.

ત્રીજા અધિકારમાં લખે છેઃ મન શુદ્ધ કરીને ૮૪ લાખ જીવ

યોનિ સાથે ખમતખામણા કરવાના છે. કોઈ પ્રત્યે રોષ નથી રાખવાનો, સૌને મિત્ર સમજવાના છે.

ચોથા અધિકારમાં મૃષાવાદ, ચોરી, મોહ, મૈથુન, ક્રોધ, માન, માયા, તૃષ્ણા, નિંદા, કલહ, આળ, રતિ-અરતિ વોસિરાવી દેવાની ટૂંકમાં વાત છે.

પાંચમાં અધિકારમાં ચાર શરણની વાત છે. જન્મ, જરા અને મરણ નક્કી છે, સંસાર અસાર છે. કર્યા કર્મ ભોગવવાના છે. પરની આશા છોડવાની વાત છે.

*'છઠ્ઠા અધિકારમાં લખે છે :*
*ઘડ્યાં ઘડાવ્યાં જે ઘણાં એ,*
*ઘરંયે હળ હથિયાર તો,*
*ભવ ભવ મેલી મૂકિયાં એ,*
*કરતાં જીવ સંહાર તો.'*

પાપનાં સાધનો કઈ રીતે કર્મ બંધાવતાં રહે છે તેની વાત છે. તેથી કહે છે,

*'આ ભવ પરભવ જે કર્યા એ,*
*એમ અધિકરણ અનેક તો;*
*ત્રિવિધે ત્રિવિધે વોસિરાવીએ એ,*
*આણી હૃદયે વિવે ક તો.'*

પોતાના દુષ્કૃત્યોની નિંદા કરી પાપનો પરિહાર કરો
શિવગતિની આરાધના કરવાની અહીં સલાહ છે.
સાતમા અધિકારમાં ઉલ્લાસની વાત છે.

કવિ કહે છે :

*ધન ધન તે દિન માહરો, જીહાં કીધો ધર્મ; દાન શીયળ તપ ભાવથી,*
*ટાળ્યાં દુષ્કૃત્ય કર્મ, પડિક્કમણાં સુપેરે કર્યાં, દીધાં અનુકંપાદાન*

માત્ર પ્રતિક્રમણ નહીં પણ સુમેરે સારી રીતે પ્રતિક્રમણ કરવાનાં છે. ધર્મ કાજ અનુમોદીએ. ધર્મનાં કાર્યોની અનુમોદના કરવાનું સૂચન છે.

ભાવનું મહત્ત્વ આઠમા અધિકારમાં છે.
*ભાવ ભલો મન આણીએ, ચિત્ત આણી ઠામ,*
*સમતા ભાવે ભાવીએ, એ આતમ રામ.'*
હવે મહત્ત્વની વાત આવે છે :
*સુખ દુઃખ કારણ જીવને, કોઈ અવર ન હોય,*
*કર્મ આપ જે આચર્યાં, ભોગવીએ સોય.*
*સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુણ્યનું કામ;*
*છાર ઉપર તે લીપણું, જિમ ઝાંખર ચિત્રામ.*
*ભાવ ભલી પરે ભાવીએ, એ ધર્મનો સાર.*

કેવી સરળ, સહજ, મર્મગામી વાણી છે. વાંચતાં ધન્ય થઈ જઈએ.

જીવનમાં બધા પ્રકારે, બધા ક્ષેત્રે ધર્મ આરાધના કરતાં કરતાં કવિ લખે છે. 'હવે અવસર જાણી, કરી સંલેખન સાર, અણસણ આદરીએ, પચ્ચક્ખી ચારે આહાર; લલુતા સવિ મૂડી, છાંડી મમતા અંગ, એ આતમ ખેલે, સમતા જ્ઞાન તરંગ.

અનશન માટે, સંખેલના માટે યોગ્ય સમય અવસર આવે ત્યારે ચારે પ્રકારના આદરનો ત્યાગ કરી લોલુપતા સર્વ પ્રકારે છોડો અને મમતાને છોડી જ્યારે આત્મા સમતાના જ્ઞાન તરંગમાં રમવા લાગે છે તેની વાત નવમા અધિકારમાં છે.

છેલ્લે શિખર રૂપ વાત કરતાં કવિ લખે છે, દશમે અધિકારે, મહામંત્ર નવકાર, મનથી નવિ મૂકો, શિવસુખ ફલ સહકાર; એહ જપતાં જાયે, દુર્ગતિ દોષ વિકાર, સુપરે એ સમરો, ચૌદ પૂરવનો સાર. નવકાર પરમ સુખનું ફળ આપનાર આંબાના ઝાડ જેવો છે.

કવિ છેલ્લે મહાવીર સ્વામીની સ્તુતિ કરતાં લખે છેઃ 'ભવ ભવે વિનય તુમારડો એ, ભાવ ભક્તિ તુમ પાય તો; દેવ દયા કરી દીજીએ, બોધિબીજ સુપસાય તો.'

શ્રી વીર જિનવર ચરણ થુણતાં, અધિક મન ઉલ્લટ થયો. નિર્જરા હેતે સ્તવન રચ્યું નામે પુન્ય પ્રકાશ એ.

કવિએ કવિત્વશક્તિને પ્રાધાન્ય નથી આપ્યું. ભાષા સરળ છે. થોડાક નામોનો ઉલ્લેખ છે. વિસ્તાર ક્યાંય નથી. આદરવા જેવું શું છે અને છોડવા જેવું શું છે તેની સીધી વાતો છે. શ્રેષ્ઠ જીવન જીવવાનો સંદેશો છે.

યાદ રાખવા જેવી અથવા એમ કહો કે યાદ રહી જાય એવી પંક્તિઓ આ રહીઃ

- પરિગ્રહની મમતા કરીજી, ભવે ભવે મેલી આથ; (પૂંજી આપણ અર્થ) જે જિહાં તે તિહાં રહ્યું જી, કોઈ ન આવે સાથ.
- કપટ હેતુ કિરિયા કરોજી, કીધા આપ વખાણ રે.
- કોઈ શું રોષ ન રાખ તો, સર્વે મિત્ર કરી ચિંતવો<br>કોઈ ન જાણો શત્રુ તો, રાગ દ્વેષ એમ પરિહરો ખમીએ ને ખમાવીએ એહી જ ધર્મનો સાર તો.
- ધર્મ કાજ અનુમોદીએ, એમ વારોવાર
- સુખ દુઃખ કારણ જીવને, કોઈ અવર ન હોય<br>કર્મ આપ જે આચર્યા, ભોગવીએ સોય.
- સિધ્ધારથ રાય કુળતિલો એ, ત્રિશલા માત મલ્હાર તો,<br>અવની તલે તમે અવતર્યા એ, કરવા અમ ઉપકાર તો.
- કરમ અણુંજણ આકરા એ, જન્મ મરણ જંજાલ તો, હું છું એહથી ઉભગો એ, છોડાવ દેવ દયાળ તો.

(ઉભગો = રુચિ અનુભવું છું)

• આજ મનોરથ મુજ ફળ્યા એ, નાઠા દુઃખ દંદોલ તો, તુઠ્યો જિન ચોવીસમો એ, પ્રગટમાં પુન્ય કલ્લોલ તો.

જિનવચન સરળ હોય, સર્વકાલીન હોય એમાં આર્જવતા હોય, આપણા જેવા બાળજીવો માટે ટૂંકમાં, સીધી વાતમાં કવિને મુખ્ય વાતો દર્શાવી છે. ટીપામાં મહેરામણ દેખાડ્યો છે.

'પુણ્ય પ્રકાશ'માં કહેલી વાતો માટે ભાવ વધે તો ભવ ઘટે એ નક્કી છે.

'પુણ્ય પ્રકાશ' સ્તવનના વચનો સમ્યક્ રીતે જાણીએ અને સમ્યક્ રીતે જીવનમાં પ્રયોજીએ તો જીવ જરૂર ઝળાંહળાં થઈ શકે છે.

'પુણ્યપ્રકાશ' વાંચતાં યાદ આવે છે. જેસલ જાડેજાના શબ્દોઃ

*'જિતરા મથેજા વાર, તોળી રાણી, જિતરા મથેજા વાર;*
*એટલા કરમ તો મેં કર્યાં એમ જેસલ કહે છે જી.*
*પુણ્યે પાપ ઠેલાય જાડેજા, પુણ્યે પાપ ઠેલાય રે,*
*તારી બેડલીને બૂડવા નહિ દઉં એમ તોળલ કહે છે જી.'*

❖ ❖ ❖ ❖

સંપર્ક : 9820611852

# બે અધ્યાત્મયોગીઓની ગુરૂમૂર્તિઓની સહપ્રતિષ્ઠાના ઐતિહાસિક અવસરે સર્જાયો મૈત્રીનો મણિકાંચન યોગ

ભારતી દિપક મહેતા

પરમ કરૂણારસનિમગ્ન પૂજ્ય પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી મહારાજ, પૂજ્ય આચાર્યશ્રી કુમુદચંદ્રસૂરીશ્વરજી મહારાજ, પૂજ્ય આચાર્યશ્રી મનમોહનસૂરિશ્વરજી મહારાજ, પૂજ્ય આચાર્યશ્રી હેમપ્રભસૂરિશ્વરજી મહારાજ સાહેબ આદિ ભગવંતોની નિશ્રામાં વિરલ એવો એક દ્વિદિવસીય અ-પૂર્વ અવસર હાલમાં જ ઉજવાયો.

અધ્યાત્મયોગસંપન્ન પંન્યાસજી મહારાજ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્ય તથા આચાર્યદેવ શ્રીમદ્ વિજયકલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ - એમ બંને સમુદાયના ૩૫ જેટલાં શ્રમણ-શ્રમણીજી ભગવંતોના સાયુજ્યની સૌરભ જામનગર સમીપે શ્રી શાલીભદ્ર તીર્થના જિનાલય પરિસરે ફેલાતી જ્યારે જોઈ, ત્યારે પ્રાયઃ ૪૫/૪૬ વર્ષ પૂર્વેનો એક ઈતિહાસ પુનઃ જીવિત થઈ રહ્યો છે, તે વાત મનમાં સુદ્રઢ બની!

**શો હતો મૈત્રીનો એ ઈતિહાસ?**

વાત છે સંવત્ ૨૦૩૧, ૨૦૩૨ તથા ૨૦૩૪નાં ત્રણ વર્ષોની, જ્યારે પરમ વિનયવંત આચાર્યપ્રવરશ્રી કલાપૂર્ણસૂરીશ્વરજી મહારાજ પોતાના બૃહદ શિષ્ય પરિવાર સાથે બે વર્ષ રાજસ્થાનનાં લુણાવામાં તથા એક વર્ષ પિંડવાડાજી તીર્થમાં કૃતજ્ઞતાથી પંન્યાસશ્રી ભદ્રંકરવિજયજી ગણિવર્યની પરાવાણીનો સ્વીકાર કરતાં તેમનું નિતાંત વાત્સલ્ય પામ્યા. તે વર્ષોમાં લુણાવા/પિંડવાડાના સંઘજનોમાં કુતુહલ થતું રહેતું કે કયા શ્રમણ ભગવંત કોના સમુદાયનાં હશે? કેમકે તેઓ સૌમાં કોઈ અલગતા પામી ન શકાતી. કલ્યાણના કલ્પતરુ સમા બંને ગુરુને નિહાળી મૈત્રીનો મહાસાગર કેવો હોય, તેનું રસપાન કરતાં સૌ ઉજ્જવલ ચૈતન્યની સંનિધિમાં અભિમંત્રિત થતા. પ્રત્યેક વ્યાખ્યાનની સમાપ્તિએ 'શિવમસ્તુ સર્વજગતઃ'ની પ્રાર્થના સંગે જ્યારે ૧૨ નવકાર ગણાતાં, ત્યારે સ્નેહસરમાં મૈત્રીની ભદ્રંકર કલારૂપ પૂર્ણ વિકસિત કમળો ખીલી ઉઠતાં!

મૈત્રીની ઈપ્સિત વરદાનરૂપ એ સમયખંડને પ્રશસ્ત રીતે પુનઃ સ્મૃતિવંત કરી બંને અધ્યાત્મ યોગીઓની એ ચારુશ્રી નિશ્રાને શાશ્વત બનાવવાનો વિચાર આવ્યો અને મૂર્તિમંત થયો શાલીભદ્ર તીર્થમાં, સ્વપ્નદ્રષ્ટા બન્યાં વાગડ સમુદાયના **પૂર્વ ગચ્છાધિપતિ આચાર્યદેવશ્રી કલાપ્રભસૂરીશ્વરજી** મહારાજ તથા **પંન્યાસશ્રી વજ્રસેનવિજયજી ગણિવર્ય.** આ તીર્થે મૈત્રીનાં મેઘધનુષ્યની સાડા ચાર દાયકા પૂર્વેની ગરિમાને તો ઉજાગર કરી જ, ઉપરાંત જૈનશાસનમાં જેમણે અધ્યાત્મનો એક આખો યુગ પ્રવર્તાવ્યો છે, તેવા બંને ગુરુવર્યોની મૂર્તિઓ જિનાલયજીની શૃંગાર ચોકીમાં એકસાથે પ્રતિષ્ઠિત કરીને એ મૈત્રીની મિરાતને વધુ ઉજળી પણ કરી.

બંને પૂજ્યોનું તે વખતે રાજસ્થાનમાં પણ પરમ સાંન્નિધ્ય પામનાર મુનિજનો, જે આજે ગણિવર્યજી તથા આચાર્યપ્રવરની પદવી શોભાવી રહ્યા છે, તેમની જ નમણી

નિશ્રામાં જ્યારે દિનાંક ૯ ડિસેમ્બર, ૨૦૨૦ના કારતક વદ નોમનાં શુકનવંત ધુમ્મસની વચ્ચે બંને ગુરૂમંદિરોનું શીલાસ્થાપન થયું, ત્યારે અનેક શુભ ચિહ્નો ઉપસ્થિત થયાં!

ઢોલી-બેંડવાજા-સુંદર રંગોળીઓ-ગહૂલિઓ સાથે પ્રતિષ્ઠા મહોત્સવના પ્રથમ દિવસે **પરમગુરૂ ગૌતમસ્વામીના પૂજન** તથા વસંત-શિશિરની જુગલબંદી સમા પ્રતિષ્ઠાવસરના દ્વિતીય દિન કારતક વદ દસમ શાસનપતિ શ્રી વીરપ્રભુના દીક્ષા કલ્યાણક દિનની વહેલી પરોઢે ઝગમગતાં દીપકોના પ્રકાશમાં યુગાદિદેવ પ્રભુ આદિનાથ સમક્ષ સૌ રસતરબોળ બન્યા **શક્રસ્તવ અભિષેક** મધ્યે કેસરમિશ્રિતજલ, કેસૂડાંજલ, દહીંધોળવું, કેસરયુક્ત દૂધ, સુગંધિત ઔષધજલ, વરખજલ ને પંચામૃત ઉપરાંત વિવિધ વર્ણીય હજ્જારો પુષ્પોની દિવ્ય સૌરભથી જિનાલયજી મઘમઘતું બનતું ગયું!

એવું અનુભવાયું જાણે શ્રી ઈન્દ્ર મહારાજાએ આચાર્યશ્રી સિદ્ધસેનદિવાકરસૂરિજીને પ્રભુજીના ૨૭૩ વિશેષણોયુક્ત આ સ્તવ જ્યારે સમાધિમાં ઉપહારરૂપે આપ્યું હશે, ત્યારે જે હર્ષોન્માદ ઉપન્યો હશે, તે જ હર્ષ અહીં પ્રતિધ્વનિત થઈ રહ્યો છે!

ત્રણે આચાર્ય ભગવંતો સંગાથે અનેક મુનિવર્યોના શ્રીમુખેથી સહિયારાં મંત્રગાન સહ બંને ગુરૂરાજોની પ્રતિમાજીનાં પાંચ પાંચ અભિષેક સંપન્ન કરાયા પછી મુદ્રા-મંત્રોચ્ચાર સહિત પ્રાણપ્રતિષ્ઠા કરાવાઈ, ત્યારે તો બંને દિવંગત ઉચ્ચાત્માઓની ઉપસ્થિતિની જાણે સાક્ષાત્ અનુભૂતિ થઈ. કોણ કહી શકે કે અધ્યાત્મની વિદ્યાપીઠ સમા આ બંને આત્માઓ હવે અદીઠ છે?

**ત્યાં જ પ્રતિષ્ઠાની મંગલ ઘડી આવી પહોંચી.....**

ૐ પુણ્યાહં પુણ્યાહં... પ્રીયંન્તાં પ્રીયંન્તાં...'નાં રૂડાં સમૂહગાન સાથે લીંપાઈ ગુરૂમૂર્તિની પીઠિકાભૂમિ, જ્યાં રજત કચ્છપ, હેમનાણું - રૂપાનાણું વગેરે ભંડારાયા. ગુરૂદેવોની મૂર્તિપ્રતિષ્ઠાનું મુહૂર્ત હતું સવારે ૧૦:૧૦ કલાકનું. પ્રતિષ્ઠાની ક્ષણમહોર આવતાં જ ૩ નવકાર મહામંત્ર ગણીને ઉર્ધ્વ શ્વાસે બંને પ્રતિમાજીઓને સુપ્રતિષ્ઠિત કરાયા, ત્યારે ઘંટનાદના રણકાર સાથે ખરેખર જ મણિકાંચન યોગ ઉપન્યો!

'ભાવવિભોરતા કોને કહેવાય?' એમ કોઈ પૂછે તો ઉત્તરમાં પૂરતાં શબ્દો ન જડે... કિન્તુ પ્રશ્નકાર જો અહીં હોય તો જાણી શકે કે વરસતી આંખે હૃદયનું ગદ્‌ગદ્ થવું એટલે કેવી અનુભૂતિ? તત્‌પશ્ચાત્ યોજાયેલ અધ્યાત્મસંપન્ન યોગીરાજોની ગુણાનુવાદ સભામાં ઉપસ્થિત ગુરુભગવંતોની સર્ સર્ સરતી વાણીમાં મુક્તિની પગદંડી દર્શાવનાર તે ગુરુવર્યોની મૈત્રીભરી અધ્યાત્મયાત્રાના ગુણગાન ગવાયાં!

આરસમઢિત બંને ગુરુમૂર્તિઓ સુંદર કોતરણીમય ગુરુમંદિરો તથા પ્રતિષ્ઠા મહોત્સવનો સંપૂર્ણ લાભ લેનાર પરમ દાનવીર શ્રેષ્ઠીવર્ય શ્રી સી.કે. મહેતા પરિવારે આ અ-પૂર્વ અવસરને વધાવવા શ્રી સંઘ ઉપર અત્યંત ઉપકાર કર્યો છે, જેમાંથી ઉઋણ બનવું ખરે જ મુશ્કેલ બને!

❖ ❖ ❖ ❖

સંપર્ક : +91 98252 15500

# જિનશાસનમાં નારીનું સ્થાન

**મેહુલી કામદાર**

લક્ષ્મીવતી શેઠાણીની સાધાર્મિક ભક્તિ દ્વારા જિનશાસનને પ્રાપ્ત થયા ત્રણ અમૂલ્ય રત્નઃ- ઉદયન મંત્રી, કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય અને કુમારપાળ રાજા.

સાધર્મિકનો અર્થ બતાવતા શાસ્ત્રમાં કહ્યું છેઃ ''સમાન ધર્મો યેષામ તે સાધાર્મિકાઃ'' અર્થાત્ જે શ્રાવક અને શ્રાવિકા પરસ્પર એકબીજાના સાધર્મિક છે. શ્રાવક અને શ્રાવિકાને સાધુ કે સાધ્વી પ્રત્યે આદર અને બહુમાનના ભાવ હોય તે અત્યંત સહજ અને સ્વાભાવિક છે પરંતુ એક શ્રાવકને અન્ય શ્રાવક પ્રત્યે આદર અને બહુમાનના ભાવ હોય તે મહત્ત્વનું છે અને તેવા જ ભાવ લક્ષ્મીવતી શેઠાણીને હતા. પ્રત્યેક સાધર્મિક પ્રત્યે આદર અને સત્કારના ભાવ! તો ચાલો જાણીએ કઈ રીતે તેમણે સાધર્મિક ભક્તિ કરી :-

એક નગરમાં ઉદા નામનો વ્યાપારી પોતાના પરિવાર સાથે અત્યંત સુખપૂર્વક દિવસો પસાર કરી રહ્યા હતા, પરંતુ આપણે સહુ જાણીએ છીએ કે કોઈના પણ દિવસો એક સમાન રહેતા નથી.

ક્યારેક સુખ તો ક્યારેક દુઃખ, ક્યારેક પુણ્યનો ઉદય તો ક્યારેક પાપનો ઉદય અને પાપનો જ્યારે ઉદય થાય છે, ત્યારે કરોડપતિ પણ કરોડપતિ થઈ જાય છે અને આવી જ પરિસ્થિતિનું નિર્માણ ઉદાના જીવનમાં થાય છે, પરિણામે તેને

પોતાનું નગર છોડવું પડે છે, પોતાના બે દીકરા, એક દીકરી અને પત્ની સાથે અન્ય શહેરમાં ભાગ્ય અજમાવવા નીકળી પડે છે, પરંતુ આવા કપરા સમયમાં પણ ધર્મ પ્રત્યેની તેમની શ્રદ્ધા ડગમગતી નથી, બસ તેમના જીવનનો તો એક જ મંત્ર છે - ''જે થાય તે સારા માટે''. ત્રણ દિવસ થઈ ગયા છે, અન્નનો એક દાણો પણ પેટમાં ગયો નથી, બાળકો ભોજન માંગી રહ્યા છે પણ લાવવું ક્યાંથી? છેવટે એક નગરના દ્વાર પર આવી પહોંચે છે અને સામે જિનાલય દેખાય છે અને ઉદા કહે છે, સૌ પ્રથમ પરમાત્માના દર્શન ત્યાર પછી બીજી બધી વાત.

પરમાત્માના દર્શન કરે છે અને તેમની ભક્તિમાં લીન થઈ જાય છે, બાળકો માતા-પિતાના ખોળામાં સુઈ જાય છે.

તે જ સમયે લક્ષ્મીવતી શેઠાણી પણ પરમાત્માના દર્શન માટે આવે છે અને અત્યંત મધુરતા સાથે બંનેને સ્તુતિ કરતા જોઈને અત્યંત ભાવવિભોર થઈ જાય છે. શેઠાણી વિચારે છે કે આ પરિવારને પહેલા તો ક્યારેય પણ અહીં જોયા નથી, નક્કી આ શહેરમાં નવા આવ્યા છે, સંપૂર્ણ પરિસ્થિતિ તેમને ખ્યાલ આવી જાય છે અને મનમાં વિચારે છે કે આજે મને સાધર્મિક ભક્તિનો અમૂલ્ય અવસર પ્રાપ્ત થયો છે, આ પરિવાર માટે જો હું કંઈ કરી શકું તો ખરેખર મારું જીવન ધન્ય બની જાય.

ઉદા પોતાના પરિવાર સાથે જિનાલયથી બહાર નીકળે છે ત્યારે શેઠાણી તેમને વિનંતી કરે છે કે આપની સેવાનો મને લાભ આપો અને પોતાના ઘેર તેમને લઈ જાય છે અને અત્યંત પ્રેમપૂર્વક તેમને ભોજન કરાવે છે અને એટલું જ નહીં, પરંતુ પ્રભાવનારૂપે અમુક ધનરાશિ આપે છે. વેપાર કરવા માટે અને રહેવા માટે પોતાનું એક ઘર પણ આપે છે. ખરેખર ધન્ય છે તેમની આ ઉદારતાને!

ઉદાનો વેપાર સરસ ચાલવા માંડે છે અને તેના મનમાં શેઠાણીનું ઘર ખરીદવાનો વિચાર આવે છે.

એક સાધર્મિક પોતાનું ઘર ખરીદે એથી સારી વાત શેઠાણી માટે બીજી કઈ હોઈ શકે? ખુશી ખુશી, લક્ષ્મીવતીએ પોતાનું ઘર ઉદાને વેચી દીધું. થોડા સમય પછી ઉદાને વિચાર આવે છે કે આ ઘર ઘણું જૂનું છે તો નવેસરથી નિર્માણ કરવું અને ખોદકામ શરૂ થાય છે, જેમાંથી સુવર્ણમુદ્રાથી ભરેલ એક ઘડો મળી આવે છેઃ આ પરિસ્થિતિમાં સામાન્ય વ્યકિત તો એમ જ વિચારે કે ઘર મારું તો આ ઘડો પણ મારો, પરંતુ ઉદા તો ઘડો લઈને શેઠાણી પાસે જાય છે અને તેમને આ ઘડો આપે છે, પરંતુ શેઠાણી તે ધનને રાખવા તૈયાર નથી. તેઓ કહે છે કે ઘરની માલિકી તમારી છે, તો ધન પણ તમારું. પરંતુ ઉદા કહે છે કે, તમારા પૂર્વજોએ આ ધન દાટેલું છે માટે તમે જ તેના હકદાર છો. બંનેમાંથી કોઈપણ તે ધનને રાખવા તૈયાર નથી. અંતે આ વાત રાજા સુધી પહોંચે છે. રાજાને પણ સાંભળીને આશ્ચર્ય થાય છે કે ધન માટે તો લોકો એકબીજાની સાથે લડાઈ-ઝઘડા કરે, જુઠું બોલે, ચોરી કરે, વિશ્વાસઘાત કરે, મારી નાખે અને આ બંને ધન રાખવા તૈયાર નથી. અંતે આ ધનનો ઉપયોગ જિનાલયના નિર્માણકાર્યમાં થાય છે અને રાજા ઉદાની પ્રામાણિકતાથી એટલા બધા પ્રભાવિત થાય છે કે ઉદાને પોતાનો મંત્રી બનાવે છે અને ત્યારથી તે ઉદાયન મંત્રીના નામે પ્રસિદ્ધ થાય છે. મંત્રી બન્યા પછી ઉદાયન, જીર્ણોદ્ધારના જિનાલયના નિર્માણના અને શાસનપ્રભાવનાનાં અનેક કાર્યો કરે છે અને એટલા કાર્યોમાં અત્યંત મહત્વપૂર્ણ અને ઉલ્લેખનીય કાર્ય જે તેમના દ્વારા થયું તે હતું ચાંગદેવની દીક્ષા! જે આગળ જઈને કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય બને છે.

તો ચાલો, આપણે જાણીએ કે ચાંગદેવની દીક્ષામાં ઉદયન મંત્રી કઈ રીતે નિમિત્ત બન્યા :-

ધંધુકા નામની નગરી, ચાચીંગ પોતાની પાહિની નામની પત્ની સાથે રહેતો હતો. તે નગરમાં દેવચંદ્રસૂરિજી પધાર્યા હતા. પાહિની ધર્મપરાયણસ્ત્રી હતી, તે પ્રતિદિન આચાર્ય મહારાજના પ્રવચનો સાંભળવા જતી હતી. એક રાત્રીએ પાહિનીએ સ્વપ્ન જોયું, જેમાં બે દિવ્ય હાથ અને હાથમાં ચિંતામણી રત્ન હતું, તે ચિંતામણી રત્ન ન પાહિની એ ગ્રહણ કર્યું અને તે રત્ન તેણે દેવચંદ્રસૂરિજીને અર્પણ કર્યું. સવારે જાગ્યા બાદ તે આચાર્ય પાસે જાય છે અને સ્વપ્નનો અર્થ પૂછે છે. ત્યારે આચાર્ય કહે છે કે ''તમે ચિંતામણી રત્ન સમાન પુત્રને જન્મ આપશો અને તે પુત્ર જિનશાસનને દીપાવશે.''

આ વચનો સાંભળી પાહિની ધન્યતાનો અનુભવ કરે છે. ધર્મ આરાધનામાં પોતાના દિવસો પસાર કરે છે અને ચિંતામણી રત્ન સમાન પુત્રને જન્મ આપે છે, તેનું નામ ચાંગદેવ રાખવામાં આવે છે. બાળકો મોટા થાય અને અમુક વર્ષો બાદ ફરીથી આચાર્યદેવસૂરિ તે નગરમાં પધારે છે. પાહિની પોતાના પુત્ર સાથે દર્શન કરવા જાય છે અને આચાર્ય

યાદ કરો છે કે તમારે તમારા પુત્રને મને સોંપવાનો છે. વિચારો, પોતાના પુત્રને સોંપી દેવો, પોતાનાથી દૂર કરી દેવો. શું માતા-પિતા માટે આ સહેલું છે? પરંતુ પાહિની પોતાના સ્વાર્થનો વિચાર ન કરતા શાસનના હિતનો વિચાર કરે છે, ધન્ય છે આવી નારીને!

પોતાના પુત્રને સોંપી દે છે, પરંતુ પિતા પુત્રનો વિરહ સહન નથી કરી શકતા અને પુત્રને લેવા માટે ખંભાત જાય છે અને આચાર્યને વિનંતી કરે છે કે મને મારો પુત્ર પાછો આપી દો. હું તેના વગર નહીં રહી શકું અને તે જ સમયે ઉદાયન મંત્રી ત્યાં ઉપસ્થિત હતા. તેમણે યાચીંગને સમજાવ્યા કે શાસનને તમારા પુત્રની આવશ્યક્તા છે, એવું હોય તો હું તમને વચન આપું છું કે મારા બંને પુત્રો આપની સાથે રહેશે અને જીવનભર આપની સેવા કરશે પણ આપના પુત્રને અહીં રહેવા દ્યો. અંતે યાચીંગ માને છે અને યાંગદેવની દીક્ષાનું દાયિત્વ પણ પોતે સંભાળે છે. દીક્ષા બાદ યાંગદેવનું નામ સોમચંદ્ર રાખવામાં આવે છે, જે આગળ જઈને હેમચંદ્રાચાર્યનાં નામો પ્રસિદ્ધ થાય છે જેમને અદ્‌ભુત ગ્રંથોની રચના કરવા દ્વારા શાસનની પ્રભાવના કરી, કેટલાય વ્યક્તિના જીવનને પરિવર્તિત કર્યા, તેમાંની એક વ્યક્તિ એટલે કુમારપાળ રાજા.

કુમારપાળ રાજા નહોતા બન્યા તે સમયની આ વાત છે. જ્યારે તેઓ પોતાના પ્રાણ બચાવવા જંગલમાં ભટકતા હતા ત્યારે હેમચંદ્રાચાર્યે તેમને શરણ આપેલું અને રાજા બન્યા પછી જૈનધર્મ પ્રત્યે તેમની શ્રદ્ધા અત્યંત દઢ બની ગઈ હતી અને રાજા બન્યા પછી તેમણે અનેક શાસનસેવાના કાર્યો કર્યાં, શાસ્ત્રોને તાડપત્રો પર સુવર્ણ અક્ષરોથી લખાવ્યા, ૬,૩૫,૦૦૦ ગ્રંથોનું આલેખન કરાવ્યું, અમારી પ્રવર્તનની ઘોષણા કરાવી, ''માર'' શબ્દ બોલનારને પણ તેમના રાજ્યમાં દંડ કરવામાં આવતો. જિનાલયોના જીર્ણોદ્ધાર અને નિર્માણના અનેક કાર્યો કર્યા અને એટલું જ નહીં, પરંતુ પ્રતિ વર્ષ એક કરોડથી પણ અધિક ધનરાશિ સાધર્મિક ભક્તિ માટે વાપરતા. વિચારો પોતાના જીવનમાં કેવી ધર્મઆરાધના કુમારપાળા રાજાએ કરી હશે કે આવતી ચોવીસીમાં તેઓ પ્રથમ તીર્થંકરના ગણધર બનીને મોક્ષમાં જશે! વિચારો, આ બધા મૂળમાં શું હતું ? તો એક નારીની સાધર્મિક ભક્તિ !

જો લક્ષ્મીવતીએ ઉદાને સહાયતા ન કરી હોત તો તે મંત્રી બનત?

જો પાહિનીએ પોતાના સ્વાર્થનો વિચાર કરીને પોતાના પુત્રને સોંપ્યો ન હોત તો શું જિનશાસનને હેમચંદ્રાચાર્ય મળત?

આવી એક કે બે નહિ, પરંતુ અનેક નારીઓ બ્રાહ્મી, સુંદરી, ચંદનબાળા, મૃગાવતીજી, સુલસા, સુભદ્રા, સીતા, રેવતી, રાજેમતી વગેરે જેમની તપશ્ચર્યા પરોપકાર, સેવા, તેમનો અસીમ ત્યાગ, સહિષ્ણુતા, અતુલનીય સાહસની જેટલી અનુમોદના કરીએ તેટલી ઓછી છે.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 9163927995

---

**ફરીએ તો વિસ્તરીએ - ૯ :**

# જ્યાં ખુશી જ મોટી મૂડી

**જેલમ હાર્દિક**

ક્યાંક ભૂખરા તો ક્યાંક લીલા પહાડોને વીંટળાયેલી એ કેડીઓ પરથી પસાર થઈ રહ્યાં હતાં અમે.. એક બાજુએ અડીખમ પહાડો ને બીજી બાજુ ઊં..ડી ખીણ... બેય પોતપોતાના સહજ સ્વભાવે અમારી અડખે-પડખે ચાલતા પ્રવાસીઓ હતા જાણે...! નજર પહોંચે ત્યાં સુધી બસ એની અમાપ ઊંચાઈ ને અગાધ ઊંડાણ... આવું જોઈને ક્યારેક મને બીક લાગતી હોય, પણ ત્યારે તો બીક પણ જાણે એ સુંદરતામાં ખોવાઈ ગઈ હતી. અરે, હા... હા... કહું છું ક્યાં છીએ... આજે છીએ આપણે 'Thunder Dragon'ની ભૂમિમાં, ભૂતાનમાં. આ ભૂતાન એ એશિયાનો કદાચ એકમાત્ર એવો દેશ જે પોતાનાં લોકોને શિક્ષણ અને પ્રાથમિક સારવાર વિનામૂલ્યે આપે છે, જ્યાં માત્ર એમની પોતાની ઍર સર્વિસ જ આવી શકે છે, જ્યાં દુનિયાનું સૌથી જોખમી ઍરપોર્ટ છે, જેની રાજધાની થિમ્પુ દુનિયાની એકમાત્ર એવી રાજધાની છે જ્યાં ટ્રાફિક સિગ્નલ માટે એક પણ લાઈટ નથી, કેમ કે વાહન વ્યવહારને પોલીસ જ દોરે છે, અને હા, આ એ જ ભૂતાન કે જે દેશના વિકાસમાં GDP-Gross Domestic Products કરતાં GNH-Gross National

Happiness વધારે મહત્ત્વનું ગણે છે, ને કદાચ એટલે જ પોતાની ચારેકોર લગભગ કિલ્લેબંધી જેવું કરીને દેશને શક્ય તકલીફોથી સુરક્ષિત રાખવાના પ્રયત્ન કરે છે. જો કે ભૂતાન શબ્દ સાથે મારા મનમાં તો એક જ દશ્ય ઉઘડે; ચોમેર ખિલખિલાટ કરતી પ્રકૃતિ ને એની વચ્ચે એટલાં જ હસમુખાં અને હેતાળ લોકો ને એટલે આ વખતે તમને હું ત્યાંના ગામેગામની વાત ક્રમમાં કરવાને બદલે મને યાદ રહી ગયા છે એ અનુભવોની, કેમેરાને બદલે મારી મૅમરીમાં 'સેવ' થઈ ગયાં છે એ સ્થળોની વાત કરવાની છું. છો તૈયાર? તો ચાલો, જઈ પહોંચીએ ભૂતાન, ને તાજી કરીએ છ વર્ષ પહેલાની અમારી એ સફર.

અમદાવદથી કોલકાતા થઈ રોયલ ભૂતાની એકમાત્ર ઍરલાઈન દ્રુક ઍરમાં બેસી અમે પારો પહોંચ્યાં. આમ તો ત્યાં સુધી ઓન રોડ જવાય છે, આખો રસ્તો ખૂબ સુંદર હોવાની ખાતરી હતી, પણ એમાં સમય બહુ વધી જાય તો મૂળ ભૂતાન માટે સમય ઓછો રહે, એટલે અમે હવાનો રસ્તો પસંદ કર્યો. આમેય ઊડતા ડ્રેગનના દેશમાં ઊડીને પહોંચીએ તો માહોલ પહેલેથી જ બને કે નહીં...? બાકી, હિમાલયના પહાડોની તળેટીમાં નદીકિનારાના એ ઍરપોર્ટ પરનું ઉતરાણ પણ ક્યારેય ન ભૂલાય એવું હોં... જો સારું યાદ આવ્યું કે મારે તમને પહેલાં 'દ્રુક' શબ્દ વિશે થોડી વાત કરવી'તી. તમે કદાચ જાણતાં હશો કે 'દ્રુક' એટલે ડ્રેગન. તિબેટ અને ભૂતાનનું એ પૌરાણિક પાત્ર. તિબેટના એક ખાસ બૌદ્ધિક વિચારને અનુસરતા દ્રુકપા વંશના પ્રતીકમાં એનાં મૂળિયાં અડે. એના વિશેની કથા એવી છે કે આ બૌદ્ધિક સંપ્રદાયના, વિચારના સ્થાપક સાંગપા ગ્યારે એક મઠ બાંધી રહ્યા હતા, ત્યારે જોરદાર વાવાઝોડું આવ્યું અને વાદળાંનો ગડગડાટ સંભળાયો અને આ મેઘગર્જનાને ડ્રેગનની ગર્જના માની, એને મોટો સંકેત ગણીને એ મઠનું એમણે નામ પાડ્યું 'દ્રુક રાલુંગ', ને એમના શિષ્યો કહેવાયા દ્રુકપા. આ બૌદ્ધિક સંપ્રદાય ભૂતાન સુધી વિસ્તર્યો ને ખૂબ પ્રચલિ થયો ને એના પરથી જ ભૂતાનને 'Druk Yul', Land of Thunder Dragon કહેવાયું. ભૂતાનના રાષ્ટ્રધ્વજમાં આ ડ્રેગન કીમતી ઝવેરાત સાથે દેખાય છે, જેને લોકોની આંતરિક ને બાહ્ય સમૃદ્ધિનું પ્રતીક માની શકાય, અને એ ડ્રેગનના મોંઢામાંથી નીકળતી આગને ઉર્જાનું. તો આવી પહોંચ્યાં હતાં અમે આવા રસપ્રદ દેશમાં...

આ વખતે અમે કંડક્ટેડ ટૂર પસંદ કરી હતી, એટલે જેવા અમે નાનકડા ઍરપોર્ટની બહાર નીકળ્યાં કે તરત અમારા ગાઈડ ડેડુપ નોરબૂએ વારાફરતી અમને બધાંને ગળામાં 'ખટા', સફેદ રેશમી કાપડ, પહેરાવી એમની સંસ્કૃતિ પ્રમાણે અમારું સ્વાગત કર્યું. એણે પોતે 'ગો' પુરુષો માટેનો ત્યાંનો પરંપરાગત પહેરવેશ પહેર્યો હતો. અમે તો આ બધું જોતાંવેત ત્યાંની સંસ્કૃતિમાં રંગાઈ ગયાં, ને પ્રકૃતિ તો આંખમાં માંય એમ જ ક્યાં હતી...! પહેલાં ખીણ ને પછી પહાડો ભેગી હવે નદીય જોડાઈ હતી. કલકલ કરતી એના ચોખ્ખા પાણીમાં ઝીલાતું આકાશ ને લીલાંછમ વૃક્ષો. આ...હા...હા... એ જોતાં-જોતાં પારો તો અમે જાણે પલકારામાં પહોંચી ગયાં.

આખો પ્રદેશ જ નીતરી સુંદરતા હોય ત્યારે માત્ર પારો શું, રહેવાની અમારી દરેક જગ્યાઓ એનું પ્રતિબિંબ જ હોવાની હતી, તોય આ વખતે હૉટેલ્સ પસંદ કરવામાં, મેં સારો એવો સમય કાઢ્યો હતો, એમાં ના નહિ, કેમ કે એવું સાંભળ્યું હતું કે ત્યાંની હૉટેલ્સ ધાર્યા કરતાં સામાન્ય હોય છે. રહેવાનું જો ગમી જાય એવું હોય તો પ્રવાસનો આનંદ પાક્કો માનવો, ને છેવટે બન્યું પણ એવું જ... અમારું રહેવાનું એકદમ ચોખ્ખું ને સુંદર, ક્યાંક પહાડોને ખોળે તો ક્યાંક નદીકાંઠે હતું. એક તો સ્વિત્ઝૅલેન્ડ જેવડો આ દેશ, ને કુદરત પણ ત્યાંની જેમ જ અઢળક ઢોળાયેલી, એટલે જોવાલાયક સ્થળોની યાદી અમે બહુ લાંબી નહોતી રાખી. સ્વાભાવિક રીતે જ દરેક ગામના મુખ્ય વિસ્તારમાંથી પસાર થવાનું તો બન્યું જ. અમે સરકારી હૉસ્પિટલ પણ જોઈ. ત્યાં એલૉપથીની સાથે આપણાં આયુર્વેદની જેમ એમની પ્રાચીન ચિકિત્સા પદ્ધતિમાં પણ સારવાર થતી હતી, ને લોકોમાં એનો સ્વીકાર પણ અમને ખાસ્સો એવો દેખાયો. અને હા, મજાની વાત તો એ કે હોસ્પિટલનાં મકાનની બાંધણી પણ પરંપરાગત હતી. બૌદ્ધ વિચારને અનુસરતા બીજા દેશોમાં હોય એ રીતે મૂળે સફેદ રંગનાં મકાન ને ખાસ પ્રકારની લાલ-ભૂખરી ટોપી જેવી એની ટોચ. એની નીચે ચીતરેલી લાલ ને સોનેરી રંગની ડિઝાઈન એવી તો સરસ લાગે, જાણે એ આખા સફેદ મકાન ફરતે લટકણ ને ઝૂલવાળાં તોરણ ન બાંધ્યા હોય...! જ્યાં આપણી નજર પડે ત્યાં એવાં જ એકસરખાં મકાનો દેખાય, પણ તેમ છતાં એ બધું મિકેનિકલ લાગવાને બદલે ત્યાંની કુદરતના એક રૂપકડા અંશ જેમ એમાં જ ભળી જતું હતું, ને મજા એ જ વાતની હતી.

પછી અમે બજારમાંથી પસાર થયાં. મેં તમને કદાચ કહ્યું છે

કે હવે મોટે ભાગે હું બજારમાં જવાનું ટાળું છું, બિનજરૂરી વસ્તુઓનો સંઘરો ન કરું, એટલે જો કે મને જે-તે દેશ પ્રદેશની પરંપરાગત વસ્તુઓ ગમે બહુ, એટલે ક્યારેક થોડું લઈને સ્થાનિક લોકોને મદદ પણ કરવી જોઈએ, એવું લાગતાં હવે યાદગીરી તરીકે બહુ વિવેકપૂર્વક ખરીદું છું. બાકી ધીમે-ધીમે એવું સમજાયું છે કે યાદ સામાનમાં ભરવા કરતાં અનુભવમાં ભરવાથી વધુ પાસે રહે છે. બસ, તો એ ઉમેરવા ઢોળાવો ચડતાં એક દિવસ અમે પહોંચ્યાં થિમ્પુની એક ટેકરી ઉપર, જ્યાં હતી બુધ્ધની એક વિશાળ સોનેરી મૂર્તિ. આમ તો નીચે ગામમાંથીય દેખાતી હતી એટલી મોટી મૂર્તિ હતી એ પણ જેવાં અમે આંખો મીંચીને શાંતિથી બેઠેલા એ બુધ્ધની નજીક પહોંચ્યાં કે એમની સોનેરી શાંતિએ અમનેય માલામાલ કરી દીધાં... ધ્યાનખંડ પણ બનાવેલો છે ત્યાં, પણ આપણે તો ભાઈ; એ પહાડોને ખોળે બેઠેલા એ બુધ્ધના ખોળે જ પલાંઠી લગાવી દીધી ને એ શાંતિ ખાસ્સું એવું રહી સાથે.

હવે ગામમાં જઈને ત્યાંના લોકો જેવાં કપડામાં ફોટો પડાવવો છે, પણ એ કાલે કરશું થોડો આરામ કરીને... તો મળીએ પાછાં.

❖ ❖ ❖ ❖

સંપર્ક : jelamhardik@gmail.com
Australia

---

**ગાંધી મનન યાત્રા :**

# મહાત્મા ગાંધી, ઈસુ અને ખ્રિસ્તી ધર્મ

**સોનલ પરીખ**

'લગે રહો મુન્નાભાઈ'ના એક દૃશ્યમાં ચોકીદાર મુન્નાભાઈને લાફો મારે છે. મુન્નાભાઈ તમતમી જાય છે પણ કહે છે, 'સર્કિટ', બાપુને બોલા થા કિ કોઈ એક ગાલ પર મારેગા તો દુસરા ગાલ દેને કા. લે ભાઈ, માર લે.' પેલો બીજો તમાચો મારે છે. હવે મુન્નાભાઈ હસે છે, 'સર્કિટ', કોઈ દુસરે ગાલ પે ભી મારેગા તો ક્યા કરને કા યે બાપુને નહીં કહા થા.' અને મુન્નાભાઈ ચોકીદારને કચકચાવીને તમાચો મારે છે. આ દૃશ્ય જોઈ હસી પડતી વખતે અહિંસાનો અને અન્યાયના સામનાનો વિચાર પણ ધીરેથી મનમાં પ્રવેશે છે ખરો ?

મહાત્મા ગાંધીએ એકવાર કોઈને કહ્યું હતું કે, 'એમને ઈસુ ખ્રિસ્તીની બે વાત બહુ ગમે છે, એક તો 'પડોશીને પ્રેમ કરો' અને બીજી 'કોઈ એક ગાલ પર મારે તો બીજો ગાલ ધરવો અને કોઈ એક માઈલ ચાલવા કહે તો બે માઈલ ચાલવા' તે.

આ લખાય છે ત્યારે નાતાલના દિવસો ચાલી રહ્યા છે. મહાત્મા ગાંધી ઈસુ ખ્રિસ્તી અને ખ્રિસ્તી ધર્મથી સારા એવા નજીક હતા એ આપણે જાણીએ છીએ. થોડા સમય પહેલા કોઈના અંગત સંગ્રહમાંથી ગાંધીજીનો લખેલો એક પત્ર પચાસ હજાર ડૉલરમાં વેચાયો, તેમાં પણ તેમણે ઈસુ ખ્રિસ્તનો ઉલ્લેખ બહુ શ્રદ્ધાપૂર્વક કર્યો છે. આજે મહાત્મા ગાંધીના ઈસુ વિશેના વિચારો વિશે વાત કરવી છે. યાદ રહે કે મહાત્મા ગાંધી પોતાને સનાતની હિંદુ કહેતા પણ ક્રિયાકાંડમાં બિલકુલ ન પડતા, સર્વધર્મ સમભાવમાં માનતા, કોઈ પણ ધર્મ જો તર્ક, સત્ય અને નીતિથી વિમુખ હોય તો એ એમને અસ્વીકાર્ય હતો અને પ્રાર્થના માટે જોડાયેલા હાથ કરતા સેવામાં પ્રવૃત્ત હાથને તેઓ વધારે પવિત્ર માનતા.

ઓગણીસ વર્ષની ઉંમરે તેઓ વકીલાતનું ભણવા ઈંગ્લૅન્ડ ગયા ત્યારે એમનું હિંદુ ધર્મનું જ્ઞાન નહીંવત. તેમણે ગીતા પહેલીવાર ઈંગ્લૅન્ડમાં વાંચી અને તે પણ અંગ્રેજીમાં. એક મિત્રના આગ્રહને વશ થઈ બાઈબલ પણ ત્યારે જ વાંચ્યું. ગિરિપ્રવચનો ખૂબ ગમ્યાં. એમની ઉપર લખી તે બે વાત ત્યારે જ મનમાં ઊતરી ગઈ. દક્ષિણ આફ્રિકામાં એમના મિત્રવર્તુળમાં અનેક ખ્રિસ્તીઓ હતા અને એમની જિજ્ઞાસા જોઈ ધર્મવાર્તા કરતા પણ ખરા. આત્મકથામાં ગાંધીજીએ આ વિશે લંબાણથી રસપ્રદ વાતો કરી છે.

૧૯૩૧ના અંતે ગાંધીજી બીજી ગોળમેજી પરિષદમાં ભાગ લઈ લંડનથી ભારત પાછા ફરી રહ્યા હતા. સ્ટીમરમાં સવાર-સાંજ પ્રાર્થનાનો નિયમ પાળતા. ક્યારેક અન્ય પ્રવાસીઓ પણ જોડાતા. નાતાલનો દિવસ આવ્યો ત્યારે સવારની પ્રાર્થનામાં કેટલાક ખ્રિસ્તીઓ જોડાયા. એમણે ગાંધીજીને ઈસુ વિશે કંઈક કહેવા વિનંતી કરી.

ગાંધીજીએ કહ્યું ''આજથી સાડાચાર દાયકા પહેલા ઈંગ્લૅન્ડમાં મેં બાઈબલનો નવો કરાર અને ગિરિપ્રવચનો વાંચ્યાં. એ મારો ખ્રિસ્તી ધર્મ સાથેનો પહેલો પરિચય. હું જેમ જેમ સમજતો ગયો તેમ અનુભવતો ગયો કે ગિરિપ્રવચનોમાંના કેટલાકમાં મારા બાળપણમાં હું જે શીખ્યો

હતો અને જે મારા અસ્તિત્વનો ભાગ હતા તે સંસ્કારોનો પડઘો હતો, પણ ઈસુએ એક નવો નિયમ બતાવ્યો. એ નિયમ સાવ નવો ન હતો, પણ ઈસુએ એને જે ઓપ આપ્યો તે બિલકુલ નવો હતો કે આંખના બદલે આંખ કે દાંતના બદલે દાંત નહીં, પણ જે એક તમાચો મારે તેને બીજો ગાલ ધરવો. કોઈ એક માઈલ ચાલવા કહે તો બે માઈલ ચાલવું. ઈસુ અને ખ્રિસ્તી ધર્મને હું ગિરિપ્રવચનોના આ પ્રકાશમાં જોઉં છું. ઈસુ આ આદર્શને જીવી ગયા. એમનો ઉપદેશ હૃદયમાંથી નીકળી હૃદય સુધી પહોંચે છે.

''પણ બાઈબલમાં વર્ણવાયેલું ઈશ્વરનું રાજ્ય ક્યાં છે? જ્યાં સુધી દુનિયામાં ભૂખ છે, ત્યાં સુધી ઈસુને અવતરવાનું બાકી છે એમ સમજવું. ત્યાં સુધી તો ઈસુનો જન્મદિન ઉજવવો એ માત્ર એક પ્રણાલી છે. જ્યારે દુનિયામાં સાચી શાંતિ સ્થપાશે ત્યારે ઈસુ અવતર્યા ગણાશે. ત્યારે આપણે કોઈ ખાસ દિવસને ઈસુના જન્મદિન તરીકે ઉજવવાની જરૂર નહીં પડે, એ સતત ઉજવાતો રહેશે. આપણા દરેક વિચારમાં, આપણા દરેક કાર્યમાં. ઈસુએ શીખવ્યું કે જ્યાં સુધી સમસ્ત વિશ્વ માટે શાંતિની કામના જાગે નહીં, ત્યાં સુધી પોતાને પણ શાંતિ મળી શકે નહિ. આ સિદ્ધાંત યુક્લીડના પ્રમેય જેવો અફર અને સ્વયંસ્થાપિત છે. વિગ્રહ, કલહ અને સંઘર્ષ વચ્ચે શાંતિનો અનુભવ ત્યારે જ શક્ય છે જ્યારે તમે એના નિવારણ માટે જિંદગી આપી હોય, શૂળી પર ચડી ગયા હો. એટલે, ચમત્કારિક જન્મની જેમ ક્રોસ પણ એક શાશ્વત ઘટના છે. ઈસુના જન્મને ક્રૂસારોહણ વિના કલ્પી શકાય નહીં. ઈસુનું જીવન એટલે ક્રોસ પર જોડાયેલું જીવન. એના વિનાનું એટલે જીવતું મોત.''

બીજું વિશ્વયુદ્ધ શરૂ થવાનું હતું ત્યારની વાત. ૧૯૩૮ની પાનખરની એક સાંજે મદ્રાસમાં ખ્રિસ્તીઓનું આંતરરાષ્ટ્રીય સંમેલન હતું. એમાંના થોડા 'એક હિંદુ અધિનાયકના ચરણમાં બેસી ઈસુને વધારે સારી રીતે સમજવા'ના હેતુ સાથે મહાત્મા ગાંધીને મળવા આવ્યા. વાતચીત દરમ્યાન ગાંધીજીએ ઈસુના ધનસંબંધી વિચારોની વાત કરતા કહ્યું. ''ઈશ્વર અને કુબેર બન્નેની પૂજા એક સાથે થઈ શકે નહીં. મને હંમેશા એવું લાગ્યું છે કે જ્યારે કોઈ ધાર્મિક સંસ્થા પાસે જરૂર કરતા વધારે નાણાં હોય ત્યારે એમની આસ્થા ઈશ્વરથી વિમુખ અને ધન પ્રત્યે અભિમુખ થાય છે. દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહ કૂચ વખતે મારા ખિસ્સામાં એક પૈસો ન હતો અને મારે ત્રણ હજાર લોકોને ખવડાવવાનું હતું, પણ મારા હૈયે હળવાશ હતી – જો ઈશ્વરની ઈચ્છા હશે તો કૂચ ચાલુ રહેશે. અને ભારતમાંથી નાણાનો વરસાદ થયો. મારે એ રોકવું પડ્યું. કેમ કે ધન આવ્યું અને મારી દરિદ્રતા શરૂ થઈ. નાણાકીય સદ્ધરતા આવે એટલે આધ્યાત્મિકતાનું દેવાળું ફૂંકાય. વિશ્વયુદ્ધ પહેલાં આ ખ્રિસ્તીઓને અને વિશ્વયુદ્ધ પછી પત્રકાર વિન્સેન્ટ શીનને મહાત્મા ગાંધીએ કહ્યું હતું. ''સાધ્ય શુદ્ધ હોય તેટલું પૂરતું નથી, સાધન પણ શુદ્ધ હોવું જોઈએ.'' અને ''શુભ પરિણામ માટે અહિંસા અનિવાર્ય છે.''

ખ્રિસ્તી ધર્મ માટે ગાંધીજીને આકર્ષણ હતું તે ઈસુને કારણે અને ઈસુ પ્રત્યે આકર્ષણ હતું તે તેમના સર્વ–આશ્લેષી પ્રેમને કારણે. એવો પ્રેમ, જે પડોશીને જ નહીં, દુશ્મનને પણ – જે કષ્ટ આપે છે તેને પણ ચાહે. સૌનું ભલું ઈચ્છે. ગાંધીજીએ એક વાર કહ્યું હતું કે ''ઈસુ અમર છે તે આ પ્રેમને કારણે. આવો પ્રેમ ન શીખવ્યો હોત તો તેમનું જીવ્યું સફળ ન હોત. ઈસુ શુદ્ધ–સાચા મુક્તિદૂતને માનવજાતના શ્રેષ્ઠ માર્ગદર્શક હતા. એમણે અન્યના ભલા માટે, વિરોધીના પણ ભલા માટે પોતાના પ્રાણનું બલિદાન આપ્યું.''

માર્ટીન લ્યુથરકિંગ જુનિયર મહાત્મા ગાંધીને ''ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યા વિનાના સાચા ખ્રિસ્તી'' છે એનું કારણ પણ આપે છે. ''ઈસુએ આપેલ પ્રેમ અને અહિંસાના મંત્રોને ગાંધીએ સામુદાયિક આચરણમાં લાવી બતાવ્યા.'' ગાંધીજીનું આ આગવું પ્રદાન હતું. ઈસુના પ્રેમ, કરુણા અને અહિંસાને એના તમામ વ્યાપ, ઊંડાણ અને ઉચ્ચતા સાથે તેઓ પોતે જીવી ગયા અને આસપાસના લોકોને પણ એમ કરવા પ્રેર્યા.

આપણે પણ આ શીખવાનું છે. ગાંધીજીના શબ્દોને, એમના મંત્રોને રટતા રહેવું સહેલું છે, પણ એને આજના સંદર્ભમાં સમજીને આચરણમાં ઉતારવાનું અઘરું છે. એની ચેતના સમાજમાં જગાડવાનું તો એનાથી પણ અઘરું છે. સત્ય, પ્રેમ, અહિંસા, સત્યાગ્રહ, ન્યાય, સાધનશુદ્ધિ, સર્વધર્મસમભાવ આ બધાની જરૂર કયા યુગને નથી? પણ આપણને શબ્દોને વળગી રહેતા અને એના પ્રાણતત્ત્વની ઉપેક્ષા કરવાનું ફાવી ગયું છે અને એ જ આજની સમસ્યાનું મૂળ છે.

ગાંધીજીએ ઈસુને પોતાના યુગ સંદર્ભે અમલમાં મૂક્યા, આપણે ગાંધીજીને આપણા યુગ સંદર્ભે અમલમાં મૂકવાના છે.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 98337 08494

# Bhavna - Anitya Bhavna

**Prachi Dhanvant Shah**

"Beautiful thoughts build a beautiful soul". And beauty always ascends from your exquisite spirit. When you emulsify your beautiful thoughts with stanch & blissful spirit, you would certainly exhibit a gorgeous soul. Mahatma Gandhi always emphasized that your thoughts eventually become your reaction and action, and your action portrays your character, your beauty.

"A beautiful life will bloom from a beautiful mind that is nurtured by beautiful thoughts. At any time you can allow beauty to flow within you" – Dodinsky (Author of "In the Garden of Thoughts")

We all living beings are gifted with the ability to think and react. We are embraced with feelings and emotions and we all tend to react to these feelings. But the way we react and to what extent we react is merely in our control. The one who can experience the emotion but does not react and stays in equanimity and self-control is Vitragi. This equanimity can be attained only through meditation and keep reminding yourself about being in self-control. As explained in Jain philosophy, Anupreksha – introspection by means of meditation with respect to Bhavna is the ultimate pathway to composure and spiritual assets.

Every individual may react to a situation differently and that is because of many different circumstances. The surrounding worldly factors, his/her past karmas and present life, his conscious self and many more play a vital role in an individual's persona. Based on his/her persona/ Bhav, he would react. For instance, upon seeing a monk, a Jain Shravak/Shravika would be overwhelmed with worship and seek for Gochari Labh. A common and non-Jain individual might look at the monk with a different persona. He might just ignore him or be upended. At the same time if a robber glances at the monk he might just think of robbing him. This means, Bhav (feelings) = Coincidence (sanyog) + Past memories + Karmas of past life.

Jain philosophy has always emphasized the significance of thoughts behind actions. Jain religion teaches us that it is not the action, but the intention behind the action that matters most which results in the accumulation of Karma. And so, it is very essential to be conscious of your thoughts more than actions. Be mindful of your mindset and cautious of your essence. Your everyday lifestyle should essentially emphasize on intentions and brainwaves to be composed and in equanimity. To help us with the same, Jain philosophy has explained this phenomenon in a very precise and explicit manner, by means of Bhavna. The movement (action) of our inauspicious thoughts in our mind is called Bhavna. To cleanse our inauspicious thoughts, our Tirthankara has intended knowledge of 12 Bhavna.: -

(1) Anitya Bhavana; (2) Asharan Bhavana; (3) Samsar Bhavana; (4) Ekatva Bhavana; (5) Anyatva Bhavana; (6) Ashuchi Bhavana; (7) Ashrav Bhavana; (8) Samvar Bhavana ; (9) Nirjara Bhavana; (10) Lokaswarup Bhavana; (11) Bodh Durlabh Bhavana; (12) Dharma Durlabh Bhavana.

These 12 contemplating Bhavnas explain the reality of our existence. They are envisioned to serve as a facilitator to spiritual progress, produce detachment, and proliferate the aspirants from the sphere of desire to the path of renunciation. Besides these 12 bhavnas, Jain philosophy has also expounded four more bhavnas that are correlated with your everyday action and life. These four Bhavnas help us escalate our characteristic merits in our daily life. They are,

1) Maitri Bhavna ( Friendship); 2) Pramod Bhavna ( gratitude ); 3) Karuna Bhavna (Compassion) ;

4) Madhyasthya (Equanimity).

These auxiliary four bhavnas are also equally essential for us to be conscious about and we should debrief ourselves by reminding of these bhavnas to intensify our persona.

*******

**1. Anitya Bhavna – Impermanence of the world**

'A'- non; 'nitya'- permanent = Anitya =

nonpermanent i.e. impermanence. Nothing on this earth, in this world, is permanent. Everything that is in existence today, will perish tomorrow. Be it life, youth, wealth, materialistic assets, etc. Although this universe is constant and permanent, nothing in this universe is permanent. This is the bitter fact of life; Impermanence is the permanent law of this nature. If we understand this with sustainable knowledge and perception, you will lead your life on the right path with mere happiness and bliss. And besides, in this worldly life, when this persona of Anitya Bhavna is acclaimed, you will become more accepting, more understanding, and less judgmental.

Nothing is permanent, not that you own, not that you love, not even your own shadow… it leaves you in darkness so then why is there an attachment? Your body in which your soul resides will also perish one day and your soul will find its other route. Hence, the paramount truth is, nurture your soul with spiritual values for it to reach the essential aspiration of serenity and liberation.

Anitya Bhavna explained in Jain Philosophy, exhilarates giving up one's attachment. As it depicts, everything that is present today, will end one day, enhancing our reflection with this fact, that nothing is eternal or permanent, will enable us to slowly amalgamate our attachments to detachments. Eventually, our soul will attain freedom and constancy. We see everything around us which exists today, but will succumb eventually. These green leaves in nature outside will turn yellow and shed off in fall season, the expensive car lying in our driveway will break down one day, the newly furnished freshly painted house will wear off soon, the external beauty we flaunt in our youth will fade upon aging, but the only thing that will shine forever is our soul. The more we nurture it with spiritual values, the more affluent and enduring will it be? It is trivial to chase behind materialistic gains and happiness.

This reminds me of a heart-wrenching episode of a family in our neighborhood. There was a couple who migrated from India in 1975. Coming from a small town of Gujarat, they came to the U.S.A without any planning and backup plans They started their life working doing labor jobs in motels & Grocery stores. Although, being newly married, they did not spend much time together as they had much more to think about and worry about in their life. Everyday expenses, paying utility bills, and surviving each day as it came. To add to that, they welcomed a new baby of theirs with all heart and happiness. Of Course, expenses doubled and besides just surviving for each day, they had to start planning for their child. But as time passed by, the man of the family got a better job, and his wife was also doing a decent job to earn a good amount of money. Their child started going to school, they bought a nice big home, hired a babysitter to take care of the child when his parents were at work. Their greed to earn more and more money took away their time from each other and also could not enjoy the growing time of their child. Because they worried more about their future, more assets for their child, more luxuries, and other materialistic greeds. They had more than they needed. Although, being Jain by religion, they were never inclined towards the right path of spirituality, never practiced Jain religion, neither had any time to think about the Jain way of life. This couple leads their busy life working double shifts, buying more houses and motels, building assets for their child, and enjoying themselves partying and socializing. Years passed by and their child grew up as a young boy, finished graduation, and enjoyed life partying with his friends all the time. But who knew what was to unfold in the future and whatever they had planned would turn upside down. Fate had something very unexpected restored for them. One day, their son met with a major car accident and lost his life. With this tragedy, the couple's dreams, wishes, planning, everything ended along with their child's life. They were shattered with the loss. Within just 2 months, the man who was living his life in shock and distress got a heart stroke and lost his life too. His wife was left all alone. She had wealth, a big house, all the luxuries but did not have anyone to enjoy her life with. She started suffering from many health issues and became a patient of Alzheimer's disease. One night she was sleeping and for some reason due to electrical faults, the house caught fire. When the fire extinguishers arrived, they could rescue only her

body which was completely burnt. She lost her life in her sleep, her body turned to ashes. This was the end to this couple's life in this birth. Where while worrying about tomorrow, they forgot to live in their present. When they kept planning for the future and gathering assets for their child, they did not know their child would not be around to live with it. Their attachment to the materialistic world overtook their spiritual assets and everything including their life had a dreadful end.

Every happiness that you experience has an end and so does every bereavement. Hence it is not ideal to feel extremely contended when you are rewarded with any materialistic resource, and at the same time, mourning over a loss is not veracious too. The same applies to a body. Our soul who is an invitee to our body is perpetual, but the body in which this soul resides will perish one day. One day, this body will stop functioning and will succumb. We tend to forget this fact and land up clinging to transitory things, which are bound to change and perish one day. We overlook the mere fact that our spirit is the only veracity that is permanent. And during this process, we land up entering the karmic cycle and be bonded to bad karma.

An episode in King Bharat's life also reflects how just by contemplating the mortality of outer beauty and body, one can realize the true essence of the soul. King Bharat was the oldest son of Lord Rishabdev. Everyone in his kingdom admired him and were very happy under his administration. Being a king, he used to enjoy exhibiting his personality by wearing outrageous costumes and royal jewelry. One day, Bharat entered his room and dressed up carefully, adorning his body with his luxurious, glittering, royal clothes, and unique precious jewelry. He often entered the Adarshagriha (a room made up of mirrors) and admired the allure of his attire and ornaments. He sat on his throne and facing the East, started admiring his beauty in the mirror with great concentration and devotion. He felt elated and content at the reflection of his physical beauty. While engrossed in admiring his outer glorious beauty, he did not notice that one of his rings from his fingers slipped off and fell on the ground. But suddenly when he glanced at his empty finger, he felt that his finger looked not appealing at all. This was the moment of realization that just a small ring could make his finger look ugly, so if he did not wear all the expensive jewelry and the flamboyant clothes, how unattractive and awful would he look? He acknowledged and interrogated that the people of his kingdom find him appealing and adore him just because of his outlook and gorgeous outer appeal. They never appreciated and acknowledged the inner beauty he beholds. They never perceived what his soul had to reflect. These swirls of thoughts made him reconcile the ultimate truth that the body is nothing without the soul. The body that he adored and the people of his kingdom admired is the mere unpleasant amalgamation of skin, flesh and blood & bones, which will perish one day. He understood that the body to which he is attached to such an extent does not belong to him. His soul is a mere guest in that body. And when his body itself does not belong to him, then how can he be so attached to his kingdom, his wealth, his people, his family? He immediately envisaged the fatality of the body and instantly destroyed his karma completely. He achieved emancipation without practicing any severe penance. His prompt intense realization of fatal attachment and anitya, led him to shed off all his karmas and achieve liberation.

Although in today's worldly glamorous life, one would say this is easier said than done. How is it possible to practice Anitya bhavna when you are leading a life in this socio-economic world? This is true to some extent. But it is not impossible. Every aspiration begins with small baby steps. Firstly you need to sit with a calm and compost posture and interrogate asking, if seeking spiritual aspiration one of the goals of your life? If the answer is yes, then you got it! An eternal gust of bliss is always in existence around us, all we need to do is welcome it with open arms and nurture our soul. While in interrogation with yourself, you would require to focus your concentration from your body to your soul. Although, deviation of focus from the preoccupied mind with worldly attachment to your soul is a major anatomical swift, and is challenging. To begin with, we can constrain our cravings for materialistic needs and instruct our minds to deny

those cravings. Living in this worldly life, our social-economic needs would have no end, although, when you crave something, you can at least check with yourself if there is an absolute need for it. Eventually, we would master our mind and our mind would assuredly be under our constraints. Living within our needs and not wants would certainly help us bring stability to our mindset, accelerate discipline, and bring us closer to our soul. Besides, when our constant craving for unnecessary materialistic wants dwindles, we would realize how frivolous it is to chase behind them and we can very happily live without it. There would not be any grief of loss rather one would experience the bliss of spiritual enrichment. So we constantly need to cultivate our mind that our soul is separate from our body and nothing belongs to you. Nothing is permanent. The more we nurture our soul and mindset with the certainty of **Anitya Bhavna**, the more effortless would it be to detach yourself from worldly matters, materialistic leisures, and relations, and eventually, higher will be the bliss and serenity within us. And then, there is no looking behind. You have found your path!

"The true value of a human being can be found in the degree to which he has attained liberation from the self!"

- Albert Einstein

❖ ❖ ❖ ❖

સંપર્ક : - Prachi Dhanvant Shah
prachishah0809@gmail.com +1-9175825643

# Introduction to Jain Thinkers - 1 :
# Umasvati/ Umaswami

**Dr. Kamini Gogri**

Umaswati was born in Nyagrodhika village. His father was Svati and his mother was Uma. Umaswati was thus called as Svatitanaya after his father's name and as Vatsisuta after his mother's lineage. His name is a combination of the names of his parents. Umaswati is also known as Vacaka-sramana and Nagaravacaka. Digambara call him Umasvamin. Paul Dundas agrees that Tattvartha Sutra is among the oldest surviving Jaina philosophy text along with Bhagavati Sutra and the older Rsibhasitani, but dates Umaswati and the text to the 4th- to 5th-century.Umaswati authored his scriptural work the Tattvartha Sutra when he was in Pataliputra or Kusumapura (now known as Patna, Bihar). He was the first Jain thinker to have written a philosophical work in the sutra style.

Umaswati in his Tattvartha Sutra, an aphoristic sutra text in Sanskrit language, enunciates the complete Jain philosophy.He includes the doctrines on the subjects of non-violence or ahimsa, Anekantavada (simultaneous existence and non-existence of something), and non-possession. The text, states Jaini, summarizes "religious, ethical and philosophical" themes of Jainism in the second century India. The Sûtras or verses have found ready acceptance with all the sects of Jainas, and on which bhasya (reviews and commentaries) have been written. Umaswati states that these beliefs are essential to achieving moksha or emancipation.His sutra have been variously translated. The first verse of Tattvartha Sutra has been translated as follows:"The enlightened darsana (world view), enlightened knowledge and enlightened conduct are the path to liberation" – Translated by Nathmal Tatia

"Right faith, right knowledge and right conduct constitute the path to liberation. Umaswati, Tattvartha Sutra 1.1

**Seven categories of truth**

The core theology of Umaswati in Tattvartha Sutra presents seven categories of truth in sutra 1.4:

1. Souls exist (Jîva)
2. Non-sentient matter exists (ajiva)
3. Karmic particles exist that inflow to each soul (asrava)
4. Karmic particles bind to the soul which transmigrate with rebirth (bandha)
5. Karmic particles inflow can be stopped (samvara)

6. Karmic particles can fall away from soul (nirjara)
7. Complete release of karmic particles leads to liberation from worldly bondage (moksha)

Umaswati categorizes the types of knowledge to be empirical, attained through one's sense of perception; articulation that which is acquired through literature; clairvoyance is perception of things outside the natural reach of senses; mind reading; and omniscience.[28] In chapter 2, Umaswati presents sutras on soul. He asserts that soul is distinguished by suppression of deluding karma, or elimination of eight types of karmas, or partial presence of destructive karmas, or arising of eight types of new karmas, or those that are innate to the soul, or a combination of these.[29] In chapter 3 through 6, Umaswati presents sutras for his first three categories of truth.[30]

In chapter 7, Umaswati presents the Jaina vows and explains their value in stopping karmic particle inflow to the soul. The vows, translates Nathmal Tatia, are ahimsa (abstinencefrom violence), anirta (abstinencefrom falsehood), asteya (abstinencefrom stealing), brahmacharya (abstinence from carnality), and aparigraha (abstinence from possessiveness).[31]

**Karma and rebirths**

Umaswati, in chapter 8 of Tattvartha Sutra presents his sutras on how karma affects rebirths. He asserts that accumulated karma in life determine the length of life and realm of rebirth for each soul in each of four states – infernal beings, plants and animals, human beings and as gods. Further, states Umaswati, karma also affects the body, the shape, the characteristics as well as the status of the soul within the same species, such as Ucchi (upper) or Nicchi (lower) status. The accumulated and new karma are material particles, states Umaswati, which stick to the soul and these travel with the soul from one life to the next as bondage, where each ripens. Once ripened, the karmic particles fall off, states Umaswati.

**Shedding karma and liberation**

The chapter 9 of Tattvartha Sutra by Umaswati describe how karmic particles can be stopped from attaching to the soul and how these can be shed. He asserts that gupti (curbing activity), dharma (virtues such as forbearance, modesty, purity, truthfulness, self-restraint, austerity, renunciation), contemplation, endurance in hardship (he lists twenty two hardships including hunger, thirst, cold, heat, nakedness, injury, lack of gain, illness, praise, disrespect), and with good character towards others (he lists five – equanimity, reinitiation, non-injury (ahimsa), slight passion and fair conduct), a soul stops karmic accumulations. External austerities such as fasting, reduced diet and isolated habitation, while internal austerities such as expiation, reverence, service, renunciation and meditation, according to Umaswati, along with respectful service to teachers and ailing ascetics help shed karma.

The state of liberation is presented in Chapter 10 by Umaswati. It is achieved when deluding and obstructive karmas have been destroyed. This leads to the state of quietism and potentiality, and the soul then moves to the end of the universe, states Umaswati.

**Works**

The Tattvartha Sutra has been the most important work of Umaswati. However, this text exists in at least two overlapping versions. The Svetambara version and the Digambara versions differ, for example, in sutras 1.33 and 1.34, with the Svetambara version listing five nayas and the Digambara version listing seven. Along with Tattvartha Sutra, he also wrote Prasamarati, a guide for the aspirant on the path of peace and liberation from karmic bondage.

Umaswati's text Tattvartha Sutra was composed in Sanskrit, making it, according to Johnson, the earliest extant Sanskrit language literature related to Jainism. His text was cherished not only by the Jaina traditions, but widely distributed and preserved by the Hindus for centuries. The Hindu theistic scholar Madhvacharya praised Umaswati's ideas in the 13th-century, calling him Umasvati Vachakacharya (literally "expressive teacher"), as Madhvacharya developed his sub-school of dualism.

The Prasamarati-prakarana of this learned author is one of the master-pieces in this direction. This is also a compendious work covering the quintessence

of Jainism in a convincing manner. Though many other works such as Jambudvipa-samasa, Sravaka-prajnapti and Puja-prakarana are attributed to this author, but the two works viz., Tattvarthadhigama-sutra and Prasamarati-prakarana are really milestones and have left unimaginable impact on the later Jaina writers and have proved to be a milch-cow for later commentators for quotations. Tattvarthadhigama-sutra is purely philosophical in its nature while Prasamarati is religo-philosophical treatise of more popular nature addressed to monks and lay followers. His contribution to metaphysics and ethics through these two works is perhaps the most valuable contribution, not merely to Indian philosophy, but to world thought.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 9619379589

# શ્રી ભક્તામર સ્તોત્ર-આસ્વાદ

ડૉ. રતનબેન ખીમજી છાડવા

ગાથા - ૨૭

**શત્રુ ભયસંહારક**

**કો વિસ્મયોડત્ર યદિ નામ ગુણૈરશેષૈ**
**સ્તવ સંશ્રિતો નિરવકાશતયા મુનીશ!**
**દોષૈ રુપાત્ત વિવિધાશ્રય જાત ગર્વૈઃ**
**સ્વપ્નાંતરેડપિ ન કદાચિદ - પીક્ષિતોડસિ ।।૨૭।।**

**ભાવાર્થ :-** હે મુનીશ! સંસારમાં જેટલા ગુણો છે તે બધા ગુણોથી આપ અવકાશ રહિત ભરપૂર છો તેમાં કોઈ આશ્ચર્ય નથી કારણ કે વિવિધ પ્રકારે જુદા જુદા સ્થાનોમાં આશ્રય મળવાથી શું આ દોષો અભિમાની બની ગયા નથી? અભિમાની બન્યા પછી આપ જેવા જિનેશ્વરની અવહેલના કરી સ્વપ્નમાં પણ આપની પાસે ક્યાંથી આવે? અર્થાત્ આપે તેનો સર્વથા અનાદર કર્યો છે તેથી દોષોનો આપનામાં સર્વથા અભાવ છે. આપનામાં ફક્ત ગુણોનો સમૂહ જ છે.

**વિવેચન :-** પ્રસ્તુત શ્લોકમાં સ્તુતિકારે સર્વજ્ઞ એવા જિનેશ્વરમાં દોષોનો સર્વથા અભાવ અને ગુણોની પૂર્ણતા બતાવીને ભાવસ્તુતિ કરી છે. આ શ્લોકમાં કવિશ્રીએ કાવ્યકલાનું કૌશલ્ય દ્વારા છાયાવાદનું અવલંબન લઈ અરૂપી એવા તત્ત્વોને વ્યક્તિત્વનું રૂપ આપી અન્યથા ઉપદેશ આપવાની પ્રણાલી પ્રગટ કરી છે.

સમગ્ર સાંસારિક જીવોના જો કોઈ મોટામાં મોટા દુશ્મન હોય તો તે રાગદ્વેષ જેવા આધ્યાત્મિક દોષ છે. આ દોષો ફૂલીફાલીને સમગ્ર જીવરાશિ ઉપર પોતાની પ્રભુતા સ્થાપિત કરી તેના પર રાજ કરે છે અને સમગ્ર રીતે સંચાલન પણ કરે છે. આ દોષોને વાચા નથી, તેમ છતાં પણ વણબોલ્યે એ બધા કર્મો-કાર્યો કરાવી શકે છે. અહીં કવિશ્રીએ દોષોમાં અહંકારનું સ્થાપન કરી દોષોને ઘમંડી કહ્યા છે. જ્યારે સામા પક્ષમાં સર્વથા દોષરહિત એવા જિનેશ્વરદેવને દષ્ટિગત રાખી પ્રભુને પ્રશ્ન કરે કે, હે પ્રભો! આપનામાં એક પણ દોષનો આવિર્ભાવ નથી, સર્વથા છો, જે નિર્દોષ ભાવે આત્મરમણ કરી રહ્યા, તો શું આ દોષો આપની પાસે આવતા નથી?

આ પ્રશ્નની સાથે જ કવિશ્રીને તેનો ઉત્તર પણ સ્વતઃ સમજાય છે કે અહો ! આ દોષો તો ઘણા ઘમંડી છે. તેના ઘમંડનું કારણ પણ મનુષ્ય કે ત્રિજગતની જીવરાશિ છે. જેઓ દોષોને આદરપૂર્વક, માનપૂર્વક પોતાના હૃદયમાં સ્થાન આપે છે, તેનું પોષણ કરે છે. આ દોષોનું પોષણ કરવા માટે પોતાનું પુણ્ય, ધર્મ વગેરે પણ ખર્ચી નાંખે છે. આથી ઘમંડી દોષો એટલા બધા ફૂલ્યાફાલ્યા છે કે તેઓને સ્વપ્નમાં પણ પ્રભુ જેવા જિનેશ્વરની સામે પણ જોવું પડતું નથી, અર્થાત્ પ્રદોષોને પ્રભુમાં આશ્રય લેવાની જરૂર પડતી નથી. બે લગામ બનેલા આ દોષોને પ્રભુની પરવાહ નથી, કારણકે કરોડો મનુષ્ય આદિનું તેઓને પીઠબળ મળ્યું છે. આમ પ્રસ્તુત શ્લોકમાં કવિશ્રીએ અલૌકિક રીતે છાયાવાદનો આધાર લઈ દોષોનાં અગોચર રૂપને મૂર્તિમંત દર્શાવ્યું છે. સાધકને પ્રતિરોધક શક્તિનું ભાન કરાવી તેઓએ નિર્દોષ એવા શુદ્ધ આત્મતત્ત્વ જેને ગુણોનો ભંડાર કહીને આત્માનું વિધિસ્વરૂપ પ્રગટ કર્યું છે.

ભક્તિની રસધારામાં પ્રભુનું નિર્દોષ સ્વરૂપ નિહાળીને કવિશ્રી વિસ્મય તો પામ્યા છે તો પણ પ્રસ્તુત શ્લોકની પ્રથમ પંક્તિમાં જ 'કો વિસ્મયોડત્ર', અર્થાત સ્વયં જ પ્રશ્ન કરે છે કે ખરેખર આમાં એવો કયો વિસ્મિતભાવ છે? આ પ્રશ્ન જ સૂચવે છે કે કવિશ્રીને વિસ્મયભાવ તો ઉદ્ભવ્યો છે. તેમને નવાઈ તો એ લાગે છે કે દેવાધિદેવ સંપૂર્ણ નિર્દોષ છે. કોઈ પણ દોષ તેમને સ્પર્શતા નથી. આવા સમર્થ પ્રભુ તો નિર્દોષ હોય જ ને! તેમાં વળી આશ્ચર્ય શું હોય? હકીકતમાં આશ્ચર્ય

થયું છે પરંતુ તેનું કોઈ કારણ દેખાયું નથી. જેમકે સમુદ્રને જોઈને કોઈ બોલે કે આટલો મોટો જળસમૂહ હોય ત્યાં મોટાં મોટાં મગરમચ્છ હોય તે કાંઈ નવાઈની વાત નથી. હકીકતમાં જોનારને મોટા મગરમચ્છ જોઈને આશ્ચર્ય તો થાય છે પરંતુ આશ્ચર્યનું કારણ નથી તેમ પોતાના મનને સમાહિત કરે છે. તેવી જ રીતે અહીં પ્રભુના વિરાટ અને નિર્દોષ રૂપના દર્શન કરીને આચાર્યશ્રી આશ્ચર્ય પામવા છતાં કહે છે કે ખરેખર! આમાં નવાઈ જેવું કાંઈ નથી. કારણ કે પ્રભુના અણુઅણુમાં ગુણો રહેલા છે. અહીં દોષો ફરકી શકે તેમ નથી પરંતુ નવી નવાઈ તો એ છે કે આ દોષો પ્રભુની સામે જોવા પણ માંગતા નથી એટલું જ નહિ, તે દોષો પાળેલા જાનવરની જેમ કરોડો મનુષ્યો દ્વારા પોષિત બની ઘમંડી બની ગયા છે. મોટું આશ્ચર્ય તો એ છે કે પ્રભુએ ગુણોને માન આપ્યું છે તે નવાઈ નથી, પરંતુ લોકોએ દુર્ગુણોને-દોષોને પાળ્યા-પોષ્યા છે. બધા દોષોને ખૂબ આદર-માન આપી હૃદયરૂપી મંદિરમાં સ્થાન આપ્યું છે. માનો કે મન, વચન, કાયા પર દોષોનું જ રાજ ચાલે છે તે જ નવાઈ છે. આમ કવિશ્રીએ અહીં અનુક્ત અલંકારનો પ્રયોગ કરીને જે નથી કહ્યું તે જ કહેવા માંગે છે, અર્થાત્ પરમાત્મા સર્વગુણ સંપન્ન થયા છે તે ખરેખર આશ્ચર્યજનક સાધના છે.

હકીકતમાં દુર્ગુણો કે દોષોમાં વ્યક્તિત્ત્વનો આરોપ મૂકીને આચાર્યશ્રીએ છાયાવાદની ઝલક દેખાડી છે અને દોષોને મૂર્તિમંત બનાવ્યા છે. જેમ કોઈ સેના અન્ય દેશની ભૂમિનું અધિગ્રહણ કરીને પોતાનો ઝંડો ફરકાવે, તે રીતે પરાભવ ન પામનારી દોષોની સેના પણ દરેક જગ્યાએ આત્મારૂપી ભૂમિનું અધિગ્રહણ કરી માલિક બની બેઠી છે. આત્માનો આ પ્રદેશ તેને એવો હાથ લાગી ગયો છે કે કાયમી બનાવી દીધો છે તેથી તેનું ઘમંડ પણ વધી ગયું છે. અહીં સ્તુતિકાર બેખૂબીથી પ્રભુની નિર્દોષતા આલેખવામાં સફળ રહ્યા છે. દોષોના અભિમાનના માધ્યમથી પ્રભુનું સર્વાંગ ગુણ સ્વરૂપનું વર્ણન કરી પ્રભુને દોષમુક્ત બતાવી જે રીતે મનુષ્યો દોષોનું સેવન કરે છે તે રીતે તેઓને સચેત પણ કર્યા છે.

કવિશ્રીએ પ્રસ્તુત શ્લોકના પ્રથમ પદમાં અશેષ અને નિરવકાશ બે વિશેષણોનો પ્રયોગ કર્યો છે. અશેષનો અર્થ છે કોઈ પણ દુર્ગુણનો અંશમાત્ર શેષ રહ્યો નથી. 'નિરવિકાશ'નો પણ તે જ અર્થ થાય છે. સ્તુતિકારે અહીં બંને વિશેષણમાં કાર્યકારણનો ભાવ દર્શાવ્યો છે. દુર્ગુણો અશેષ થઈ ગયા છે તે પ્રભુની દશ્યમાન સ્થિતિ છે. આ સ્થિતિ એટલી સ્વચ્છ અને નિર્મળ છે કે આગામી ભવિષ્યમાં દુર્ગુણોને પુનઃ આવવાનો અવકાશ રહેતો નથી. અશેષ શબ્દ અરિહંત દશાનો અને નિરવકાશ શબ્દ સિદ્ધ દશાનો બોધ કરાવે છે. અશેષ તે સાધના છે અને નિરવકાશ તે સિદ્ધિ છે. આમ બંને વિશેષણમાં સાધન-સાધ્યનો ધ્વનિ આલેખાયો છે.

અંતિમ પદમાં 'સ્વપ્નાન્તરેડપિ' અર્થાત્ દોષો સ્વપ્નમાં પણ પરવાહ કરતા નથી એવો ઉલ્લેખ કર્યો છે. તાત્વિક દષ્ટિએ કર્મવાદમાં સ્વપ્નને કોઈ સ્થાન મળ્યું નથી. માત્ર દર્શનાવરણીય કર્મના ઉદયમાં સ્વપ્નનો ઉલ્લેખ છે, પરંતુ તાત્ત્વિક દૃષ્ટિએ સ્વપ્ન એક સ્વતંત્ર સૂક્ષ્મ પ્રક્રિયા છે. સ્થૂલ ઈન્દ્રિયો જ્યારે સુષુપ્ત થઈ જાય, ત્યારે સૂક્ષ્મ ઈન્દ્રિયો જાગૃત બને છે. કોઈપણ સંસ્કારનું અવલંબન લઈ સ્થૂલ દ્રવ્યનો આધાર ન હોય તો પણ પોતાની લીલા શરૂ કરે છે. એક અંતરંગ સૃષ્ટિને જન્મ આપે છે. આ એક પ્રકારની સૂક્ષ્મ મનોવર્ગણા હોય છે અને તેના આધારે મહેલ રચાતા હોય એવી એક વિલક્ષણ ક્રિયાશીલતા છે. જેમ કે ઉપવાસી વ્યક્તિની આહારસંજ્ઞા પ્રબળ હોય તો સ્વપ્નમાં ભોજન કરાવે છે. અહીં કવિશ્રી કહેવા માંગે છે કે દોષોની લડાઈમાં દોષો માયાવી રૂપ લઈને સ્વપ્નમાં પણ ઉતરી આવે છે અને સાધકને પરાસ્ત કરે છે, પરંતુ દેવાધિદેવે એવી સંપૂર્ણ સાધના કરી છે કે સ્વયં જાગૃત હોય કે સ્વપ્ન હોય, કોઈ પણ અવસ્થામાં દોષો નજીક ફરકી શકતા નથી. મનુષ્યે પણ એવી જ સાધના કરવી જોઈએ કે દોષો સ્વપ્નમાં પણ માથું ઊંચું ન કરે.

પ્રસ્તુત શ્લોકમાં આચાર્યશ્રીએ આત્મગુણોની શાશ્વત સ્થિતિનું વર્ણન કરી સાધકને દોષાતીત અર્થાત્ વિષયાતીત એવા પરમાત્માના દર્શન કરવા માટે અવકાશ આપ્યો છે. જેમ કોઈ રમતવીર પોતાની રમતના ચરમબિંદુએ પહોંચે અને સિદ્ધિ હાંસલ કરે ત્યારે તેને એક પરમ સંતુષ્ટિ પ્રાપ્ત થાય છે, તેમ આ શ્લોકમાં સ્તુતિકારે પણ ઊંચા શિખર ઉપર પ્રભુનું સ્થાપન કર્યા પછી બધા આશ્ચર્ય શમી ગયાં છે અને કહે છે કે હવે પ્રભુના દિવ્ય સ્વરૂપ માટે કોઈ આશ્ચર્ય બાકી નથી રહ્યું અને ત્યારબાદ તેઓ શ્રી પ્રભુ-મહિમાના ક્ષેત્રમાં પ્રવેશ કરવા આગળ વધે છે....

**ઋદ્ધિ : ॐ ह्रीं अर्हंणमो तत्त - तवाणं।**

**મન્ત્ર : ॐ नमो चक्रेश्वरी देवी चक्रधारिणी चक्रेण अनुकूलं साधय-साधाय शत्रून् अन्मूलय अन्मूलय स्वाहा! नमो भगवते सर्वार्थ सिद्धार्थ सिद्धाय सुखाय ह्रीं श्री नमः।**

**વિધિ વિધાન :** પવિત્ર થઈ કાળા વસ્ત્ર પહેરવા રક્ત

ચંદનથી યંત્ર લખી સ્થાપિત કરવું. યંત્રની પૂજા કરવી. ત્યારબાદ એકવીસ દિવસ સુધી પ્રતિદિન કાળા રંગની માળાથી એકસો આઠ વાર ૨૭મી ગાથા, ઋદ્ધિ, મંત્રનો જાપ કરવો. નમક વગરનું એક ટાઈમ ભોજન કરવું.

**ફલાગમ :-** યંત્રને પાસે રાખવાથી તેમ જ ઋદ્ધિ મંત્રનું વારંવાર સ્મરણ કરવાથી શત્રુ મંત્ર આરાધનામાં નુકશાન કરી શકતો નથી, તે પરાજિત બની જાય છે.

શ્રી ભક્તામર-સ્તોત્રની સત્તાવીસમી ગાથાનું સ્મરણ કરવાથી શું લાભ પ્રાપ્ત થાય છે, તે દર્શાવતી એક પ્રાચીન કથા....

## રાજા હરિચન્દ્રની કથા

કોઈ એક સમયે ગોદાવરી નદીના કિનારે ચન્દ્રકાંતપુર નામનું એક નગર વસ્યું હતું. ત્યાં રાજા હરિચંદ્ર રાજ્ય કરતા હતા. તેમને સ્વરૂપવાન, ચંદ્રવદની ચંદ્રમતી નામે એક રાણી હતી. બન્ને વચ્ચે એવો ગાઢ સ્નેહ હતો કે જાણે રામ-સીતાની જોડી! પરંતુ તેઓ બન્નેને એક જ વાતનું દુઃખ હતું કે તેમને કોઈ સંતાન ન હતું. સંતાનના અભાવમાં તેઓ હંમેશા ઉદાસ રહેતાં હતાં. તેઓએ સંતાન પ્રાપ્તિ માટે અનેક પ્રયત્નો કર્યા, પરંતુ કોઈ લાભ થયો નહિ.

રાણી ચંદ્રમતીને પુત્રના અભાવમાં મહેલમાં પણ સૂનું સૂનું લાગતું હતું. એક દિવસ તેનાથી આ દુઃખ સહન થયું નહિ અને તેણે રાજા હરિચંદ્રને પોતાના મનની ચિંતા જણાવી. રાજાથી પણ રાણીની આ ચિંતા સહેવાતી ન હતી. તેઓ પણ આ વાતથી દુઃખી રહેવા લાગ્યા. જેમ પાણી વિના કમળ મુરઝાવા લાગે તેમ રાજા પણ દિવસે દિવસે ચિંતાથી સુકાવા લાગ્યા. ચિંતાગ્રસ્ત રાજાનું મન હવે ક્યાંય આનંદિત બનતું ન હતું.

એક દિવસ રાજા હરિચંદ્ર રાજસભામાં પોતાના મંત્રીવર્ગ સાથે બેઠા હતા ત્યારે રાજાને આવા ઉદાસિન જોઈને એક મંત્રીથી રહેવાયું નહિ અને પૂછ્યું, હે રાજન! ચંદ્રકાન્તપુર જેવા વિશાળ નગરના આપ રાજા છો, જેને ફરતે મજબૂત ગઢ છે, જેથી દુશ્મન રાજ્ય તરફથી પણ કોઈ ભય નથી. આપના રાજ ભંડારમાં અપાર ધન-સંપત્તિ છે, વિશાળ સેના, ચતુર સુભટો, મંત્રીઓ, નગરશેઠ વગેરેથી આપની રાજસભા શોભી રહી છે. એટલું જ નહિ, સુલક્ષણા સ્વરૂપવાન જેવા રાણીથી અંતઃપુર શોભી રહ્યું છે. આ બધું જ હોવા છતાં આપ ઉદાસ કેમ છો? આપને કઈ ચિંતા સતાવે છે?

મંત્રીશ્વરના આ કથનો સાંભળી રાજાએ જવાબ આપ્યો, હે મંત્રી! તમારી વાત સાચી છે. તમે મારી ચિંતાથી દિલગીર થયા છો, તો હું આપને મારા મનની ચિંતા જણાવું છું કે, પુત્ર વિના ઘર સૂનું સૂનું લાગે છે, આ વાતે જ અમે ઉદાસ છીએ.''

ત્યારે મંત્રીએ કહ્યું, હે રાજન્ ! મારી વિનંતી છે કે, આપ હવે ચિંતા છોડી દો. એનો ઈલાજ હું કરીશ. તમારી મનોકામના અવશ્ય પૂરી થશે. આટલું કહી મંત્રી ઘરે આવીને કુશના આસન પર બેસી પિશાચિનીનું સ્મરણ કરવા લાગ્યા. થોડી જ વારમાં પિશાચિની પ્રગટ થઈ ને આરાધનાનું કારણ પૂછયું. મંત્રીએ કહ્યું, હે દેવીમાતા! રાજાના ઘરે સંતાન થાય એવો કોઈ ઉપાય બતાવો જેથી રાજાનું દુઃખ દૂર થાય. ત્યારે દેવીએ કહ્યું, શ્રુતકીર્તિ નામના સંયમી મુનિવર જો કોઈ એવો ઉપદેશ આપે તો રાજાને ત્યાં પુત્રજન્મ થઈ શકે. આ સાંભળી મંત્રી ખૂબ જ ખુશ થયા. રાજા પાસે આવીને પિશાચિની સંબંધી બધો વૃતાન્ત કહી સંભળાવ્યો.

ત્યારબાદ મંત્રી રાજા અને રાણીને લઈને મુનિવર પાસે ગયા. મુનિવરને વંદન-નમસ્કાર કરી, રાજાને જે ઈચ્છા હતી તે જણાવી. તેમણે રાજાને ભક્તામર સ્તોત્રનું રહસ્ય તથા એનો પ્રભાવ બતાવતાં સત્તાવીસમી ગાથાનું ઉચ્ચારણ કરી એના મહત્ત્વનું પ્રતિપાદન કર્યું. રાજાને મુનિવર પર શ્રદ્ધા થતાં તેમણે મુનિરાજ પાસેથી ૨૭મી ગાથા વિધિસર શીખી લીધી. મુનિરાજની આજ્ઞા લઈ તેઓ ઘરે આવ્યા અને રાજાએ શુધ્ધ મને, ભાવપૂર્વક વિધિસર ૨૭મી ગાથાનું આરાધન કર્યું, જેનાથી શાસનદેવી પ્રગટ થઈ અને કહેવા લાગી, હે વત્સ! માંગ, માંગ ! તારી જે ઈચ્છા હશે તે હું પૂરી કરીશ, જે વરદાન માગીશ તે આપીશ, એમાં કોઈ શંકા કરતો નહીં.

રાજા બોલ્યા, હે માતા ! એક પુત્રપ્રાપ્તિની જ ઈચ્છા છે, તે માટે જ તમારું સ્મરણ કર્યું છે. તમારી કૃપાથી મારી ઈચ્છા જરૂર ફળશે. શાસનદેવીએ પણ પ્રસન્ન થઈ રાજાને પુત્રપ્રાપ્તિના આશીર્વાદ આપ્યા. બરાબર નવ મહિના બાદ રાજાને ત્યાં પ્રતાપી, કાન્તિવાન પુત્રરત્ન ઉત્પન્ન થયો, જેના કારણે રાજા-રાણી ખૂબ જ હર્ષિત બન્યાં. સર્વ નગરજનોએ પણ પુત્ર જન્મોત્સવ ઉજવ્યો, એટલું જ નહિ, રાજા-રાણી જૈન ધર્મ અપનાવી વ્રતધારી બન્યાં.

ધર્મના આચરણથી મોક્ષફળની પ્રાપ્તિ થાય છે, તો પુત્રરત્નથી પ્રાપ્તિ થવી એ તો મામૂલી ઘટના કહેવાય....

અસ્તુ.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 98928 28196

## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને પ્રાપ્ત થયેલ અનુદાનની યાદી

### કિશોર ટિમ્બડીયા કેળવણી ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૦,૦૦૦ | શ્રીમતિ પ્રવિણા અશ્વિનભાઈ મહેતા |
| ૫૦૧ | શ્રી રજનીકાન્તભાઈ ચીમનલાલ ગાંધી તરફથી ૭૫મા જન્મદિન નિમિત્તે ભેટ |
| કુલ રૂા. ૨૦,૫૦૧ | |

### જમનાદાસ હાથીભાઈ મહેતા અનાજ રાહત ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૨૦,૦૦૦ | શ્રીમતિ પ્રવિણા અશ્વિનભાઈ મહેતા |
| ૫૦૧ | શ્રી રજનિકાન્તભાઈ ચીમનલાલ ગાંધી તરફથી ૭૫મા જન્મદિન નિમિત્તે ભેટ |
| કુલ રૂા. ૨૦,૫૦૧ | |

### પુસ્તક વેચાણ

| રૂપિયા | નામ |
|---|---|
| ૧૫,૦૦૦ | શ્રી નીતિનભાઈ સોનાવાલા |
| ૫,૦૦૦ | શ્રી ભરતભાઈ કાન્તિલાલ પારેખ |
| કુલ રૂા. ૨૦,૦૦૦ | |

### પ્રબુધ્ધ જીવન નિધિ ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૧૧,૦૦૦ | શ્રી મહેન્દ્રભાઈ યુ. શાહ |
| કુલ રૂા. ૧૧,૦૦૦ | |

# વિશાળહૃદય બાપુ

પૂ. બાપુની પ્રકૃતિની એક ખાસિયત હતી કે તેઓ પોતાના વિચારમાં દઢ હોવા છતાં સામી વ્યક્તિ એને અનુસરે જ એવો ચુસ્ત આગ્રહ રાખતા નહોતા. કાકાસાહેબ કાલેલકરના મોટા પુત્ર સતીશભાઈનાં લગ્ન ચંદનબહેન પારેખ સાથે થવાનાં હતાં. સતીશભાઈ વિદેશથી પાછા ફર્યા હતા. માર્ચ ૧૯૪૦માં મુંબઈમાં સિવિલ મૅરેજથી બંનેએ જોડાવાનું નક્કી કર્યું. બાપુ અને કાકાસાહેબ સાથે વાત થઈ. તેઓ ધાર્મિક વિધિમાં માનતા હતા.

બંને પક્ષ મક્કમ હતા. સતીશભાઈએ વચલો માર્ગ કાઢ્યો કે તેઓ સેવાગ્રામમાં સિવિલ મૅરેજ કરશે. બાપુએ તરત કહ્યું કે, પોતે એમાં હાજર નહીં રહે. સતીશભાઈ બોલી ઊઠ્યા, 'તો પછી મુંબઈમાં પરણવાનો મારો નિર્ણય હું બદલી નહિ શકું.'

હવે બાપુની પ્રતિક્રિયા કઈ હોઈ શકે? નારાજગી, માઠું લાગવું, ક્રોધ ? નહિ, આમાંનું કંઈ જ નહિ. એમણે શાંતિથી હસીને કહ્યું 'જરૂર'. સતીશભાઈની દઢતા એમને સ્પર્શી ગઈ હતી. આવા ઉદાર હૃદયવાળા હતા બાપુ. દરેકને વિચારકવાતંત્ર્ય છે એમ તેઓ માનતા. રામગઢથી બાપુએ દંપતીને પ્રેમભર્યા આશીર્વાદનો તાર કર્યો હતો. કાકાસાહેબ લગ્નમાં હાજર રહી શકત, પણ બાપુ સાથે તેઓ રામગઢ હતા. તેઓએ પણ તાર કર્યો હતો.

❖ ❖ ❖ ❖

**શાંતિલાલ ગઢિયા**

# જ્ઞાન-સંવાદ - ૪

## ડૉ. પાર્વતીબેન નેણશી ખીરાણી

ગયા અંકમાં સંઘયણનું સ્વરૂપ જાણ્યું. હવે અહીં સંસ્થાન વિશે જાણીશું.

**સંસ્થાન** - પ્રાપ્ત શરીરના આકારનું વર્ણન.

જેમ હોટલમાં રૂમ્સ જોઈએ, એનો એરિયા જોઈએ, એની મજબૂતાઈ જોઈએ, પછી એના દેખાવ પર પણ ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ એમ આપણે અહીં શરીરરૂપી રૂમ્સનો અવગાહનારૂપ એરિયા અને સંઘયણરૂપ મજબૂતાઈ જોઈ. હવે એના દેખાવ-આકારરૂપ સંસ્થાન કેવા પ્રકારનું હોય એ જોઈશું.

શરીરની શુભાશુભ આકૃતિ, શરીરના અંગ-પ્રતિઅંગોના માપનું વર્ણન જેમાં કરવામાં આવ્યું છે તેને સામુદ્રિકશાસ્ત્ર કહેવાય છે. તે સામુદ્રિકશાસ્ત્રને આધારે શરીરના અંગ-ઉપાંગોની રચના હોય તો તે શરીરનો આકાર શુભ કહેવાય અને તેના માપથી વિપરીત માપવાળાં અંગો હોય તો તે આકાર અશુભ કહેવાય છે, તેથી સંસ્થાન એટલે શરીરનાં અંગ-ઉપાંગોની રચના.

**સંસારી જીવોના શરીરના સંસ્થાન છ પ્રકારના છે.**

(૧) **સમચતુરસ્ત્ર કે સમચૌરસ સંસ્થાન** - તે પગથી માથા સુધી શોભાયમાન હોય, પલાંઠી વાળી બેસતા ચારે બાજુ એકસરખી આકૃતિ થાય. શરીરના સઘળા અવયવો સામુદ્રિકશાસ્ત્રમાં કહ્યા મુજબના પ્રમાણયુક્ત હોય અથવા પર્યંકાસને બેઠેલા પુરુષના બે ઢીંચણનું અંતર, ડાબા ખભા અને જમણા ઢીંચણનું અંતર, જમણા ખભા અને ડાબા ઢીંચણનું અંતર, લલાટ અને આસનનું અંતર - એમ આ ચારે ખૂણા જેના સરખા હોય, સમ=સરખા છે. ચતુર=ચારે, અસ્ત્ર=ખૂણા જેના તે સંસ્થાન સમચતુરંસ્ર સંસ્થાન કહેવાય છે.

અથવા ઉપર, નીચે અને મધ્યમાં કુશળ શિલ્પીઓ દ્વારા બનાવવામાં આવેલા સમચક્રની જેમ ચારે બાજુથી સમાનરૂપથી શરીરના અવયવોની રચના થવી તેને સમચતુરંસ્ર સંસ્થાન કહે છે તેમ જ પોતાના અંગુલ પ્રમાણે માપતા ૧૦૮ અંગુલ પ્રમાણે શરીર ભરાય તે સમચોરસ સંઠાણ છે.

(૨) **ન્યગ્રોધ પરિમંડળ સંસ્થાન** - નિગોહ પરિમંડળ. ન્યગ્રોધ એટલે વડલાનું વૃક્ષ. પરિમંડળ - તેના જેવો આકાર વિશેષ. જેમ વડનું વૃક્ષ ઉપરના ભાગે સુંદર શાખા પ્રશાખા-પાંદડા અને ફળવાળું હોય છે અને નીચેના ભાગમાં લાંબી લાંબી વડવાઈઓ લટકતી હોવાથી તેવા પ્રકારની શોભાવાળું નથી હોતું. તેવી રીતે પ્રાણીઓના શરીરનો નાભિથી ઉપરનો અર્ધભાગ સુંદર હોય, પ્રમાણયુક્ત હોય અને નાભિથી નીચેના અર્ધભાગ તેવો શોભાવાળો ન હોય પરંતુ લક્ષણો અને પ્રમાણો વિનાનો હોય. એટલે કે જે શરીર નીચે સૂક્ષ્મ અને ઉપર વિશાળ હોય તેને નિગોહ કે ન્યગ્રોધ પરિમંડળ કહે છે.

ટૂંકમાં જે શરીરના નાભિથી ઉપરના અવયવો અંગશાસ્ત્રના નિયમ પ્રમાણે પ્રમાણસર હોય અને નાભિથી નીચેના સાથળ વગેરે અવયવો હીનાધિક પ્રમાણવાળા હોય તેનું નામ ન્યગ્રોધ પરિમંડળ સંસ્થાન છે.

(૩) **સાદિ સંસ્થાન** - સાચી કે સ્વાતિ સંસ્થાન. શરીરમાં નાભિથી ઉપરનો ભાગ લક્ષણ અને પ્રમાણ વિનાનો હોય અને નીચેનો ભાગ લક્ષણોથી અને પ્રમાણોથી યુક્ત હોય તે સાદિ સંસ્થાન, આદિ ભાગ એટલે નીચેનો ભાગ. તે પ્રમાણયુક્ત હોવાથી તે ભાગ સહિત જે સંસ્થાન તેને સ+આદિ=સાદિ સંસ્થાન કહેવાય, અથવા સાચી એટલે શાલ્મલી કે સ્વાતિવૃક્ષ જેમ નીચેથી શોભાવાળું હોય છે અને ઉપરના ભાગમાં તેવું શોભાવાળું હોતું નથી તેની જેમ જે શરીરમાં ઉપરનો ભાગ પ્રમાણશૂન્ય અને નીચેનો ભાગ પ્રમાણયુક્ત હોય તે સાચી કે સ્વાતિ સંસ્થાન.

(૪) **કુબ્જ સંસ્થાન** - શરીરનાં મુખ્ય ચાર અંગો - મસ્તક, ગ્રીવા, હાથ અને પગ. સામૂદ્રિક શાસ્ત્રમાં કહેલ લક્ષણો અને પ્રમાણોથી યુક્ત હોય અને બાકીના ઉર-ઉદર-પીઠ ઈત્યાદિ શેષ અંગો લક્ષણહીન હોય તે કુબ્જ સંસ્થાન કહેવાય. કુબડા શરીરને કુબ્જ શરીર કહે છે. જે કર્મના ઉદયથી શાખાઓની દીર્ઘતા અને મધ્યભાગની હ્રસ્વતા હોય તેને કુબ્જ શરીર કહે છે, અથવા પીઠ પર ઘણાં પુદ્‌ગલનો પિંડ થઈ જાય, ખૂંધ નીકળેલ હોય તેને કુબ્જ સંસ્થાન કહે છે.

(૫) **વામન સંસ્થાન** - મસ્તક, ગ્રીવા, હાથ અને પગ આ ચાર જેમાં લક્ષણહીન હોય, શેષ ઉર-ઉદર પીઠ ઈત્યાદિ અવયવો પ્રમાણયુક્ત હોય તેને વામન સંસ્થાન કહે છે. વામન એટલે વામણું કે ઠીંગણું. બધાં અંગોને નાના બનાવવામાં કારણભૂત વામન સંસ્થાન હોય છે. જેના ઉદયથી શાખાઓને હ્રસ્વતા અને શરીરને દીર્ઘતા પ્રાપ્ત થાય તે વામન સંસ્થાન છે.

(૬) **હુંડ સંસ્થાન** - જેમાં શરીરનાં સર્વ અંગ - પ્રત્યંગો લક્ષણહીન હોય, બેડોળ હોય, સર્વ અવયવ અશુભ હોય તે રૂઢમૂઢ મૃગાપુત્ર લોઢિયાની જેમ જેના દરેક અંગોપાંગ પ્રમાણહીન હોય, અર્થાત્ સમાનતા રહિત અનેક આકારવાળા પથ્થરોથી ભરેલી મશક સમાન બધી બાજુથી વિષમ આકારને હુંડ કહેવાય, એના જેવું જેનું સંસ્થાન હોય તેને હુંડ સંસ્થાન કહેવાય છે. જે કર્મના ઉદયથી પૂર્વોક્ત પાંચ સંસ્થાનથી વ્યક્તિરિક્ત ૩૧ ભેદ ભિન્ન અન્ય સંસ્થાન ઉત્પન્ન થાય છે એ શરીર હુંડ સંસ્થાનવાળું કહેવાય છે.

હુંડ એટલે કોઈ નિશ્ચિત આકાર નહીં, વિવિધ આકારોવાળુ સંસ્થાન.

દંડકમાં સંસ્થાનની વિચારણા–નારકીમાં હુંડ સંસ્થાન હોય. દેવમાં તથા જુગલિયાઓમાં સમચોરસ સંસ્થાન હોય છે. પાંચ સ્થાવર, ત્રણ વિક્લેન્દ્રિય, અસંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિય અને સંમુચ્છિમ મનુષ્યમાં હુંડ સંસ્થાન હોય છે. સંજ્ઞી તિર્યંચ પંચેંદ્રિય અને કર્મભૂમિના સંજ્ઞી મનુષ્યોમાં છએ છ સંસ્થાન હોય છે. પાંચ સ્થાવરમાં હુંડ સંસ્થાન હોય છે જે નિશ્ચિત આકારવાળા નથી હોતા. પૃથ્વીકાયના જીવોના શરીરના આકાર મસુરની દાળ જેવો. અપકાયમાં પરપોટાના આકારે, અગ્નિકાયમાં સોયની ભારીનો આકાર, વાયુકાયમાં ધ્વજા–પતાકા જેવું. પ્રત્યેક વનસ્પતિકાયના જુદા જુદા અનેક આકારના સંસ્થાનો છે, એમાં કેટલાક પ્રકારોમાં ઘણાં જીવોના શરીર ભેગા થઈને પણ આકાર બન્યો હોય છે. જેમ કે તલસાંકળીમાં ઘણાં તલ ભેગા થઈને ચોરસ વગેરે આકારો થાય છે એમ વિવિધ આકાર હોય છે. વનસ્પતિકાય સિવાય બાકીના ચારના એક જીવનું શરીર કે સંસ્થાન જોઈ શકાતું નથી. ક્યારેક પ્રત્યેક વનસ્પતિના પણ એક જીવનું શરીર જોઈ શકાતું નથી. વાયુકાય વૈક્રિય શરીર રચે તો પણ ધ્વજાના આકારે જ રચે છે.

**સંસ્થાની વિચારણા શા માટે?**

આજે બ્યૂટી પાર્લરના યુગમાં જાતજાતની સૌંદર્ય સ્પર્ધાઓ (બ્યૂટી કૉન્ટેસ્ટો) યોજાય છે. મિસ યુનિવર્સ, મિસવર્લ્ડ વગેરે તેમ જ યુવાનો માટે પણ મિસ્ટર વર્લ્ડ જેવી અનેક સ્પર્ધાઓ યોજાય છે. ત્યારે ખ્યાલ આવે છે કે આ રૂપસુંદરીઓને આવી સુંદર દેહયષ્ટિ મળી છે તે કયા કારણોથી મળી છે. આમાં સંસ્થાન નામકર્મનું યોગદાન છે. એ સંસ્થાન નામકર્મમાં પણ સમચતુરંસ્ર સંસ્થાન એ પુણ્ય તત્ત્વની દેન છે. શુભ નામકર્મમાં એનો સમાવેશ થાય છે. આ શુભકર્મનો બંધ ચાર કારણે થાય છે.

(૧) **કાયજુયાએ–** કાયાના યોગ સારા પ્રવર્તાવે, કાયાથી કોઈને દુઃખ ન આપો.

(૨) **ભાસજુયાએ** – ભાષાની સરળતાથી એટલે કે વચનના યોગ સારા પ્રવર્તાવવાથી કોઈને દુઃખ થાય એવું ન બોલવાથી. સારા વચનો બોલવા, પ્રોત્સાહન આપવું વગેરે.

(૩) **ભાવજુયાએ** – મનના યોગ સારા પ્રવર્તાવવાથી, કોઈના માટે સારું ચિંતન કરવું. મનથી સારું ઈચ્છવું વગેરે.

(૪) **અવિસંવાયણ જોગેણ** – અકલેશકારી પ્રવર્તન, ખોટા, ઝઘડા, વિવાદ, મત્સર આદિ ન કરવાથી જેના ફળસ્વરૂપે સમચતુરંસ્ર સંસ્થાન મળે છે.

એવી જ રીતે મન, વચન, કાયાના યોગ અશુભ (ખરાબ) પ્રવર્તાવવાથી અને કલેશકારી પ્રવર્તન કરવાથી અશુભ નામકર્મનો બંધ થાય છે, જેના ફળસ્વરૂપે બાકીના પાંચ સંસ્થાનની પ્રાપ્તિ થાય છે.

આપણને આવી સુંદર દેહ્યષ્ટિ મળી કે ન મળી એનું કારણ પણ આમાંથી જાણવા મળે છે. તેને કારણે ચિંતન કરવાનું છે કે મેં પૂર્વે શુભ નામકર્મના દળિયા ભેગા ન કર્યા હોય તો રૂપ ન મળે અને ભેગા કર્યા હોય તો રૂપ મળે અને જો આપણને સારું રૂપ મળ્યું હોય તો હવે એમાં રાગ વગેરે કરીને એમાં લપટાવું નથી. કારણ કે રૂપ સારું કે ખરાબ મળી શકે, પણ રાગ–દ્વેષથી પર થતા જઈશું તો જ આત્માનું સાચું રૂપ પ્રાપ્ત થશે જેથી અરૂપીપણાને પ્રાપ્ત કરી શકીશું.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 9821050527

# સર્જન સ્વાગત

## સંધ્યા શાહ



**પુસ્તકનું નામ : નક્ષત્ર મીમાંસા**
**મુનિ કૃપાબોધિવિજયજી**
**પ્રકાશક : જૈનમ પરિવાર,**
**૨૨, નરોડા પાર્ક,**
**સિનેપ્રાઈડની ગલીમાં,**
**કૃષ્ણનગર, નરોડા રોડ,**
**અમદાવાદ–૩૮૨૩૪૬.**

સૂર્ય, ચંદ્ર, ગ્રહો અને નક્ષત્રોનું ખગોળીય ઘટનામાં ખૂબ મહત્ત્વનું યોગદાન છે. જ્યોતિષશાસ્ત્રનું જ્ઞાન પણ નક્ષત્રના જ્ઞાન વિના અધૂરું છે. આરાધના માટે પણ નક્ષત્રનું ગણિત ખૂબ જરૂરી છે. આગમોમાં સંચિત આ જ્ઞાનની ‘સૂર્ય પ્રજ્ઞપ્તિ’, ‘મંડલ પ્રકાશ ક્ષેત્ર’, ‘લોકપ્રકાશ’ વિગેરે ગ્રંથોમાં વિશદ ચર્ચા કરવામાં આવી છે. મુનિશ્રી કૃપાબોધિવિજયજીએ આ ગ્રંથોમાં સારતત્ત્વનું અધ્યયન કરીને તેના આધારે કાળ પરિવર્તનના સ્વરૂપ અને દર્શનની ઓળખ કરાવવાનો પ્રયત્ન કર્યો છે. મુનિશ્રીએ જ્યોતિષના વિવિધ ભેદો, સૂર્ય, ચંદ્ર, ગ્રહ, નક્ષત્ર, તારાના વિમાનોની ગતિ, તેમના પરસ્પરના યોગો, અયનો અને મંડળો સર્વે પાસાઓની પ્રસ્તુત ગ્રંથમાં આકૃતિ સહિત છણાવટ કરી છે.

❖ ❖ ❖ ❖

**પુસ્તકનું નામ : (૧) મયણા શ્રીપાળ (૨) વજસ્વામી**
**આ. વિ. રાજશેખરસૂરિ**







**પ્રકાશક : ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય,**
**રતનપોળના નાકા સામે,**
**ગાંધીમાર્ગ, અમદાવાદ-૩૮૦૦૦૧**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૨૦**
**પૃષ્ઠ : ૮૪ ***
**કિંમત રૂા. ૮૦/- (પ્રત્યેકના)**

જૈન સાહિત્યની કિંમત ચરિત્રકથાઓ નવા સ્વરૂપે, આગવી શૈલીથી નવી પેઢી સુધી પહોંચાડવાનો ઉપક્રમ આ. વિ. રાજશેખરસૂરિએ હાથ ધર્યા છે. પ્રવાહી શૈલીમાં રસળતી આ વાર્તાના પ્રસંગો વાચકોની ઉત્કંઠા તો જાળવે જ છે, કિંતુ સાથે સાથે જૈનત્વની, શ્રાવકને અને શ્રાવિકાની તેમજ સાધુ-સંતોની સમાચરી આલેખે છે.

નવી પેઢી જે ઉત્સુકતાથી રામાયણ, મહાભારત કે પંચતંત્રની વાર્તાઓ વાંચે તેવી જ રીતે આ નાનકડી, સુંદર રંગીન આવરણ ધરાવતી જૈન ધર્મની કથાઓ વાંચે તો પોતાનું જીવન પણ ઉજ્જવળ બનાવી શકે.

કર્મમાં અટલ શ્રદ્ધાના ઉજળા ઉદાહરણ મયણા અને શ્રીપાળ તો જ્ઞાન, તપ અને સાધનામય સંયમ જીવનના ઉપાસક એવા વજસ્વામીના જીવનનું આલેખન એમના પવિત્ર જીવનનો સંસ્પર્શ કરાવે છે.

ચારિત્ર્ય રત્નોના જીવનની આ શૃંખલા પ.પૂ. મુનિ આ.વિ. રાજશેખરસૂરિની રસાળ શૈલીએ આલેખાતી રહે અને બાળકો જૈન સંસ્કારની વિરાસતથી કલ્યામાર્ગી બને એવી ઝંખના.

❖ ❖ ❖ ❖

**પુસ્તકનું નામ :સંવેગ રંગશાલા**
**સંકલન : પ.પૂ. આ.**
**શ્રી વિજયસંયમબોધિસૂરિજી**
**પ્રકાશક : જૈનમ-પરિવાર,**
**૨૨, નરોડા પાર્ક,**
**કૃષ્ણનગર, નરોડા રોડ,**
**અમદાવાદ-૩૮૨૩૪૬.**
**પ્રથમ આવૃત્તિ : ૨૦૧૯**
**પૃષ્ઠ : ૧૬૮**
**મૂલ્ય : રૂા. ૨૦૦/-**




પ્રભુ મહાવીરે પ્રરૂપેલા અર્થગંભીર શ્રુતજ્ઞાનને સરળ બનાવી જનસમુદાય સુધી પહોંચાડવાનો આયામ અનેક મહાન સંતોએ કર્યો છે. પૂજ્ય આચાર્યશ્રી જિનચંદ્રસૂરિશ્વરીજીએ રચેલા મહાગ્રંથ 'સંવેગ રંગશાલા'ના સારતત્ત્વને પ્રસ્તુત ગ્રંથમાં સંકલિત કરવામાં આવ્યું છે. જિન શાસનનું આ ઉત્તમ જ્ઞાન કેવળ શાસ્ત્રોમાં ન રહે પણ જીવનધારામાં વણાઈ જાય તે માટે આ મહાગ્રંથના સારને ટૂંકનોધ રૂપે અહીં પ્રસ્તુત કરવામાં આવ્યો છે.

જીવનને વિશુદ્ધ અને નિર્મળ બનાવવા કાજે શ્રાવક અને સાધુના આચાર, તપ, આલોચના, પંચમહાવ્રતની રક્ષા, આચાર્યના ગુણોની સાથે જૈન શાસનને જ્વલંત કરનારા રાજા-રાણી-શ્રાવક ને શ્રાવિકાના ઉત્તમ દૃષ્ટાંતો અહીં સમાવિષ્ટ કરવામાં આવ્યા છે. આચાર, વૈરાગ્ય અને ભાવના ત્રણેયને સંકલિત કરી મોક્ષમાર્ગ દર્શાવતો આ ગ્રંથ સારસંગ્રહ શ્રેણીનું પ્રથમ સોપાન છે.

❖ ❖ ❖ ❖

સંપર્ક : 9324680809

---

## દુર્લભ માનવદેહ

**હિંદી : શૈલેશ કાપડીઆ**

**ગુજરાતી : પુષ્પા પરીખ**

માનવદેહ મળવો અતિદુર્લભ છે એવું તો દેવો પણ માને છે. તુલસીદાસજીએ પણ કહ્યું છે -

*''ઘણા સદ્‌ભાગ્યે મનુષ્ય દેહ મળ્યો છે*
*સુરદાસજી, આ દુર્લભ દેહને વડફી ન નાખતા.''*

આવો દેવ દુર્લભ માનવદેહ મળ્યો છે તો સંયમ ધારણ કરી નિર્વાણ પામવાનો પ્રયત્ન કરવો જોઈએ. મનુષ્યદેહ પામી કષાયો, છલ-કપટ તથા અસૂયા ભાવો ન છોડ્યા તો દુર્ગતિ જ પ્રાપ્ત થવાની. જે મનુષ્ય સંયમ પાળે છે તેનું જ જીવન સાર્થક થયેલું મનાય છે, સદ્‌ગુણોની વૃદ્ધિ કરે છે, તો મનુષ્યદેહ મળ્યા બાદ એમ જ વિચારવું જોઈએ કે કર્મોનો ક્ષય કરી નિર્વાણ પામવું છે. વ્યક્તિ ગુરુ પાસે જઈને ઉપદેશ માગે છે તો ગુરુ પણ એમ જ કહે છે, ''હે માનવ, જાગ અને સાવધાન થઈ જા. કારણ કે જીવનનો કોઈ ભરોસો નથી''. ગુરુજન ઉપદેશ આપી સાવધાન બનવા કહે છે. માટે ગુરુચરણોમાં જઈ માનવજીવનને સફળ બનાવવું જોઈએ.

# અતીતની બારીએથી.... પંડિત ડૉ. સાગરમલજી જૈન

**સંકલન અને પ્રસ્તુતકર્તા : બકુલ ગાંધી – સંપર્ક : ૯૮૧૯૩ ૭૨૯૦૮**


વિદ્યમાન આગમજ્ઞાતા પંડિત સ્વ. ડૉ. સાગરમલ જૈન (૨૯-૦૨-૧૯૩૨ - ૩૦-૧૧-૨૦૨૦) ૩૦-૧૧-૨૦૨૦ના સંથારાના પચ્ચખાણ સાથે દેહત્યાગ કર્યો. તેઓએ ૬૭ પુસ્તકો લખ્યા, ૧૬૦થી વધારે સંપાદિત કર્યા છે. તેમણે ૩૦૦થી વધુ સાધુ-સાધ્વીઓને ભણાવ્યા અને ૫૯ વિદ્યાર્થીઓને પીએચ.ડી. ડીગ્રી મેળવવામાં માર્ગદર્શન આપ્યું હતું. 'પ્રબુદ્ધ જીવન'માં તેમના લેખોની સૂચિ નીચે મુજબ છે. પોતાના લેખો ઉપરાંત, તેમણે અન્ય લેખકોને સાહિત્ય પ્રદાન કરીને પરોક્ષ રીતે ફાળો આપ્યો છે. વિગતવાર વાંચન માટે visit http://prabuddhjeevan.in

બકુલ ગાંધી : ૯૮૧૯૩૭૨૯૦૮

| | | | |
|---|---|---|---|
| ઑગસ્ટ - ૨૦૧૨ | ... | શ્વેતામ્બર માન્ય જૈન આગમનો રચનાકાળ | ડૉ. સાગરમલજી જૈન |
| જાન્યુઆરી - ૨૦૧૩ | ... | પ્રતિક્રમણ વ્યાખ્યાન સારાંશ | ડૉ. સાગરમલજી જૈન |
| મે - ૨૦૧૩ | ... | ધર્મ એક સંવત્સરી એક | ડૉ. સાગરમલજી જૈન |
| ઑક્ટોબર - ૨૦૧૪ | ... | જૈન ધર્મમેં તીર્થ કી અવધારણા | ડૉ. સાગરમલજી જૈન |
| ઑક્ટોબર - ૨૦૧૪ | ... | તીર્થયાત્રા | ડૉ. સાગરમલજી જૈન |
| ઑક્ટોબર - ૨૦૧૪ | ... | શંખેશ્વર તીર્થ કા ઈતિહાસ | ડૉ. સાગરમલજી જૈન |
| માર્ચ - ૨૦૧૫ | ... | અનેકાંતવાદ સિદ્ધાંત ઔર વ્યવહાર | ડૉ. સાગરમલજી જૈન |
| December 2017 | ... | Aparigrah in Jainism | Dr. Sagarmalji Jain |
| January - 2018 | ... | Jain Concept of Aparigrah | Dr. Sagarmalji Jain |

Audio Link for Paryushan Vyakhyan on "PRATKIRAMAN"
http:/trishlajainstavan.com/audio/Paryushan12Ice.13. MP3

ઑગસ્ટ ૨૦૧૨માં મુંબઈ જૈન યુવક સંઘ દ્વારા આયોજિત વ્યાખ્યાનમાળામાં ''પ્રતિક્રમણ'' વિષય ઉપરના તેમના વ્યાખ્યાનની લિંક ઉપર મુજબની છે. આ વ્યાખ્યાનનો સારાંશ 'પ્રબુદ્ધ જીવન'ના જાન્યુઆરી-૨૦૧૩ના અંકમાં ''આપણે ભૂલનો સ્વીકાર અને તેનું પુનરાવર્તન ન કરીએ તે પ્રતિક્રમણની સાર્થકતા'' પ્રકાશિત થયેલ છે.



To

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 - Postal Registration No. MCS/147/2019-21. WPP Licence No. MR / TECH / WPP - 36 / SOUTH / 2019 - 21 & Published on 16th of Every Month & Posted on 16th of ever month at Patrika Channel Sorting Office, Mumbai - 400 001.



# જો આ મારો અંતિમ પત્ર હોય તો...

**ડૉ. અસ્મિતા યાજ્ઞિક**

... તો એને ભૂર્જપત્ર પર કલ્પવૃક્ષની ડાળખીથી લખું !

તને અને સમગ્ર પ્રકૃત્તિને સંબોધીને આજ સુધીની અભિવ્યક્ત અનભિવ્યક્ત મારી સંનિહિત સ્મૃતિને આલેખું!

– તને યાદ છે ને મેં તને એક વાર થેમ્સને કાંઠેથી પત્ર લખ્યો હતો? – એનું તમસ સાથેનું અનુસંધાન ને આપણી તમસા ને પ્રભુના પ્રકાશમાં સમુદ્રનાં પાણી સાથે એનું મિલન ને એ બધું?...

ક્યારેક હસ્તનક્ષત્રનાં વાદળને, ક્યારેક ઝાંઝવાનું ગીત લખી દેવા કવિને, કદીક સ્વ-સંવેદનનું રક્ષણ કરી ઈતિહાસ રચી દેવા અદ્‌ભુત-સુંદર નારીને; તો કદીક ઉપનિષદના પંખી-રહસ્યથી અધિકા જીવન-રહસ્યને ઉકેલવા ઘરમાંથી અચાનક ઊડી ગયેલા પંખી-કોકેટિલને આ જીવનમાં ફરી આવી જવા સ્નેહભર્યો પત્ર લખ્યો છે.

હૃદયોર્મિથી કેટલાયે પત્રો લખ્યા !

ને આજે આ પત્ર લખું છું ત્યારે જો-તો ના સંયોજકો સાથે, વચ્ચે આવેલો 'અંતિમ' શબ્દ વિચાર-પ્રેરક બની જાય છે. જો કે, આ જિંદગી કેટલા બધા અંતિમોથી ઘડાતી જતી હોય છે! જિંદગીને તો જાણે કોઈ સામો છોર છે જ નહિ!

– તો ક્યાં વિસ્મયોને ઉતારું મારા શબ્દોમાં? કેટલાં જતન કરું આજે પણ પરમ આશ્ચર્યોનાં ?–

આશ્લેષોમાં ને વિશ્લેષોમાં સમત્વ ધારતા પ્રણયને દર્પણ ધરું ? પ્રિયના ભોળા સ્મિતમાં વસતી નિર્દોષતાને પંખીના ઉડ્ડયન-માર્ગે ચીતરું?

મારા માનવ-બંધુને આજે ફરીથી કહીશ કે તારો સ્નેહ મારા અંતરમાં પ્રભુપ્રેમની જેમ બિરાજે છે !

એક નવા સંવેદનનો સાક્ષાત્કાર થાય છે આજે !

દ્વિધા છતાંયે દ્વિધા નહિ; આનંદની અવસ્થિતિમાં નિઃશબ્દ થઈને શબ્દાંકન કરવું ! મા સરસ્વતી મારા અધ્યક્ષરને સ્વીકારે!

જો આ મારો અંતિમ પત્ર હોય, તો મારી અનુભૂતિઓને નિઃશેષ વ્યક્ત કરી દઉં... વસંતના પ્રભાતે મારી લાગણીઓને ખૂબ ઢંઢોળી છે, કેસૂડાં ને ગુલમહોરે આશાના નવા રંગ જીવનમાં ભર્યા છે; શિશિરોની શાશ્વતીમાં પાનખરનું ગીત ગાયું છે; પૃથ્વીની આકાશી આશા જેવી ઝરમરતી વર્ષાની સાંજોમાં આધ્યાત્મિક વિહ્‌વળતા અનુભવી છે! ને અનર્ગળ પ્રેમમાં બંધન અને મુક્તિનું વિગલન થાય છે – એ સત્ય પણ આત્મસાત્ કર્યું છે!

મારાં કાવ્યોમાં મેં શાશ્વત સમયની વીણેલી ક્ષણોને સ્મૃતિ અને આશાના દોરામાં પરોવી જીવનનાં સ્વપ્નો સાથે બાંધી લીધી છે – જીવનનાં દ્વન્દ્વોની વચ્ચેની ક્ષણોમાં તમે સમયને અહીં બાંધી શકો છો!

સ્વજનોના સ્નેહ-સંબંધની ઝાકળની ભીનાશ સમી અલૌકિકતાની અનુભૂતિથી મારા શબ્દોને સાર્થ કરી લઉં !

અધૂરી ઝંખનાની કેટલીક ક્ષણોને સમેટી લઉં...

વર્ષાધારા પર, પુષ્પો પર, વૃક્ષો પર પૃથ્વીના પ્રેમનું ગીત લખી દઉં... વિસ્મયની જ્યોતિને સંકોરી લઉં.... નવા સૂર્યના મંત્રો સાંભળું....

નાન્દી અને ભરતવાક્ય વિનાની સર્જનાત્મક્તાની ક્ષણે આપ સૌ પાસે માગી લઉં–

વહી જવા દો એક પ્રેમકવિતાને હૃદયમાંથી –<br>
(કદાચ યુદ્ધ નામશેષ થઈ જાય!)<br>
– પરમાત્માને ક્ષમા કરવા અને પ્રસન્ન થવા પ્રાર્થું<br>
**तत्क्षामय... प्रसादये...**<br>
અહીં હવે અર્ધવિરામ મૂકું છું;<br>
એક નવા કાવ્યની પંક્તિ સ્ફૂરે છે–<br>
'નિસ્તરંગી જલ ઉપર શબ્દો લખું,<br>
વૈખરીના મૌનને ઝીલી લઉં...'

સંપર્ક : 9892877706

Postal Authority : if Undelivered Return To Sender At : 926, Parekh Market, 39, J.S.S. Rd., Opera House, Mumbai - 400004.

Printed & Published by : Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh,
Printed at : Arihant Printing Press, Sai Baba Nagar, Behind Trikal Bldg., 310, Back to Bank of Maharashtra, Pant Nagar, Ghatkopar (E), Mumbai - 400 075. M. 9223430415

Editor : Dr. Sejal M. Shah

Temporary Add.: 926, Parekh Market, 39, J. S. S. Rd., Kennedy Bridge, Opera House, Mumbai - 400004.